દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 2 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 January 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૨ જાન્યુઆરી ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

મેટિની પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### નવા વર્ષની ઉજવણી માતમમાં ફેરવાઈ

# સ્વિસ આલ્પ્સના બારમાં આગ: ૪૦ મોત

## આતંકવાદી કૃત્ય હોવાનું તપાસકર્તાઓ નકારે છે

ક્રેન્સ-મોન્ટાના (સ્વિટ્ઝર્લેન્ડ): સ્વિસ આલ્પ્સના બારમાં નવા વર્ષની ઉજવણી વખતે આગ લાગતા ૪૦ લોકો માર્યા ગયાં હતાં અને અંદાજે ૧૦૦ જણ ઘાયલ થયાં હતાં.

લે કન્સ્ટેલેશન બાર ખાતે લાગેલી આગનો ચોક્કસ મરણાંક ગુરુવારે મોડે સુધી જાણવા નહોતો મળ્યો. અનેક લોકોની હાલત ગંભીર હોવાથી મરણાંકમાં થોડા થોડા સમયે વધારો થતો જાય છે.

વાલાઇસ કેન્ટનના એટર્ની જનરલ બીટ્રાઇસ પિલોડે શરૂઆતમાં જણાવ્યું હતું કે આગનું કારણ તાત્કાલિક જાણવા નહોતું મળ્યું. નિષ્ણાતો માટે શરૂઆતમાં કાટમાળ હટાવીને અંદર જવું પણ મુશ્કેલ હતું.જોકે આ ઘટના આતંકવાદી ઘટના હોવાનું

(જુઓ પાનું ૨) ▶▶

### આગનું કારણ આતશબાજીનું સાધન...

પોલીસે જણાવ્યું હતું કે બારમાંની આતશબાજીના સાધનને કારણે આગ લાગી હોવાનું મનાય છે. આતશબાજીનું સાધન નાઇટક્લબમાંથી મગાવાયેલી બાટલીઓ પર રખાયું હતું. તેને લીધે પ્રથમ આગ બારની છતમાં લાગી હતી અને ત્યાં હાજર લોકોમાં નાસભાગ થઇ હતી. લોકો બારમાંથી બહાર નીકળવા બેઝમેન્ટમાંના એક્ઝિટ રૂમ તરફ જવા ધક્કામુક્કી કરવા લાગ્યા હતા. બારમાં રાતે અંદાજે ૧.૩૦ વાગ્યે આગ લાગી હતી. મરનારા લોકોની ઓળખ કરવામાં પણ ભારે મુશ્કેલી પડી રહી છે. ■

**અગ્નિકાંડ:** સ્વિસ આલ્પ્સના એક બારમાં નવા વર્ષની ઉજવણી વખતે લાગેલી આગ બાદ બચાવ કામગીરી કરતા ઈમર્જન્સી વિભાગના કર્મચારીઓ.



## ૧૫ ઑગસ્ટ, ૨૦૨૭થી દોડશે બુલેટ ટ્રેન

નવી દિલ્હી: નવા વર્ષના પ્રથમ દિવસે બુલેટ ટ્રેનને લઈ મોટું અપડેટ આવ્યું હતું. કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે એક કાર્યક્રમમાં બુલેટ ટ્રેન દોડવાની જાહેરાત કરી હતી. દેશની પ્રથમ બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭નાં રોજ સુરતથી વાપી વચ્ચે દોડશે.

આ પ્રોજેક્ટથી ભારતમાં રેલવે સર્વિસ વિશ્વ સ્તરે પહોંચી જશે. રેલવે હાલ ટ્રેનોને હાઈટેક બનાવવામાં લાગી છે તેવા સમયે જે આ જાહેરાત થઈ છે.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ જણાવે કહ્યું, બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ દોડશે. સૌથી પહેલા સુરતથી બીલીમોરા વચ્ચેનો સેક્શન શરૂ કરવામાં આવશે. ત્યારબાદ, વાપીથી સુરતનો રૂટ ખુલશે. આ પછી વાપીથી અમદાવાદનો રૂટ શરૂ થશે, ત્યારબાદ થાણેથી અમદાવાદ અને છેલ્લે મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડતી થશે.

ભારતની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડશે, જેના માટેના કોરિડોરનું બાંધકામ પુરજોશમાં ચાલી રહ્યું છે. થોડા સમય પહેલા ગુજરાત સરકારે મહત્વની જાહેરાત કરી છે, બુલેટ ટ્રેન કોરિડોરના સ્ટેશનોની આસપાસના વિસ્તારના વિકાસ માટે એક અલગ ઓથોરિટીની રચના કરવામાં

(જુઓ પાનું ૨) ▶▶

## ગુવાહાટી-કોલકાતા વચ્ચે પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન દોડશે

### વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ ટ્રેનને લીલી ઝંડી દેખાડશે

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા પણ ચૂંટણી પહેલાં પશ્ચિમ બંગાળમાં વિકાસકાર્યોની ભેટ આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળને નવી અત્યાધુનિક અને ભારતીય રેલવેની ઐતિહાસિક ટ્રેન ભેટમાં આપવા જઈ રહી છે.

પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી પૂર્વે કેન્દ્ર સરકારે ગુવાહાટી અને કોલકાતા વચ્ચે દેશની પહેલી વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી છે. રેલ્વે પ્રધાન અશ્વિની

(જુઓ પાનું ૨) ▶▶

## પહેલી ફેબ્રુઆરીથી તમાકુ પેદાશો, પાન મસાલા મોંઘા

### વધારાની એક્સાઈઝ ડ્યૂટી અને હેલ્થ સેસ લાદવામાં આવશે

નવી દિલ્હી : સરકારે જાહેરનામું બહાર પાડીને પહેલી ફેબ્રુઆરીથી તમાકુના ઉત્પાદનો પર વધારાની આબકારી જકાત અને પાન મસાલા પર હેલ્થ સેસ લાગુ પાડવાની જાહેરાત કરી છે. આ જકાત અને સેસ 'સિન ગૂડ્સ' પરની હાલની જીએસટી કમ્પેન્સેશન સેસ લેવીનું સ્થાન લેશે. નાણાં મંત્રાલયે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫એ મોડેથી બહાર પાડેલાં જાહેરનામાં પ્રમાણે પાન મસાલા પર હેલ્થ સેસ અને તમાકુ ઉત્પાદનો પર ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ૪૦ ટકાથી વધારે અને ઉપરાંત હશે. જ્યારે બીજી પર જીએસટીના ૧૮ ટકા ઉપરાંત હશે તમાકુ

(જુઓ પાનું ૨) ▶▶

## હવે 'ડાયમન્ડ' એટલે ફક્ત કુદરતી હીરો જ

### બીઆઈએસએ જાહેર કર્યું નવું નોટિફિકેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરત: ડાયમંડ ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો માટે મહત્ત્વના સમાચાર છે. બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સએ એક મહત્ત્વનું નોટિફિકેશન બહાર પાડ્યું હતું, જે હેઠળ ગ્લોબલ સ્ટાન્ડર્ડ મુજબ ભારતમાં હીરા માટેના નવા સ્ટાન્ડર્ડ જાહેર કર્યા છે. જેમાં ભારપૂર્વક સૂચવવામાં આવ્યું હતું કે ''હીરા'' (ડાયમન્ડ) શબ્દ ફક્ત કુદરતી હીરા માટે જ વાપરી શકાશે. બીઆઈએસએ જાહેર કરેલા

(જુઓ પાનું ૨) ▶▶

## એટીએફના ભાવમાં સાત ટકાનો ઘટાડો, કમર્શિયલ એલપીજી સિલિન્ડરમાં ૧૧૧ રૂપિયાનો વધારો

નવી દિલ્હી: ગઇ કાલે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ(એટીએફ) એટલે કે જેટ ફ્યુઅલના ભાવમાં ૭.૩ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જ્યારે કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૧૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. કારણ કે સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓએ વૈશ્વિક ઇંધણ બેન્ચમાર્ક અનુસાર માસિક ભાવમાં ફેરફાર કર્યો હતો.

સરકારી ઇંધણ રિટેલર્સના જણાવ્યા અનુસાર દિલ્હીમાં એટીએફના ભાવ પ્રતિ કિલોલિટર રૂપિયા. ૭,૩૫૩.૭૫ અથવા ૭.૩ ટકા ઘટીને ૯૨,૩૨૩.૦૨ રૂપિયા પ્રતિ કિલોલિટર થયા છે. આ ઘટાડો ત્રણ માસિક ભાવ વધારા બાદ થયો છે. છેલ્લે પહેલી ડિસેમ્બરના રોજ ૫,૧૩૩.૭૫ રૂપિયા અથવા ૫.૪ ટકા પ્રતિ કિલોલિટરનો વધારો કરવામાં આવ્યો હતો. આ પહેલા ૧ નવેમ્બરના રોજ ભાવમાં લગભગ એક ટકાનો અને પહેલી ઓક્ટોબરના રોજ ૩.૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ તાજેતરના ઘટાડાથી એરલાઇન્સ પર દબાણ ઓછું થવાની અપેક્ષા છે. એરલાઇન્સ માટે સંચાલન ખર્ચમાં ઇંધણનો હિસ્સો લગભગ ૪૦ ટકા હોય છે. આ ઘટાડા બાદ મુંબઇમાં એટીએફના ભાવ ૮૬,૩૫૨.૧૯ રૂપિયા પ્રતિ કિલોલિટર કરવામાં આવ્યા છે. સ્થાનિક ટેક્સને કારણે ઇંધણના ભાવ પ્રતિ

(જુઓ પાનું ૨) ▶▶

## ડિસેમ્બરમાં જીએસટીની વસૂલી છ ટકા વધીને ₹ ૧.૭૪ લાખ કરોડ

નવી દિલ્હી: ગુરુવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, ભારે કર ઘટાડાને કારણે સ્થાનિક વેચાણમાંથી થતી આવકમાં ધીમી વૃદ્ધિને કારણે ડિસેમ્બર ૨૦૨૫માં કુલ જીએસટી કલેક્શન ૬.૧ ટકા વધીને રૂ. ૧.૭૪ લાખ કરોડ રૂપિયાથી વધુ થયું હતું. ડિસેમ્બર, ૨૦૨૪માં કુલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ની આવક રૂ. ૧.૬૪ લાખ કરોડ રૂપિયાથી વધુ હતી.

ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન સ્થાનિક વ્યવહારોમાંથી થતી કુલ આવક ૧.૨ ટકા વધીને રૂ. ૧.૨૨ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ, જ્યારે આયાતી માલમાંથી થતી આવક ૧૯.૭ ટકા વધીને રૂ. ૫૧,૯૭૭ કરોડ રૂપિયા થઈ હતી. ડિસેમ્બરમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાનમાં બળવાનો દાવાનળ

### ▸ મોંઘવારીને મુદ્દે જનતાનું આંદોલન, સુરક્ષા દળ સાથે અથડામણ ▸ રિયાલ બહુ નબળો પડ્યો ▸ અનેક દુકાન બંધ કરાઇ ▸ 'ડેથ ટુ ડિક્ટેટર'ના નારા, ૨૧ પ્રાંતમાં તોફાનો

તહેરાન: ઇરાનમાં ભારે મોંઘવારીને મુદ્દે અનેક શહેરમાં લોકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનો શેરીઓમાં સરકાર વિરોધી દેખાવ કરવા લાગ્યા છે અને તેઓ ઘણી જગ્યાએ સુરક્ષા દળોની સાથે અથડામણમાં ઉતર્યા હતાં. ઇરાનના ૨૧ પ્રાંતમાં 'ડેથ ટુ ડિક્ટેટર'ના નારા સાથે બળવાનો દાવાનળ ફેલાયો છે.

ઇરાનમાં લોકો આર્થિક સ્થિરતાની માગણી કરી રહ્યા છે. ઇરાનના અનેક શહેરમાં દુકાનદારોએ દુકાનો બંધ કરી દીધી હતી અથવા તેમ કરવાની ફરજ પડાઇ હતી.ઇરાનમાં ૨૦૨૨ પછી જનતા દ્વારા આ સૌથી મોટા પાયે જાહેરમાં દેખાવ થઇ રહ્યા છે. દક્ષિણ ઇરાનમાં સરકારી ઇમારત પર જનતાએ હુમલો કર્યો હતો. પશ્ચિમ ઇરાનના એક પ્રાંતમાં હિંસા દરમિયાન ઇરાનના અર્ધલશ્કરી દળ રિવોલ્યુશનરી ગાર્ડનો એક સ્વયંસેવક માર્યો ગયો હતો અને અન્ય ૧૩ જણ ઘાયલ થયા હતા. ઘણી જગ્યાએ છેલ્લા પાંચ દિવસથી

(જુઓ પાનું ૨) ▶▶

## હિમાચલ પ્રદેશમાં ભયંકર વિસ્ફોટ: જાનહાનિ નહીં

શિમલા: હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં પોલીસ સ્ટેશન પાસે ગુરુવારે થયેલા વિસ્ફોટના અવાજથી નાલાગઢના ઘણા રહેવાસીઓ નવા વર્ષમાં જાગી ગયા હતા. જોકે, કોઈ જાનહાનિના અહેવાલ નથી, તેવું અધિકારીઓએ જણાવ્યું હતું. વિસ્ફોટનું કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.

નાલાગઢ પોલીસ સ્ટેશન નજીક એક ગલીમાં થયેલા વિસ્ફોટની અસર એટલી જોરદાર હતી કે (જેમાં ઘટનાસ્થળથી ૪૦ મીટર દૂર આર્મી કેન્ટીનનો પણ સમાવેશ થાય છે ) નજીકની અનેક ઇમારતોની બારીઓમાં તિરાડ પડી ગઈ હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે તેનો જોરદાર અવાજ ૪૦૦-૫૦૦ મીટર દૂર સુધી સંભળાયો હતો. નજીકમાં બેઠેલા એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે૧૬ મિ.મી. જાડા કાચ પણ તૂટી ગયા હતા અને બધું ધ્રૂજી ગયું હતું. પોલીસ હરકતમાં

(જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુને જીવતા સળગાવવાની કોશિશ

ઢાકા: બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાની શૃંખલા લાંબી થતી જાય છે. છેલ્લાં બે અઠવાડિયામાં હત્યા, ભીડ હિંસા અને જીવલેણ હુમલાની ચાર ઘટના સામે આવી છે. આ વખતે એક હિન્દુ વેપારીને નિશાન બનાવવામાં આવ્યો. શરિયતપુર વિસ્તારમાં ખોકન ચંદ્ર નામના હિન્દુ વેપારીને ટોળાએ ઘેરી લીધો. પહેલાં તેની નિર્દયી મારપીટ કરાઈ, પછી તેના પર ચાકુનો ઘા કરાયો અને પેટ્રોલ નાખીને જીવતા સળગાવી નાખવાની કોશિશ કરાઈ હતી. વેપારી ખોકન ચંદ્રે તળાવમાં છલાંગ મારીને પોતાનો જાન બચાવ્યો હતો.

જાણકારી પ્રમાણે આ ક્રૂર હુમલો બુધવારે સુમારે રાતના નવ વાગ્યે કનેશ્વર યુનિયનના તિલોઈ વિસ્તારમાં ખોકોન ચંદ્ર દાસ (૪૦) પરેશ ચંદ્ર દાસના બેટા છે. તેઓ દામુધાના કેઉરભંગા બજારના ફાર્મસીના માલિક છે. ખોકોન બુધવાર રાતે દુકાન બંધ કરીને ઘરે જઈ રહ્યા હતા. તેઓ તિલોઈ ક્ષેત્ર પહોંચ્યા ત્યારે બદમાશોના જૂથે તેમને રોક્યા હતા. હુમલાખોરોએ

(જુઓ પાનું ૨) ▶▶

### નવા વર્ષની પરંપરા પડોશી દેશોએ જાળવી

## ભારત-પાકિસ્તાને અણુમથકો, કેદીઓની યાદીની આપ-લે કરી

નવી દિલ્હી: ભારત અને પાકિસ્તાને ત્રણ દાયકાથી વધુ જૂની પરંપરાને યથાવત રાખતા ગુરુવારે દ્વિપક્ષીય કરાર હેઠળ તેમના અણુ મથકો અને એકમેકના કેદીઓના નામની યાદીનું આદાન-પ્રદાન કર્યું હતું. આ કરાર બંને દેશોને એકબીજાના પરમાણુ સ્થાપનો પર હુમલો કરતાં અટકાવે છે.

ગત વર્ષે મે મહિનામાં ચાર દિવસની લશ્કરી સંઘર્ષ પછી બંને દેશો વચ્ચેના સંબંધો હજુ પણ વણસેલા છે એવા સમયે આ યાદીની આપ-લે કરવામાં આવી છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ યાદીની આપ-લે પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ પર હુમલાઓને પ્રતિબંધિત કરતી કરારની જોગવાઇઓ હેઠળ થઇ હતી. આ આદાન-પ્રદાન નવી દિલ્હી અને ઇસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલોના માધ્યમથી એકસાથે કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારત અને પાકિસ્તાને આજે રાજદ્વારી ચેનલોના માધ્યમથી નવી દિલ્હી અને ઇસ્લામાબાદમાં એકસાથે ભારત

(જુઓ પાનું ૨) ▶▶



અમદાવાદમાં ગઈ કાલથી શરૂ થયેલા ઈન્ટરનેશનલ ફ્લાવર શોમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ. (એજન્સી)

## શતાયુનું રહસ્ય એક સિમ્પલ બ્લડ ટેસ્ટમાં છે

### ગ્લુકોઝ, ક્રિએટિનિન, યુરિક એસિડના સ્તરનો આયુષ્ય સાથે સંબંધ હોવાનો સંશોધકોનો દાવો




સ્ટોકહોમ: તમે કેટલું સ્વસ્થ અને કેટલું લાંબું જીવશો, તે માત્ર લોહીની તપાસ પરથી નક્કી કરી શકાતું હોવાનો દાવો સ્વિડનના વિજ્ઞાનને લગતા એક પ્રકાશનમાં સંશોધનકારો દ્વારા કરાયો છે.

સંશોધનકારોએ દાવો કર્યો હતો કે લોહીમાંના ગ્લુકોઝ, ક્રિએટિનિન, યુરિક એસિડના સ્તરનો આયુષ્ય સાથે સીધો સંબંધ છે.

વર્ષોથી તમે આરોગ્યને લગતી સલાહમાં સાંભળતા હશો કે 'આરોગ્યપ્રદ પૌષ્ટિક ખોરાક લો અને કસરત કરશો, તો લાંબું જીવશો'. આ સલાહ સાચી જ છે, પરંતુ તમે ૧૦૦ વર્ષ કે તેનાથી વધારે સ્વસ્થ જીવન જીવી શકશો કે નહિ, તે માત્ર લોહીના પરીક્ષણ પરથી જાણી શકાય તો કેવું? સંશોધનકારોએ ૪૪,૦૦૦થી વધારે લોકોના લોહીના નમૂના લીધા હતા અને તપાસ્યા હતા તેમ જ ત્રણ

દાયકાથી વધુ સમય તેઓના આરોગ્ય પર નજર રાખી હતી. ૧૦૦ વર્ષ કે તેનાથી લાંબું જીવનારા લોકોના ચયાપચય, કિડની (મૂત્રપિંડ) અને લીવર (યકૃત)ના કાર્ય

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શાહરુખને દેશદ્રોહી કહેતા 'હિંદુવાદી' સોમનો અસલી ચહેરો શું છે?

**એક** સમયના ભાજપના લાડકા અને અત્યારે વખારમાં નાંખી દેવાયેલા સંગીત સિંહ સોમ પાછા વરતાયા છે. ઉત્તર પ્રદેશમાં બે વાર ધારાસભ્ય રહી ચૂકેલા સંગીત સોમે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓની થઈ રહેલી હત્યાઓ અને વધી રહેલા અત્યાચારો મુદ્દે શાહરુખ ખાનને લઈ પાડ્યો છે. સોમે શાહરુખને દેશદ્રોહી ગણાવીને ભારતમાંથી કાઢી મૂકવાની માગ કરી છે.

ઇન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૬ની સીઝન માટે શાહરુખની ટીમ કોલકાતા નાઈટ રાઇડર્સએ બાંગ્લાદેશના ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ૯ કરોડ રૂપિયા આપીને ખરીદ્યો છે. સોમે આ ખરીદી બદલ શાહરુખ ખાનને દેશદ્રોહી ગણાવીને લવારો કર્યો છે કે, એક તરફ, બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થઈ રહી છે અને બીજી તરફ આઈપીએલમાં બાંગ્લાદેશી ક્રિકેટરોને ખરીદવામાં આવી રહ્યા છે. સોમના કહેવા પ્રમાણે, ભારતીયોએ શાહરુખને સુપરસ્ટાર બનાવ્યો છે અને આ દેશમાંથી જ શાહરુખને નાણાં મળે છે પણ બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદીને શાહરુખે દેશ સાથે દગો કર્યો છે એ જોતાં શાહરુખ ખાન જેવા દેશદ્રોહીઓને આ દેશમાં રહેવાનો કોઈ અધિકાર નથી. સોમે ધમકી પણ આપી છે કે, મુસ્તફિઝુર રહેમાન સહિતનો કોઈ પણ બાંગ્લાદેશી ક્રિકેટર ભારત આવશે તો એરપોર્ટની બહાર પગ પણ નહીં મૂકી શકે.

સંગીત સોમ ફાલતુ નેતા છે અને તેના લવારાથી ત્રાસીને ભાજપે પણ તેને કોરાણે મૂકી દીધો છે તેથી તેની વાત પર ધ્યાન જ ના અપાય પણ સોમે જે મુદ્દો ઉઠાવ્યો છે એ મહત્વનો છે તેથી તેની વાત કરવી જરૂરી છે. બીજું એ કે, સોમ જેવા પોતાને દેશભક્ત અને હિંદુત્વના મસિહા તરીકે સ્થાપિત કરવા મથતા નેતાઓનો અસલી ચહેરો શું છે એ જાણવું પણ જરૂરી છે.

શાહરુખે મુસ્તફિઝુરને ખરીદ્યો કેમ કે આઈપીએલની હરાજી માટેની યાદીમાં તેનું નામ હતું. સોમને વાંધો હોય તો તેણે આઈપીએલ સામે અને બીસીસીઆઈ સામે વાંધો લેવો જોઈએ પણ એવી હિંમત નથી કેમ કે બોર્ડમાં જય શાહ બેઠા છે. જય શાહનું નામ પણ લે તો અમિત શાહ ફાડી નાંખે એટલે શાહરુખને ટાર્ગેટ કરે છે. આઈપીએલ કે બોર્ડે પણ કશું ખોટું કર્યું નથી. ભારત સરકારે પોતે બાંગ્લાદેશ પર કોઈ પ્રતિબંધ મૂક્યો નથી કે તેની સાથેના રાજદ્વારી સંબંધો કાપ્યા નથી પછી બાંગ્લાદેશી ક્રિકેટરોને શું કરવા દૂર રાખવાના?

હવે સોમના અસલી ચહેરાની પણ વાત કરી લઈએ. પોતાને હિંદુવાદી વિચારધારાના સમર્થક ગણાવતા સંગીત સોમ મૂળ સમાજવાદી પાર્ટીનો નેતા છે અને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં સપાના ઉમેદવાર તરીકે ચૂંટણી પણ લડેલો પણ ખરાબ રીતે હારી ગયેલો. મુઝફ્ફરનગર બેઠક પર સંગીત સોમ છેક ત્રીજા નંબરે આવેલો. એ પછી સોમ પલટી મારીને ભાજપમાં આવી ગયો અને નવો બાવો બે ચીપિયા વધારે વગાડે એ હિસાબે ભાજપના નેતાઓ કરતાં પણ વધારે જોરશોરથી હિંદુત્વની વાતો કરવા માંડ્યો તેમાં ૨૦૧૨માં ભાજપે વિધાનસભાની ટિકિટ આપી દીધી. સોમ ઠાકુર છે અને જમીનદારનો દીકરો છે તેથી સરધાના બેઠક પરથી જીતી ગયો.

ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પ્રચારનો આરંભ ૨૦૧૩માં કર્યો ત્યારે સોમ ધારાસભ્ય હતો. અમિત શાહ ભાજપના ઉત્તર પ્રદેશના પ્રભારી બનીને ગયેલા ને તેમણે ઉગ્ર હિંદુવાદી નેતાઓને પકડ્યા તેમાં સંગીત સોમ પણ એક હતા. ઉત્તર પ્રદેશમાં ભાજપનો ઉદય ૨૦૧૩નાં મુઝફ્ફરનગરનાં રમખાણોના કારણે થયો. આ રમખાણોમાં સોમ કેન્દ્રસ્થાને હતા અને ઉત્તર પ્રદેશ સરકારે નિમેલા જસ્ટિસ વિષ્ણુ સહાય પંચે રમખાણો ભડકાવવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા સોમે ભજવેલી એવું લખ્યું છે. સોમ સામે નેશનલ સીક્યુરિટી એક્ટ હેઠળ પણ કેસ નોંધાયેલો. ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલાં સોમે રમખાણોની ક્લિપ્સ ફરતી કરેલી તેના કારણે પણ તેમની સામે કેસ થયો હતો.

સંગીત સોમ ૨૦૧૨થી ૨૦૨૨ એમ ૧૦ વર્ષ માટે ધારાસભ્યપદે હતા. આ દરમિયાન વારંવાર ઉશ્કેરણીજનક ભાષણો આપીને કટ્ટરવાદી હિંદુઓમાં લોકપ્રિય થયા પણ ભાજપની નેતાગીરી માટે માથાનો દુ:ખાવો પણ ઊભો કર્યો એટલે ભાજપે ૨૦૨૨માં સોમને ટિકિટ નહોતી આપી. ૨૦૨૨ના ઓક્ટોબરમાં સોમને ઉશ્કેરણીજવક ભાષણ આપવાના કેસમાં દોષિત ઠેરવાયેલા પણ દંડ ભરાવીને છોડી મૂકાયેલા. સોમ ત્યારથી નવરા છે અને છાસવારે જીભે ચડે એ ભસીને ભાજપ હાઈકમાન્ડનું ધ્યાન ખેંચવા મથે છે પણ હાઈકમાન્ડને રસ પડતો નથી.

સંગીત સોમ પોતાને હિંદુવાદી નેતા ગણાવે છે અને ગૌહત્યા વિરોધી નિવેદનો ફટકારે છે, ઝુંબેશ પણ ચલાવે છે પણ એ પોતે કતલખાનાં અને માંસનું પ્રોસેસિંગ તથા નિકાસ કરતી કંપનીઓમાં ભાગીદાર છે. સોમ વ્યક્તિગત રીતે બે માંસ પ્રોસેસિંગ અને નિકાસ કંપનીઓ અલ-દુઆ અને અલ-અનમ સાથે સંકળાયેલો હોવાના દસ્તાવેજી પુરાવા છે. અલ-દુઆ ભારતની ટોચની હલાલ માંસ નિકાસ કંપનીઓમાંની એક છે અને આરબ દેશોમાં માંસની નિકાસ કરે છે. અલ દુઆ ફૂડ પ્રોસેસિંગ કંપની ગુણવત્તાયુક્ત હલાલ ભેંસ, ઘેટાં/ઘેટાં, બકરીનું માંસ અને ચામડાની નિકાસ કરે છે એવું કંપનીની સત્તાવાર વેબસાઈટ પર લખાયેલું છે.

સંગીત સોમની આ બે કંપનીઓમાં ભાગીદારીના સમાચાર ૨૦૧૫માં આવ્યા ત્યારે પહેલાં તો સોમે હાથ જ અધ્ધર કરી દીધેલા. ૯ ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ હિન્દુસ્તાન ટાઇમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં સોમે દાવો કર્યો હતો કે, પોતાની જાણ બહાર પોતાને અલ-દુઆના ડિરેક્ટર બનાવી દેવાયા છે અને હિંદુ કટ્ટરવાદી તરીકે પોતે આવી કોઈ પ્રવૃત્તિમાં જોડાય એવી કલ્પના જ ના થઈ શકે. અહેવાલ છાપનાર અખબારે દસ્તાવેજી પુરાવા મૂક્યા પછી ધ હિંદુ અખબાર સામે સોમે સ્વીકાર્યું કે પોતે લગભગ બે વર્ષ સુધી અલ-દુઆના ડિરેક્ટર હતા. સ્વાભાવિક રીતે જ સોમે એ પછી સત્તાવાર રીતે પોતે આ કંપનીઓ સાથે સંકળાયેલા નથી એવો બંદોબસ્ત કરાવી દીધો પણ આ ઘટના સોમ જેવા હિંદુત્વના નામે ચરી ખાનારા લોકોનો અસલી ચહેરો છતો કરે છે.

હિંદુઓની તકલીફ છે કે, તેમને હિંદુત્વની વાતો કરનારાંના અવગુણ દેખાતા નથી કેમ કે તેમનું હિંદુત્વ મુસ્લિમો કેન્દ્રિત થઈ ગયું છે. મુસ્લિમોને ગાળો ભાંડે, પાકિસ્તાન કે બાંગ્લાદેશ સામે કશું કરે નહીં પણ ખાલી થૂંક ઉડાડે એ બધા નેતા હિંદુવાદી લાગે છે.

ખેર, એ મુદ્દો અલગ છે પણ જે માણસ પોતે હિંદુવાદી હોવાનો દાવો કરીને પશુઓની કતલ કરીને રૂપિયા રળતો હોય એ માણસ શાહરુખ ખાનને દેશદ્રોહી ગણાવે ત્યારે કેવું લાગે ? ભલા માણસ, પહેલાં તુ તો હિંદુ સમાજને વફાદાર બન પછી બીજાંને સર્ટિફિકેટ આપજે.

શાહરુખે બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદીને દેશ સાથે ગદ્દારી કરી હોવાનું કહેનારા સોમ પહેલા નથી. આ પહેલાં પોતાને આધ્યાત્મિક ગુરુ ગણાવતા કથાકાર દેવકીનંદન ઠાકુરે પણ આ જ વાત કરેલી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૨-૧-૨૦૨૬, વ્રતની પૂનમ

- ભારતીય દિનાંક ૧૨, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૦-૦૩ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૯-૨૫ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૧૦-૨૫, રાત્રે ક. ૨૩-૪૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૩ (તા. ૩ )
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ - ચતુર્દશી. વ્રતની પૂનમ, બુધ પૂર્વમાં અસ્ત, ભદ્રા ક. ૧૮-૫૫ થી ૨૯-૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં પશુ લે-વેંચ, દસ્તાવેજ, દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ ભીરું સ્વભાવના, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારુ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ પૂર્વમાં અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ફાલતુ સવાલ ન પૂછો...

### ઈન્દોરમાં દસનો જીવ લેનાર દૂષિત પાણી વિશે પુછાતા પ્રધાન કૈલાશ વિજયવર્ગિયે આવો જવાબ આપ્યો ને અભદ્ર ભાષા પણ વાપરી

ભોપાલઃ મધ્ય પ્રદેશનું ઈન્દોર દેશનું સૌથી સ્વચ્છ શહેર છે, પરંતુ આ સૌથી સ્વચ્છ શહેરમાં દૂષિત પાણી પીવાના કારણે દસ લોકોનાં મોત થયા છે. આ બેદરકારી અંગે મધ્ય પ્રદેશના પ્રધાન અને આ ઈન્દોરના જનપ્રતિનિધિ કૈલાશ વિજયવર્ગિયને પત્રકાર દ્વારા સવાલ પૂછવામાં આવ્યો ત્યારે પ્રધાને જવાબ આપવાને બદલે પત્રકાર સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરતા મોટો વિવાદ થયો છે. ઈન્દોરના ભાગીરથપુરમાં દૂષિત પાણી પીવાના કારણે સાત લોકોના મોત થયા છે. ભાગીરથપુર ઇન્દોર-એક વિધાનસભા મતવિસ્તારમાં આવે છે. આ જ વિસ્તારના ધારાસભ્ય કૈલાશ વિજયવર્ગીય છે અને તેઓ મધ્ય પ્રદેશ સરકારમાં શહેરી વિકાસ અને સંસદીય બાબતોના પ્રધાન પણ છે. તેમના વિધાનસભા મતવિસ્તારમાં થયેલી બેદરકારીને લઈને મીડિયાના એક પત્રકાર દ્વારા એક સવાલ પૂછવામાં આવ્યો હતો.

એમજીએમ મેડિકલ કોલેજમાં મુખ્ય પ્રધાન સાથે બેઠક કર્યા બાદ કેબિનેટ પ્રધાન કૈલાશ વિજયવર્ગિય બહાર નીકળ્યા હતા, ત્યારે એક પત્રકારે તેમને સવાલ કર્યો હતો કે, ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને હજુ સુધી રિફન્ડ કેમ નથી મળ્યું અને પીવાનાં પાણીની યોગ્ય વ્યવસ્થા કેમ ન કરવામાં આવી? પત્રકારનો આ સવાલ સાંભળીને કૈલાશ વિજયવર્ગિય ભડકી ઊઠ્યા હતા. પત્રકાર પર ભડકેલા કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું હતું કે, "અરે છોડો યાર, ફાલતું પ્રશ્નો ન પુછો."

# નવા વર્ષે ઈશ્વરના દરબારમાં માથું નમાવવા જેન-ઝીએ લાઈન લગાડી

નવી દિલ્હીઃ વિવિધતાથી ભરેલા ભારત દેશમાં દરેક ધર્મના તહેવાર અને નવા વર્ષની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. ખાસ કરીને નવા વર્ષની શરૂઆત ભગવાનના દર્શન સાથે થાય એવું લોકો ઇચ્છતા હોય છે. વર્ષ ૨૦૨૬ શરૂ થઈ ગયું છે. ત્યારે વર્ષના પહેલા દિવસની શરૂઆત ભગવાનના દર્શન સાથે કરવા માટે શ્રદ્ધાળુઓ દેશના જાણીતા ધાર્મિક સ્થળો પર પહોંચી ગયા છે. દેશના અગ્રણી મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દૃશ્યો જોવા મળ્યા છે.

ભગવાનના દર્શન સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે ભક્તો રાત્રે ૧૨ વાગ્યે જ મંદિરની બહાર પહોંચી ગયા હતા. અયોધ્યા, વારાણસી, મથુરા-વૃંદાવન, શિરડી, અમૃતસરમાં ભક્તોનો મોટો જમાવડો જોવા મળ્યો હતો. અયોધ્યામાં રામલલ્લા અને કાશીમાં બાબા વિશ્વનાથના દર્શન માટે શ્રદ્ધાળુઓની બબ્બે કિ.મી. લાંબી લાઇન જોવા મળી છે.

# કુરાન પર હાથ રાખીને ઝોહરન મમદાનીએ મેયરપદના સોગંદ લીધા

ન્યૂ યોર્ક : નવું વર્ષ શરૂ થાય એની થોડી ક્ષણો પહેલાં ઝોહરાન મમદાનીએ ન્યૂ યોર્કના ૧૧૨મા મેયર તરીકે જૂના સબવે સ્ટેશનમાં કુરાન પર હાથ મૂકીને સોગંદ લીધા હતા. ૩૪ વર્ષના મૂળ ભારતીય મમદાની અને ક્વિન્સ સ્ટેટ એસેમ્બલીમેન અમેરિકાના સૌથી મોટા શહેરના મેયર બનનાર દક્ષિણ એશિયાના અને મુસ્લિમના પ્રથમ વ્યક્તિ છે. મમદાનીને ઓલ્ડ સિટી સબ-વે સ્ટેશનમાં એક ખાનગી સમારોહમાં સોગંદ લીધા હતા. આ સમારોહમાં ફક્ત તેમના કુટુંબીજનો અને નિકટના સલાહકારોએ ભાગ લીધો હતો. સમારોહ ન્યૂ યોર્કમાં મધ્યરાત્રીએ નવું વર્ષ બેસે ત્યારે યોજાયો હતો. (એજન્સી)

## પ્રજામત

### કૉલેજની આસપાસ પાનપટ્ટીની દુકાનો પર વિદ્યાર્થીઓની ભીડ

વર્તમાનમાં કૉલેજના વિદ્યાર્થીઓ પાનપટ્ટીની દુકાન પર વધારે જોવા મળે છે. અથવા તો કોઈ એકાંત સ્થળે તેઓ દેખાય છે. અગાઉ આવું નહોતું દેખાતું. છેલ્લાં થોડાં વર્ષોમાં એમાં નોંધપાત્ર વધારો થયો છે. એને કારણે નવી પેઢી અવળે રસ્તે ચઢી ગઈ છે. એવામાં તેમનો સર્વાંગી વિકાસ કઈ રીતે શક્ય છે? યુવાનો સિગારેટ ફૂંકવાના રવાડે ચડી ગયા છે. છોકરાઓ સિગારેટ ખરીદીને કોઈ જોઈ ન જાય એ રીતે વેરાન સ્થળે જઈને સ્મોકિંગ કરે છે. એથી આ દિશામાં નક્કર અને સખત પગલાં લેવાની ખાસ જરૂર છે.

– કૌશલ મહેતા, મુંબઈ

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### સ્વિસ આલ્પ્સના

હાલ ન લાગી રહ્યું હોવાનું તપાસકર્તાઓનું કહેવું છે.

અનેક ઘાયલોની હાલત ગંભીર છે અને તેઓને પ્રાદેશિક હૉસ્પિટલના ઇન્ટેન્સિવ કેર યુનિટમાં અને ઑપરેટિંગ થિયેટરમાં રખાયા છે.

બારમાં આગ લાગતા બચાવ અને રાહત કામગીરી માટે અનેક હૅલિકૉપ્ટર અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે મોકલાયા હતા.

આ વિસ્તારમાં લાંબા સમયથી વરસાદ પડ્યો નહિ હોવાથી મ્યુનિસિપાલિટીએ નવા વર્ષની પૂર્વસંધ્યાએ આતશબાજી પર પ્રતિબંધ મૂક્યો હતો. આ વિસ્તારના હિમાચ્છાદિત ઢાળ પર પર્યટકો મોટી સંખ્યામાં સ્કિઇંગ કરવા આવે છે. સત્તાવાળાઓએ પર્યટકો અને બહારના લોકોને હાલમાં આ વિસ્તારમાં નહિ આવવા વિનંતિ કરી છે અને મેડિકલ સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. આ વિસ્તાર મેટરહોર્નની ઉત્તરમાં ૪૦ કિલોમીટર (પચીસ માઇલ) છે. સ્વિસ આલ્પ્સના સૌથી ઊંચા પોઇન્ટ ક્રેન્સ-મોન્ટાનાની વસતિ ૧૦,૦૦૦ છે. અહીંની મ્યુનિસિપાલિટીની રચના માત્ર નવ વર્ષ પહેલાં ૨૦૧૭ની પહેલી જાન્યુઆરીએ અનેક નગરને ભેગા કરીને કરાઇ હતી. તેનો વિસ્તાર ૫૯૦ હેક્ટર (૨.૩ ચોરસ માઇલ)નો છે. (એજન્સી)

### ૧૫ ઓગસ્ટ

આવી છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર હેઠળ ગુજરાતમાં સાબરમતી, અમદાવાદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા અને વાપી એમ આઠ સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. આ સ્ટેશનોની આસપાસનના વિસ્તારના વિકાસ માટે થોડા દિવસ પહેલા રાજ્ય સરકારે ગુજરાત હાઈ સ્પીડ રેલ સ્ટેશન એરિયા પ્લાનિંગ ઓથોરિટીની રચના કરી હતી.

રાજ્ય સરકારના અધિકારીઓના જણાવ્યા મુજબ ગુજરાત હાઈ સ્પીડ રેલ સ્ટેશન એરિયા પ્લાનિંગ ઓથોરિટી તમામ આઠ સ્ટેશનોની આસપાસની જમીનના ઉપયોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે યોજના બનાવશે. જેથી સ્ટેશન સુધી પહોંચવા મુસાફરોને સરળતા રહે અને સ્ટેશનની આસપાસ જ જરૂરી સુવિધાઓ મળી રહે.

આ ઓથોરિટીમાં રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થશે અને રાજ્ય શહેરી વિકાસ વિભાગના મુખ્ય સચિવ તેના અધ્યક્ષ રહેશે. અહેવાલ મુજબ ઓથોરિટી દરેક આઠ સ્ટેશન માટે વિગતવાર વિકાસ યોજનાઓ તૈયાર કરશે, જેનું અમલીકરણ જેતે સ્ટેશનને સંબંધિત શહેરી વિકાસ અધિકારીઓએ કરવાનું રહેશે. આ ઓથોરિટી સ્ટેશનની આસપાસ ભીડભાડ-ટ્રાફિક ઘટાડવા અને સ્ટેશન સુધી લાસ્ટ માઇલ કનેક્ટિવિટીમાં સુધારો કરવા યોજના બનાવશે, આ ઉપરાંત કમર્શિયલ હબ, કોર્પોરેટ ઓફિસો, હોટલો, હેલ્થ કેર જેવા સુવિધા ઉભી કરવા માટે યોજના બનાવશે.

### ગુવાહાટી-કોલકાતા

વૈષ્ણવેએ જણાવ્યું છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ આ અત્યાધુનિક સેમી-હાઈ-સ્પીડ ટ્રેનનું ઉદઘાટન કરશે. જોકે, અગાઉ આ ટ્રેન દિલ્હીથી પટણા વચ્ચે દોડાવવાની યોજના બનાવવામાં આવી હતી. પરંતુ હવે આ યોજનાને બદલી નાખવામાં આવી છે.

દેશની પહેલી વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ટ્રેન સંપૂર્ણ એર-કન્ડિશન્ડ ટ્રેન હશે. તે લાંબા અંતરની રાત્રિ મુસાફરી કરતા મુસાફરો માટે ખાસ તૈયાર કરવામાં આવી છે. ૮૨૩ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ટ્રેનમાં કુલ ૧૬ કોચ હશે. જે પૈકી ૧૧ એસી થ્રી-ટિયર, ચાર એસી ટૂ-ટિયર અને એક એસી ફર્સ્ટ ક્લાસ કોચ હશે. જેમાં એસી ફર્સ્ટ ક્લાસનું ભાડું ૩,૬૦૦ રૂપિયા, એસી ટૂ-ટિયરનું ભાડું ૩,૦૦૦ રૂપિયા અને એસી થ્રી-ટિયરનું ભાડું ૨,૩૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. આ ભાડું ફ્લાઇટની ટિકિટ કરતા સસ્તું છે.

વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ટ્રેનની ડિઝાઇન સ્પીડ ૧૮૦ કિ.મી./કલાક છે, જોકે, તેને ૧૬૦ કિ.મી./કલાકની ઝડપે દોડાવવામાં આવશે. આ ટ્રેનના પરીક્ષણ દરમિયાન તેની સ્ટેબિલિટી એટલી સચોટ જોવા મળી હતી કે, ૧૮૦ કિ.મી.ની ઝડપે પણ તેમાં પાણીથી ભરેલો ગ્લાસ છલકાયો ન હતો. આ ટ્રેનમાં સલામતી માટે તેમાં સ્વદેશી 'કવચ' એન્ટી-કોલિઝન સિસ્ટમ અને ઇમરજન્સી ટોકબેક સિસ્ટમ લગાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય રેલવે દ્વારા આગામી છ મહિનામાં વધુ આઠ સ્લીપર ટ્રેનો અને વર્ષના અંત સુધીમાં કુલ ૧૨ ટ્રેનો શરૂ કરવાના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આગામી વર્ષોમાં સમગ્ર દેશમાં આવી ૨૦૦થી વધુ સેમી-હાઈ-સ્પીડ સ્લીપર ટ્રેનો ચલાવવાની કેન્દ્ર સરકારની યોજના છે.

### એટીએફના ભાવમાં

શહેરમાં બદલાય છે. આ સાથે હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ૧૯ કિલોગ્રામના કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં દિલ્હીમાં ૧૧૧ રૂપિયાનો જંગી વધારો કરીને ૧,૬૯૧.૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે. આ ભાવ વધારો બે માસિક ઘટાડા પછી આવ્યો છે. છેલ્લે ૧ ડિસેમ્બરના રોજ ૧૯ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં ૧૫.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ પહેલા ભાવમાં પ્રતિ સિલિન્ડર પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. કમર્શિયલ એલપીજીના ભાવ હવે ગત વર્ષના જૂન પછીથી ઉચ્ચતમ સ્તરે છે.

ઘરેલું રસોઇ માટે વપરાતા એલપીજીના ભાવ એપ્રિલ ૨૦૨૫માં ૫૦ રૂપિયાના વધારા પછી ૧૪.૨ કિલોગ્રામ સિલેન્ડર માટે ૮૫૩ રૂપિયા પર યથાવત રહ્યા છે. જ્યારે ગત વર્ષે માર્ચમાં પ્રતિ લિટર બે રૂપિયાના ઘટાડા પછી પેટ્રોલ અને ડિઝલના ભાવ સ્થિર રહ્યા છે. હાલ દિલ્હીમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૯૪.૭૨ રૂપિયા અને ડીઝલનો ભાવ ૮૭.૬૨ રૂપિયા છે.

### હવે 'ડાયમન્ડ'

તાજેતરના નોટિફિકેશન મુજબ લેબોરેટરીમાં બનાવવામાં આવતા સ્ટોન્સ માટે હવે લેબોરેટરી-ગ્રોન ડાયમંડ અથવા લેબોરેટરી-ક્રિએટેડ ડાયમંડ શબ્દોનો ઉપયોગ કરવાનો રહેશે અને નકલી હીરા અથવા કૃત્રિમ હીરા જેવા ગેરમાર્ગે દોરનારા શબ્દોનો ઉપયોગ કરી શકાશે નહીં. ગ્રાહકોને કોઈ મૂંઝવણ ના થાય એ માટે ચોક્કસ ટ્રીટમેન્ટ અને વ્યાખ્યાઓની સંપૂર્ણ માહિતી આપવી ફરજિયાત રહેશે. નવા ધોરણો મુજબ લેબ ગ્રોન, લેબ ક્રિએટેડ, લેબ ડાયમંડ અથવા એલજીડી જેવા સંક્ષિપ્ત શબ્દોનો પણ ઉપયોગ કરી શકાશે નહીં. અહેવાલ મુજબ ગ્રાહકોમાં વિશ્વાસ વધે, હીરાની પરિભાષા સ્પષ્ટ થાય અને ભારતના હીરા વેપારને આંતરરાષ્ટ્રીય ધોરણો સુધી લઇ જઈ શકાય એવા ઉદેશ્યથી આ નવા ધોરણો બનાવ્યા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### પહેલી ફેબ્રુઆરીથી

ઉત્પાદનો ( ખાવાની તમાકુ, ફિલ્ટર ખૈની, જર્દા સેન્ટેડ ટોબેકો, ગુટકા) પર એમઆરપી આધારિત વેલ્યૂએશન મિકેનિઝમ લાગૂ પડાયું છે. આના પ્રમાણે જીએસટી વેલ્યૂ પેકેજના રીટેલ સેલ્સ પ્રાઈસના આધારે નક્કી કરાશે.

ગુટકા પર ૯૧ ટકા વધારાની આબકારી જકાત, ખાવાની તમાકુ પર ૮૨ ટકાની જકાત અને જર્દા સેન્ટેડ ટોબેકો પર ૮૨ ટકા જકાત લગાડવામાં આવશે. સિગારેટ પર તેના કદ અને ફિલ્ટર પ્રમાણે વેરો લગાડાશે. આ વેરો ૧૦૦૦ સ્ટિકદીઠ રૂપિયા ૨૦૫૦થી રૂપિયા ૮૫૦૦ની રેન્જમાં હશે. આબકારી જકાતની આવકને નાણાં પંચની ભલામણ આધારે રાજ્યો વચ્ચે વિતરિત કરાશે. કેન્દ્રના વેરાની આવક પણ વિભાજિત પુલમાં સામેલ કરાશે અને ૪૧ ટકા રાજ્યોને અપાશે. (એજન્સી)

### હિમાચલમાં ભયંકર

આવી ગઈ હતી અને વિસ્તારને ઘેરી લીધો હતો. બદ્દીના એસપી વિનોદ ધીમાને જણાવ્યું હતું કે વિસ્ફોટ સવારે લગભગ ૯:૪૦ વાગ્યે થયો હતો, અને ફોરેન્સિક ટીમે વિવિધ સ્થળોએથી નમૂનાઓ એકત્રિત કર્યા છે. તેમણે ઉમેર્યું હતું કે વિસ્ફોટનું કારણ અને ફોરેન્સિક ટીમના રિપોર્ટ પછી જાણી શકાશે. અહીં મીડિયાકર્મીઓ સાથે વાત કરતાં તેમણે કહ્યું કે કોઈ ઈમેલ કે ધમકીભર્યો કોલ મળ્યો નથી અને પ્રથમ દ્રષ્ટિએ વિસ્ફોટકો સાથે જોડાયેલી કોઈ ગેરરીતિ મળી નથી. સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે. આ વિસ્તારમાં ઘણો કાટમાળનો ઢગલો પણ થયો છે, અને પેઇન્ટ અથવા અન્ય સામગ્રીમાંથી વિસ્ફોટ થવાની પણ શક્યતા છે અને ભંગારના વેપારીઓને બેદરકારી ન દાખવવા સૂચના આપી હતી, એમ તેમણે જણાવ્યું હતું. એસપીએ કહ્યું કે આ વિસ્તારમાં ગભરાટનું વાતાવરણ નથી.

### ભારત-પાકિસ્તાને

અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ પર હુમલા પ્રતિબંધ કરાર હેઠળ આવરી લેવામાં આવેલા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની યાદીનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ કરાર પર ૩૧ ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને ૨૭ જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ અમલમાં આવ્યો હતો.

### ડિસેમ્બરમાં જીએસટીની

રિફન્ડ ૩૧ ટકા વધીને રૂ. ૨૮,૯૮૦ કરોડ રૂપિયા થયું હતું. ચોખ્ખી જીએસટી આવક (રિફન્ડ સમાયોજિત કર્યા પછી) વાર્ષિક ધોરણે ૨.૨ ટકા વધીને રૂ. ૧.૪૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ હતી. ગયા મહિને સેસ કલેક્શન ઘટીને રૂ. ૪,૨૩૮ કરોડ રૂપિયા થયું, જે ડિસેમ્બર ૨૦૨૪માં રૂ. ૧૨,૦૦૩ કરોડ હતું.

બાવીસ સપ્ટેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવતા, લગભગ ૩૭૫ વસ્તુઓ પરના જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેનાથી વસ્તુઓ સસ્તી થઈ હતી. ઉપરાંત, વળતર સેસ લેવી ફક્ત તમાકુ અને સંબંધિત ઉત્પાદનો પર જ વસૂલવામાં આવે છે, જે અગાઉ વૈભવી અને ગેરલાભકારક વસ્તુઓ પર લાગુ કરવામાં આવતી હતી. જીએસટી દર ઘટાડવાથી મહેસૂલ વસૂલાત પર અસર પડી છે.

### ઈરાનમાં બળવાનો

દેખાવ થઇ રહ્યા છે. ઇરાનના ધાર્મિક નેતાના શાસનની સામે રાજધાની તહેરાનમાં શરૂ થયેલું જનતાનું આંદોલન બીજા શહેરોમાં ફેલાયું હતું. તહેરાનની મોબાઇલ ફોનની સૌથી મોટી બજારમાં દુકાનદારોએ પોતાની દુકાનો બંધ કરીને આંદોલનની શરૂઆત કરી હતી.તહેરાનના રિયાલની સામે ડૉલરનો ભાવ ઘણો જ વધી જતાં તહેરાનની અનેક બજાર બંધ કરી દેવાઇ હતી અને લોકો, ખાસ કરીને દુકાનદારો જાહેરમાં ભેગા થયા હતા. (એજન્સી)

### બાંગ્લાદેશમાં

તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો અને શરીર પર પેટ્રોલ લગાડીને આગ લગાડી હતી. આગની જવાળા વચ્ચે જાન બચાવવા ખોકોને તળાવમાં કૂદકો માર્યો હતો. સ્થાનિક લોકોએ તેમને ગંભીર હાલતમાં બચાવ્યા હતા અને શરિયતપુર સદર હૉસ્પિટલમાં ભરતી કર્યા હતા. આ ઘટનાથી વિસ્તારમાં હુમલા પાછળનો હેતુ અને સહભાગી હુમલાખોરોની ઓળખાણ થઈ નથી.

### શતાયુનું રહસ્ય

તેમ જ પોષક તત્ત્વોનો લાંબા આયુષ્યની સાથે સીધો સંબંધ હોવાનો દાવો કરાય છે. ૧૯૭૦ના દાયકામાં ૧૦૦ કે તેનાથી વધુ વર્ષ જીવતા લોકોની સરખામણીમાં હાલમાં આવા લોકોની સંખ્યા ઘણી વધી છે અને તેમાંના ઘણાં લોકો મોટી બીમારી વિના ૯૦ કે તેનાથી વધુ વર્ષ સ્વસ્થ જીવન જીવે છે.

સ્વિડનમાં સંશોધનકારો દ્વારા ૬૪ વર્ષથી ૯૯ વર્ષની વયના ૪૪,૦૦૦ લોકોના આરોગ્ય પર સતત નજર રાખવામાં આવી હતી અને તેમાંના ૧,૨૨૪ એટલે કે ૨.૭ ટકા લોકો ૧૦૦ વર્ષ કરતાં વધુ જીવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે ૧૦૦ વર્ષ કરતાં વધુ જીવનારા લોકોમાંની ૮૫ ટકા મહિલા હતી. સંશોધનમાં લોકોની જીવનશૈલી કે તેને લગતા વિવિધ છૂટક પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે લોહીના ૧૨ ઘટકના સ્તર તપાસવાની બાબતને વધુ મહત્ત્વ અપાયું હતું.

તપાસમાં એ રસપ્રદ બાબત જોવા મળી હતી કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધારે જીવતા લોકોના લોહીમાં ૬૦ના દાયકા બાદ ગ્લુકોઝ, ક્રિએટિનિન, યુરિક એસિડનું સ્તર (લેવલ) ઓછું જોવા મળ્યું હતું. ૧૦૦ વર્ષ જીવનારા લોકોમાંના બહુ જ ઓછા લોકોના લોહીમાં ગ્લુકોઝનું સ્તર લિટર દીઠ ૬.૫ મિલિમોલથી વધારે હતું. આવા લોકોમાંના બહુ જ ઓછામાં ક્રિટિનિનનું સ્તર લિટર દીઠ ૧૨૫ મિલિમોલથી વધું હતું. જે લોકોમાં યુરિક એસિડનું સ્તર ઓછું હોય, તેઓ ૧૦૦ વર્ષ જીવે એવી શક્યતા ચાર ટકા જેટલી જોવા મળી હતી.

# વન-ડે ક્રિકેટ સ્લો ડેથ ભણી

## આવું છે અશ્ર્વિનનું મંતવ્ય : સાથે એવો સવાલ કે કોહલી અને રોહિતની નિવૃત્તિ પછી વન-ડે ક્રિકેટની જવાબદારી કોણ સંભાળશે?



ચેન્નઈ : ભૂતપૂર્વ ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્ર્વિનનું માનવું છે કે ૨૦૨૭ના વર્લ્ડ કપ પછી જ્યારે ભારતના સૌથી મોટા સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને રોહિત શર્મા વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે ત્યારે વન-ડે ફોર્મેટનું અસ્તિત્વ અને સુસંગતતા જોખમમાં મુકાઈ શકે છે. વિજય હઝારે ટ્રોફીમાં વિરાટ અને રોહિતના રમવાને લઈને ખૂબ ચર્ચા રહી, પરંતુ અશ્ર્વિનનું માનવું છે કે વધતી જતી ટી-૨૦ લીગ અને ટેસ્ટ ક્રિકેટના અલગ મહત્ત્વના કારણે ૫૦ ઓવરના ફોર્મેટ માટે જગ્યા સતત ઓછી થઈ રહી છે.

અશ્ર્વિને પોતાની હિન્દી યુટ્યૂબ ચેનલ ‘એશ કી બાત’માં કહ્યું હતું કે ‘‘૨૦૨૭ના વર્લ્ડ કપ પછી વન-ડે ક્રિકેટનું ભવિષ્ય શું હશે તેને લઈને હું થોડો ચિંતિત છું. હું વિજય હઝારે ટ્રોફી જોઈ રહ્યો છું, પરંતુ મેં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જોઈ હતી અને તે રીતે આ ટુનામેન્ટને જોવી થોડું મુશ્કેલ લાગે છે.’’ તેણે કહ્યું હતું કે, ‘‘આપણે એ પણ સમજવું પડશે કે પ્રેક્ષકો શું જોવા માગે છે. મને લાગે છે કે ટેસ્ટ ક્રિકેટ માટે હજુ પણ સ્થાન છે, પરંતુ વન-ડે ક્રિકેટ માટે ખરેખર કોઈ સ્થાન બાકી નથી.’’

તમામ ફોર્મેટમાં ૭૬૫ વિકેટ સાથે ભારતના બીજા સૌથી સફળ બોલર અશ્ર્વિન માનવું છે કે વિરાટ અને રોહિતની નિવૃત્તિ પછી વન-ડે ફોર્મેટ વધુ નબળું પડી જશે. બંને ખેલાડીઓએ સંયુક્ત રીતે ૮૬ વન-ડે સદી ફટકારી છે. તેણે કહ્યું હતું કે , જ્યારે રોહિત અને વિરાટ વિજય હઝારે ટ્રોફી રમવા આવ્યા ત્યારે લોકોએ તેને જોવાનું શરૂ કર્યું. આપણે જાણીએ છીએ કે રમત હંમેશા ખેલાડીઓ કરતાં મોટી હોય છે, પરંતુ ક્યારેક રમતને સુસંગત રાખવા માટે આ ખેલાડીઓ (રોહિત અને વિરાટ) ની વાપસી જરૂરી હોય છે.’’

અશ્ર્વિને કહ્યું હતું કે, વિજય હઝારે ટ્રોફી એક સ્થાનિક વન-ડે ટૂર્નામેન્ટ છે જેને ઘણા લોકો જોતા નથી. પરંતુ વિરાટ અને રોહિત રમ્યા હોવાથી લોકો તેને જોવા માટે આવ્યા હતા તો પછી પ્રશ્ન એ છે કે જ્યારે તેઓ વન-ડે રમવાનું બંધ કરશે ત્યારે શું થશે?

તેણે કહ્યું હતું કે, વન-ડે ક્રિકેટ એક સમયે એક મહાન ફોર્મેટ હતું જેણે ધોની જેવા ખેલાડીઓ આપ્યા જે ૧૦-૧૫ ઓવર સુધી ઇનિંગ્સ સંભાળતા હતા એક સમયે ફક્ત એક રન લેતા અને પછી અંતે વિસ્ફોટક બેટિંગ કરતા હતા. હવે આવા કોઈ ખેલાડીઓ નથી. વન-ડે ફોર્મેટ બિનજરૂરી બની ગયું છે અને આઈસીસીએ વર્લ્ડ કપનું આયોજન કરવાની રીત પર ધ્યાન આપવાની જરૂર છે. દર વર્ષે આવક માટે આઈસીસી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ફિફા વર્લ્ડ કપ દર ચાર વર્ષે એકવાર યોજે છે તેથી વર્લ્ડ કપનું પોતાનું મહત્વ છે.’’■

# પંતને વધુ ચાન્સ ન પણ મળે

## ન્યૂ ઝીલેન્ડ સામેની વન-ડે સીરિઝની ટીમમાંથી ફારગતી અપાઈ શકે, ઈશાન કિશન મજબૂત દાવેદાર



નવી દિલ્હીઃ ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત વિજય હઝારે ટ્રોફીની ચાર મેચમાં ફક્ત અડધી સદી ફટકારી શક્યો છે, પરંતુ જો તેને છેલ્લા ૧૮ મહિનામાં એક પણ વન-ડે મેચ રમ્યા વિના ન્યૂઝીલેન્ડ સામેની આગામી શ્રેણીમાંથી બહાર કરવામાં આવે છે તો તે અજિત અગરકરના નેતૃત્વ હેઠળની પસંદગી સમિતિનો કડક નિર્ણય ગણાશે. ભારતીય પસંદગીકારો ૧૧ જાન્યુઆરીથી વડોદરામાં શરૂ થનારી ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની વન-ડે સીરિઝ માટે ટીમની જાહેરાત કરશે અને પંત ટીમમાં રહેશે કે કેમ તે અંગે ઘણી અટકળો વહેતી થઈ છે.

સૂત્રોના મતે ભારતીય ટીમ મેનેજમેન્ટમાં એક સભ્યને પંતનો વધુ જોખમ ઉઠાવવાનો અભિગમ પસંદ નથી અને તેઓ ઈચ્છે છે કે પંત બેટિંગમાં પરંપરાગત અભિગમ અપનાવે. પરંતુ પંતને બીજી તક આપ્યા વિના બહાર કરવામાં આવશે તો અનેક સવાલો ઊઠશે. પંત ૨૦૨૫માં એક પણ વન-ડે મેચ રમ્યો નથી. જોકે તે ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમ અને દક્ષિણ આફ્રિકા સામે છેલ્લા મહિને રમાયેલી વન-ડે સીરિઝ માટેની ટીમનો હિસ્સો હતો.

ઓપનર ઋતુરાજ ગાયકવાડને ચોથા નંબર પર તક આપવામાં આવી અને ત્રણેય મેચમાં પંતને બહાર કરવામાં આવ્યો હતો. પંતે ૨૦૧૮માં ડેબ્યૂ પછી ફક્ત ૩૧ વન-ડે મેચ રમી છે. તેણે ૩૦ જૂન, ૨૦૧૯ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન ૧૧ વન-ડે મેચ રમી હતી. ત્યારબાદ કોવિડ-૧૯ પછી તેણે ૧૫ વનડે રમી હતી, જેમાં એક સદી ફટકારી હતી. ત્યારબાદ તે એક ભયાનક કાર અકસ્માતનો ભોગ બન્યો હતો.

૨૦૨૪માં વાપસી થયા પછી તેણે કોલંબોમાં ફક્ત એક જ વનડે રમી છે. વિજય હઝારે ટ્રોફીની ચાર મેચોમાં તે એક ઇનિંગમાં ફક્ત ૭૦ રન જ કરી શક્યો હતો. દરમિયાન, ઇશાન કિશને કર્ણાટક વિરુદ્ધ ઝારખંડ તરફથી પોતાની પહેલી મેચમાં ૧૪ છગ્ગા ફટકાર્યા હતા. ધ્રુવ જુરેલે પણ ઉત્તર પ્રદેશ તરફથી સદી ફટકારી હતી અને છેલ્લી વનડે શ્રેણીમાં તે ભારતીય ટીમનો ભાગ હતો.

૧૫ સભ્યોની ટીમમાં ત્રણ વિકેટકીપર નહીં હોય. કેએલ રાહુલ બેટ્સમેન તરીકે પસંદગીનો વિકલ્પ છે. ટીમમાં ઈશાન પંત કે જુરેલનું સ્થાન લેશે કે નહીં તે જોવાનું બાકી છે. ૩૭ મેચમાં ૯૨થી વધુની સરેરાશથી રન કરનાર દેવદત્ત પડ્ડિકલના નામ પર પણ વિચાર કરવામાં આવશે, પરંતુ તેને સ્થાન મળવું મુશ્કેલ છે.

બોલિંગમાં જસપ્રીત બુમરાહ અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ટી-૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને વનડેમાંથી આરામ આપવામાં આવે તેવી શક્યતા છે. હર્ષિત રાણા અને અર્શદીપ સિંહને પણ સ્થાન મળી શકે છે. મોહમ્મદ શમીની વાપસીની પણ અટકળો વહેતી થઈ છે જ્યારે રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવને તક મળે તેવી શક્યતા છે. ■

# રશિયાના ખેલાડીએ ચેસની સર્વોચ્ચ સંસ્થા વિરુદ્ધ કરી કાર્યવાહી, કોર્ટમાં દાખલ કર્યો માનહાનિનો કેસ

નવી દિલ્હીઃ અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ડેનિયલ નારોદિત્સ્કીના મોત પછી કથિત રીતે ‘અપ્રમાણિત’’છેતરપિંડીના આરોપો સાથે ખેલાડીઓને હેરાન કરવાના આરોપોની તપાસનો સામનો કર્યા પછી રશિયાના ચેસના ખેલાડી વ્લાદિમીર ક્રેમનિકે સ્વિટ્ઝર્લેન્ડની એક સિવિલ કોર્ટમાં વિશ્વ ચેસની સર્વોચ્ચ સંસ્થા (ફિડે) વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો છે. ક્રેમનિકે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે સાથી ખેલાડીઓ અને ફિડેએ સતત તેમના વિરુદ્ધ આક્રમણ વલણ અપનાવ્યું જેના કારણે તેમને કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ફિડેના સીઈઓ એમિલ સુતોવસ્કીએ નારોદિત્સ્કી વિરુદ્ધ છેતરપિંડીના આરોપોને ‘શરમજનક’ ગણાવ્યા હતા. નારોદિત્સ્કીના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ તેમના છેલ્લા લાઇવસ્ટ્રીમમાં તેમણે કહ્યું હતું કે તે ક્રેમનિકના આરોપોના કારણે ખૂબ માનસિક તણાવમાં છે. ■

# રિયલ મેડ્રિડને ઝટકો : ઇન્જર્ડ એમ્બાપ્પે ત્રણ વીક માટે આઉટ

પૅરિસ : સ્પેનિશ ક્લબ રિયલ મેડ્રિડના સ્ટાર સ્ટ્રાઈકર કિલિયન એમ્બાપ્પેને ડાબા ઘૂંટણમાં ઈજા થઈ છે. જેના કારણે તે ત્રણ અઠવાડિયા સુધી બહાર થઈ ગયો છે. રિયલ મેડ્રિડે એક નિવેદનમાં કહ્યું હતું કે ફ્રાન્સના સ્ટાર ફૂટબોલર એમ્બાપ્પેને પગમાં ઈજા પહોંચી છે પરંતુ તે ક્યારે સંપૂર્ણપણે સ્વસ્થ થશે તે સ્પષ્ટ કર્યું નથી. ફ્રાન્સ મીડિયાએ સૂત્રોને ટાંકીને કહ્યું હતું કે એમ્બાપ્પે ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા સુધી ઉપલબ્ધ રહેશે નહીં. એમ્બાપ્પે છેલ્લા કેટલાક અઠવાડિયાથી તેના ઘૂંટણના પાછળના ભાગમાં પીડા અનુભવી રહ્યો છે. એમઆરઆઈમાં જાણવા મળ્યું છે કે તેને સારવાર અને આરામની જરૂર છે. આ સ્ટ્રાઈકર હાલમાં શાનદાર ફોર્મમાં છે. આ મહિનાની શરૂઆતમાં એમ્બાપ્પેએ ૨૦૨૫માં રિયલ મેડ્રિડ માટે તેનો ૫૯મો ગોલ કર્યો હતો, જે એક વર્ષમાં સૌથી વધુ ગોલ કરવાના ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના ક્લબ રેકોર્ડની બરાબરી કરી હતી. ■

# મને લાગ્યું હતું કે હું ફરી ક્યારેય બોલિંગ કરી શકીશ નહીં: ચેતન સાકરિયા

બેંગલુરુઃ સૌરાષ્ટ્રના ઝડપી બોલર ચેતન સાકરિયાને ત્રણ વર્ષ પહેલા સુધી ભારતના ઊભરતા ઝડપી બોલરોમાંના એક ગણવામાં આવતો હતો પરંતુ ઈજાના કારણે લાંબા સમય સુધી બહાર રહ્યા બાદ તે માનવા લાગ્યો હતો કે હવે ફરીથી તે ક્યારેય રમી શકશે નહીં. સાકરિયાએ વર્તમાન સ્થાનિક સીઝનમાં વિજય હઝારે ટ્રોફીમાં સૌરાષ્ટ્ર તરફથી એક મેચ રમી હતી, જે ફેબ્રુઆરી ૨૦૨૪ પછી તેની પહેલી મેચ હતી.

સાકરિયાએ કહ્યું હતું કે, જ્યારે હું ઈજાગ્રસ્ત થયો હતો ત્યારે મને લાગ્યું હતું કે હું ક્યારેય વાપસી કરીશ નહીં. હવે આ સ્થાનિક સીઝનમાં રમીને મને ખૂબ સારું લાગે છે. સૌરાષ્ટ્ર માટે બોલિંગ કરવી ખૂબ સારો અનુભવ રહ્યો છે.

આ ઝડપી બોલરને ૨૦૨૪ની શરૂઆતમાં ડાબા કાંડામાં ઈજા થઈ હતી જેમાંથી સ્વસ્થ થવામાં ઘણો સમય લાગ્યો હતો. ■

# ટી-૨૦ વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ સ્પિનરોની બોલબાલા

મેલબર્ન : ઓસ્ટ્રેલિયાએ આ વર્ષે યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી. ફાસ્ટ બોલર પેટ કમિન્સ અને જોશ હેઝલવૂડની ટીમમાં વાપસી થઈ છે. જ્યારે ઓલરાઉન્ડર મિશેલ ઓવેનને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. પસંદગીકારોએ સ્પિન પર ખાસ ધ્યાન આપતા સંતુલિત ટીમ પસંદ કરી છે. મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઇલીએ ટીમ પસંદગી પર વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને ટિમ ડેવિડ સ્વસ્થ થઈ રહ્યા છે અને અમને વિશ્વાસ છે કે તેઓ વર્લ્ડ કપ માટે ઉપલબ્ધ રહેશે.

મિશેલ સ્ટાર્કે ટી-૨૦માંથી નિવૃત્તિ લઈ લીધી છે ત્યારે ઓસ્ટ્રેલિયાએ કોઈ પણ ડાબા હાથના ઝડપી બોલરને પસંદ ન કરવાનો નિર્ણય લીધો હતો. કૂપર કોનોલીને સ્થાન આપવામાં આવ્યું છે જેણે ઓસ્ટ્રેલિયા તરફથી છેલ્લી ૧૨ ટી-૨૦ મેચ રમી નથી.

ઓસ્ટ્રેલિયા ટૂર્નામેન્ટની શરૂઆત ૧૧ ફેબ્રુઆરીએ કોલંબોમાં આયરલેન્ડ સામે કરશે, ત્યારબાદ ૧૩ ફેબ્રુઆરીએ કોલંબોમાં ઝિમ્બાબ્વે સામે રમશે, ત્યારબાદ ૧૬ ફેબ્રુઆરીએ કેન્ડીમાં શ્રીલંકા સામે અને ૨૦ ફેબ્રુઆરીએ ઓમાન સામે મેચ રમશે.

આ મહિનાના અંતમાં પેટ કમિન્સની પીઠનું સ્કેન કરવામાં આવશે ત્યારબાદ નક્કી કરવામાં આવશે કે કમિન્સ રમશે કે નહીં. જોશ હેઝલવૂડ અને ટિમ ડેવિડ બંને હેમસ્ટ્રિંગ ઇજાઓમાંથી વાપસી કરી રહ્યા છે. આઈસીસીના નિયમો અનુસાર, ૩૧ જાન્યુઆરી સુધી ટીમમાં ફેરફાર કરી શકાય છે. તે સિવાય ઓસ્ટ્રેલિયા આ મહિનાના અંતમાં પાકિસ્તાન સામે ત્રણ મેચની ટી-૨૦ સિરીઝ રમશે. ■

**ટીમ**

મિશેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, પેટ કમિન્સ, ટિમ ડેવિડ, કેમરૂન ગ્રીન, નૅથન એલિસ, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, મેથ્યુ કુહનમેન, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, માર્કસ સ્ટોઈનિસ, એડમ ઝેમ્પા.

## ગુજરાત

# માવઠાનો માર નહીં પડે તો કેસર કેરી મન મૂકીને ખવાશે, આંબાઓ મોરથી લચી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં વરસાદી વાતાવરણ થઈ જતા ખેડૂતો ઉચાટમાં છે. અન્ય પાક સાથે કેસર કેરીના પાકને પણ માવઠું નુકસાન કરી શકે છે. જોકે સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ગીર-સોમનાથ, વંથલી પંથકમાં હજુ સુધી ખાસ વરસાદી વાતાવરણ નથી. આ રાહત માત્ર કેરીના ખેડૂતો માટે જ નહીં પણ કેરીના રસિયાઓ માટે પણ છે, કારણ કે જો હવામાન સાથે આપશે તો આ વર્ષે કેરી મબલખ ઠલવાશે, તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. આ વર્ષે આંબાઓ પર મોર આવવાની પ્રક્રિયા થોડી મોડી ચાલુ થઈ હતી, પરંતુ ડિસેમ્બરના અંત સુધીમાં આંબાઓ મોરથી લચી પડ્યા હતા. જો હવામાન અનુકૂળ રહેશે તો માર્ચના અંતમાં કે એપ્રિલમાં બજારોમાં ઢગલાબંધ કેસર કેરી ઠલવાશે.

ઑક્ટેબર મહિનામાં સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદને લીધે આંબાઓને પણ અસર થઈ હતી અને ફ્લાવરિંગ અટલે કે મોર આવવાની શરૂઆત મોડી થઈ હતી, પરંતુ હવે લગભગ ૬૦ ટકા જેટલા આંબાઓમાં મોર આવી ગયા છે.

જોકે હજુ થોડી વધુ ઠંડી હોય તો વધારે પાકની શક્યતા છે, તેમ ખેડૂતો જણાવે છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, દિવસનું તાપમાન આંબા માટે માફક રહે છે, પરંતુ ફળ બેસવા માટે હજુ થોડી વધુ ઠંડી રાતની જરૂર પડશે. જો જાન્યુઆરી મહિનો પણ સાનુકૂળ રહે અને માવઠું ન પડે, તો એપ્રિલના મધ્ય કે અંત સુધીમાં કેરી બજારમાં આવી જશે. સામાન્ય રીતે આંબામાં મોર આવવાની પ્રક્રિયા નવેમ્બરના મધ્યથી શરૂ થઈ ફેબ્રુઆરીના અંત સુધી ચાલે છે. જે મોર જાન્યુઆરી સુધીમાં ફળમાં રૂપાંતરિત થઈ જાય છે, તેનો પાક વહેલો ઉતરે છે અને બજારમાં તેના પ્રીમિયમ ભાવ મળે છે. મે મહિનામાં જ્યારે આવક વધે છે ત્યારે ભાવ ઘટતા હોય છે, તેથી ખેડૂતો વહેલા પાકને વધુ પસંદ કરે છે.

આ અંગે મુંબઈ સમાચાર સાથે ખાસ વાતચીતમાં ગીર સોમનાથ ખાતેના મેંગો એક્સેલન્સ સેન્ટરના હોર્ટિકલ્ચર ઓફિસર વિજયસિંહ બારડે જણાવ્યું હતું કે ફ્લાવરિંગ ખૂબ સારું થયું છે અને હજુ થઈ રહ્યું છે. આ સાથે મેલ ફીમેલ ફ્લાવરિંગનો રેશિયો ઘણો સારો છે. હવામાન આ રીતે જ અનુકૂળ રહેશે તો આ વર્ષે કેરીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થશે. કેસર કેરીની ખેતી ગુજરાતના ૧૧ જિલ્લામાં થાય છે, પરંતુ મુખ્ય ઉત્પાદન સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી અને ભાવનગરમાં છે. ગીર કેસરની મુખ્ય સીઝન સામાન્ય રીતે મે થી જૂનના અંત સુધી હોય છે. ગુજરાતમાં કેસર કેરીનું વાવેતર આશરે ૪૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં થાય છે. સરેરાશ વાર્ષિક ઉત્પાદન અંદાજે ૨.૮૦ લાખ મેટ્રિક ટન છે. કેસર કેરી જેટલી ગુજરાત અને દેશભરમાં ખવાય છે, તેટલી જ વિદેશોમાં પણ નિકાસ થાય છે. છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી અનુક્રમે તૌકતે વાવાઝોડા અને કમોસમી વરસાદ સહિતના અન્ય કારણોને લીધે કેસર કેરીના ખેડૂતો નુકસાની વેઠી રહ્યા છે ત્યારે આ વર્ષ સારું જાય તેવી હાલમાં તો પ્રાર્થના કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં ઈડીએ મોટા શૅરમાર્કેટ કૌભાંડનો કર્યો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ઝોનલ ઓફિસે ગુજરાતમાં એક મોટા શૅરબજાર રોકાણ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો, જેમાં રોકાણકારોને અવાસ્તવિક રીતે ઊંચા વળતરનું વચન આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

ઈડીએ છેતરપિંડી કરેલા નાણાંને સોના, ચાંદી, રોકડ અને સ્થાવર મિલકતો જેવી સંપત્તિમાં શોધી કાઢી હતી ત્યારબાદ આ સમગ્ર કૌભાંડની કડી મળી હતી. આ સંપત્તિ શેરમાર્કેટના કથિત કૌભાંડના નાણાંથી ખરીદવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈડીની તપાસમાં બહાર આવ્યું હતું કે સેબીમાં રજિસ્ટર્ડ એક જ સલાહકારના રજિસ્ટ્રેશનનો ઉપયોગ કરી અનેક અનરજિસ્ટર્ડ ફર્મ ઊભી કરવામાં આવી હતી. જેના આધારે ઠગોએ કરોડોની છેતરપિંડી કરી હતી.

તપાસ દરમિયાન એજન્સીએ ૨.૪ કરોડ રૂપિયાની કિંમતના ૧૧૦ કિલોગ્રામ ચાંદી, ૧.૭ કરોડ રૂપયાની કિંમતનું ૧.૨૯૬ કિલોગ્રામ સોનું, ૩૯.૭ કિલો ચાંદીના ઘરેણાં, ભારતીય ચલણમાં ૩૮.૮ લાખ રૂપિયા, વિદેશી ચલણમાં ૧૦.૬ લાખ રૂપિયા, તેમજ ગેરકાયદે આવકમાંથી મેળવેલા અનેક મિલકત સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

મહેસાણા જિલ્લાના ખેરાલુ પોલીસ સ્ટેશનમાં હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર અને અન્ય લોકો વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રોકાણકારોને શેરબજારમાં ઊંચા વળતરના વચન આપીને લલચાવવામાં આવ્યા હતા, પરંતુ તેમના તરફથી મળેલાં નાણાંનું ક્યારેય રોકાણ કરવામાં આવ્યું ન હતું અને તેના બદલે વ્યક્તિગત ઉપયોગ માટે વાપરવામાં આવ્યા હતા. ગુજરાતમાં મોટા પ્રમાણમાં લોકો શૅરબજારમાં રોકાણ કરે છે અને વર્ષ ૨૦૨૫માં પણ સૌથી વધારે સાયબર ફ્રોડ શૅરમાર્કેટમાં રોકાણના નામે થયા હતા, આથી રોકાણકારોએ ખૂબ જ સતર્ક રહી રોકાણ કરવાની જરૂર છે. ■

# ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજજ કરવા ટાસ્ક ફોર્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજજ કરવા માટે રાજ્ય સરકારે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે.

રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને એસસીએડીએ જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામાં આવી હોવાથી, ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ૧૧ સભ્યની કોર કમિટી અને ૧૯ સભ્યની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે આઈટી અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. રાજ્યના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# ગુજરાત પોલીસમાં ૧૪ આઈપીએસને પ્રમોશન અને ૩૫ અધિકારીને પે-ગ્રેડનો લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવા વર્ષની શરૂઆતે જ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના પોલીસ બેડામાં મોટા પાયે બઢતીના આદેશો જારી કરવામાં આવ્યા હતા. કુલ ૧૪ ઉચ્ચ પોલીસ અધિકારીઓને ડીજીપી, એડીજીપી, આઈજીપી અને ડીઆઈજી કેડરમાં બઢતી આપવામાં આવી હતી.

આ યાદીમાં વડોદરાના પોલીસ કમિશનર નરસિમ્હા કોમર, ડૉ. પ્રફુલ્લકુમાર રૌશન અને ડૉ. એસ. પાંડિયા રાજકુમારને અધિક પોલીસ મહાનિર્દેશક ગ્રેડમાંથી ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ ગ્રેડમાં બઢતી આપી તે જ પદ પર કાર્યરત રાખવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરના એડિશનલ કમિશનર નીરજ કુમાર બદગુજરને આઈજી તરીકે બઢતી આપી સંયુક્ત પોલીસ કમિશનર તરીકે નિમણૂક અપાઈ છે. આ ઉપરાંત સુરતના ઇકોનોમિક વિંગના ડીસીપી ડૉ. કરણરાજ વાઘેલા, ઇન્ટેલિજન્સ એસપી ડો. સુધીરકુમાર જે. દેસાઈ અને રાજ્યપાલના એડીસી બલરામ મીના સહિત પાંચ અધિકારીને ડીઆઈજી ગ્રેડમાં બઢતી આપવામાં આવી છે.

કેન્દ્ર અને અન્ય કેડરમાં ડેપ્યુટેશન પર રહેલા ડૉ. વિપુલ અગ્રવાલ, સારાહ રિઝવી, શોભા ભૂતડા, પ્રદીપ શેજુળ અને સૌરભ સિંહને પણ પ્રોફોર્મા પ્રમોશનનો લાભ આપવામાં આવ્યો છે.

આ બઢતીની સાથે સરકારે અન્ય ૩૫ આઈપીએસ અધિકારીને પણ આર્થિક લાભ આપ્યા છે, જેમાં ૨૮ અધિકારીઓને જુનિયર એડ્મિનિસ્ટ્રેટિવનો ગ્રેડ અને ૭ અધિકારીને સિલેક્શન ગ્રેડમાં બઢતી આપવામાં આવી હતી. ■

# નવા વર્ષે ગુજરાત સરકારના ૫૦થી વધુ આઈએએસ અધિકારીઓને બઢતીની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવા વર્ષની શરૂઆતે ગુજરાત સરકારે વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરતા અનેક આઈએએસ અધિકારીઓને બઢતીની ભેટ આપી હતી. રાજ્ય સરકાર દ્વારા કુલ પાંચ આઈએએસ અધિકારીને એપેક્સ સ્કેલમાં, બે અધિકારીને હાયર એડ્મિનિસ્ટ્રેટિવ ગ્રેડમાં અને સાત અધિકારીને સુપર ટાઈમ સ્કેલમાં બઢતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, અન્ય ૩૫ અધિકારીને પણ સિલેક્શન ગ્રેડ, જુનિયર એડ્મિનિસ્ટ્રેટિવ ગ્રેડ અને સિનિયર ટાઈમ સ્કેલમાં બઢતી આપવામાં આવી હતી.

મુખ્ય ફેરફારોમાં ૧૯૯૬ બેચના પાંચ વરિષ્ઠ સચિવને હવે અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપવામાં આવી હતી. જેમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મોના ખંધાર, નાણાં વિભાગના ડૉ. ટી. નટરાજન, આરોગ્ય વિભાગના રાજીવ તોપનો, ઉદ્યોગ અને ખાણ વિભાગના મમતા વર્મા તથા શિક્ષણ વિભાગના મુકેશ કુમારનો સમાવેશ થાય છે. આ તમામ અધિકારીઓ હવે તેમના સંબંધિત વિભાગોમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવશે. આ સાથે જ ૨૦૦૧ બેચના આરતી કંવર અને વિજય નહેરાને પ્રિન્સિપાલ સેક્રેટરીના રેન્કમાં બઢતી આપવામાં આવી હતી.સુપર ટાઈમ સ્કેલ હેઠળ બઢતી મેળવનારા અધિકારીઓમાં અમદાવાદના કલેક્ટર સુજિતકુમાર અને કચ્છ-ભુજના કલેક્ટર આનંદ પટેલનો સમાવેશ થાય છે, જેઓ પોતાની વર્તમાન જવાબદારીઓ ચાલુ રાખશે. આ યાદીમાં ભાવનગરના મ્યુનિસિપલ કમિશનર ડૉ. નરેન્દ્ર કુમાર મીના, ટેક્નિકલ શિક્ષણ નિયામક બી. એચ. તલાટી, માહિતી નિયામક કે. એલ. બચાણી અને પાટણ કલેક્ટર તુષાર ભટ્ટને પણ બઢતી આપવામાં આવી છે. વડા પ્રધાન કાર્યાલયમાં ફરજ બજાવતા ડૉ. હાર્દિક શાહને પણ ભારત સરકારમાં તેમની સેવાઓ યથાવત્ રાખીને પ્રોફોર્મા પ્રમોશન આપવામાં આવ્યું છે. ■

# અમદાવાદ પોલીસનું જાહેરનામું: હવે ભાડૂતોની માહિતી પોલીસને આપવી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મકરસંક્રાંતિ, પ્રજાસત્તાક દિન અને મહાશિવરાત્રી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા એક મહત્ત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો મુજબ, અસામાજિક કે આતંકવાદી તત્ત્વો શહેરમાં રહેણાક વિસ્તારોમાં ગુપ્ત રીતે આશરો લઈ જાહેર શાંતિનો ભંગ કરી શકે તેવી શક્યતા છે. આ જોખમને ટાળવા અને સુરક્ષાવ્યવસ્થા જાળવવા માટે હવેથી કોઈપણ મકાનમાલિક, ઑફિસ કે ગોડાઉન માલિકે ભાડૂતોની સંપૂર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવવી ફરજિયાત રહેશે.

આદેશ અનુસાર, અમદાવાદ શહેરના તમામ મકાન, ઔદ્યોગિક એકમો, દુકાનો કે કોલ્ડ સ્ટોરેજના માલિકોએ ભાડૂતનું નામ, કાયમી સરનામું, ફોટો અને ઓળખના પુરાવા જેમ કે પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ કે પાનકાર્ડ પોલીસને આપવાના રહેશે. આ ઉપરાંત, મકાન માલિક અને ભાડૂત વચ્ચે સંપર્ક કરાવનાર મધ્યસ્થી કે એજન્ટની માહિતી પણ પુરાવા સાથે જમા કરાવવી પડશે, જેથી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખી શકાય. આ જાહેરનામું ૨૭ ફેબ્રુઆરી સુધી એટલે કે ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. ■

આઠમા પાનાનું ચાલુ

## નવા વર્ષના પહેલા દિવસે

હતી. ગત રાત્રે દક્ષિણ મુંબઈ, મધ્ય મુંબઈ, પશ્ચિમ ઉપનગરો અને થાણેના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આ હળવા વરસાદને કારણે શહેરમાં તાપમાન ઘટ્યું હતું.

હવામાનમાં આવેલા અચાનક પલટા માટે મુંબઈકરો તૈયાર નહોતા, ઘણા લોકોના ન્યુ યર પ્લાન બગડ્યા હતાં. કેટલાક લોકો છત્રી સાથે નવા વર્ષ ઉજવવા બહાર નીકળ્યા હતાં. વહેલી સવારે વરસેલા વરસાદને કારણે રોજિંદા જીવનને પણ અસર પહોંચી હતી. હવામાન વિભાગે જણાવ્યું કે દરિયાનો ભેજ હવા સાથે આવતા શહેરમાં હળવો વરસાદ પડ્યો. હવામાન વિભાગે આજે મુંબઈમાં વરસાદ અંગે ચેતવણી જાહેર કરી નથી.

સામાન્ય રીતે જાન્યુઆરી મહિનામાં મુંબઈમાં પ્રમાણમાં ઠંડું અને સૂકું હવામાન રહેતું હોય છે અને આકાશ સ્વચ્છ રહેતું હોય છે, વર્ષના પહેલા દિવસે વરસાદ ભાગ્યે જ જોવા મળે છે. નવા વર્ષની રાત્રે વરસાદ અંગે સોશ્યલ મીડિયા પર ચર્ચા થઇ રહી છે. મુંબઈમાં અણધાર્યા વરસાદને કારણે લોકો ક્લાઈમેટ ચેન્જ અંગે ચર્ચા કરી રહ્યા છે. બીજી તરફ ઉત્તર ભારતમાં ઠંડી વધી રહી છે. દિલ્હીમાં ગઈ કાલનો દિવસ છ વર્ષમાં ડિસેમ્બરમાં નોંધાયેલો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. રાજસ્થાનમાં પણ કડકડતી ઠંડી પડી રહી છે. આસામના ગુવાહાટીમાં દિવસના તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. વરસાદને કારણે શહેરના વાયુ પ્રદૂષણમાં પણ ઘટાડાની અપેક્ષા છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અહેવાલ અનુસાર મુંબઈનો એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૧૨૨ હતો, જે મિડલ કેટેગરીમાં આવે છે. મહારાષ્ટ્રમાં આગામી દિવસોમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે, જ્યારે વરસાદને કારણે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે.

## પુણે બ્લાસ્ટ કેસના આરોપીની ગોળી મારી હત્યાઃ બે પકડાયા

અહિલ્યાનગરઃ પુણેમાં ૨૦૧૨માં થયેલા સિરિયલ બ્લાસ્ટ કેસના આરોપી બંટી જહાંગીરદારની અહિલ્યાનગરમાં ગોળી મારી હત્યા કરવાના કેસમાં સંડોવાયેલા બે આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા બન્નેની ઓળખ રવીન્દ્ર નિકાળજે (૨૩) અને કૃષ્ણ શિંગારે (૨૩) તરીકે થઈ હતી. જહાંગીરદારની હત્યામાં બન્નેની સંડોવણી સામે આવી હતી. જહાંગીરની કોઈની સાથે રાજકીય અદાવત હતી કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ શ્રીરામપુરમાં બોરવકે કૉલેજ રોડ પરથી બુધવારે જહાંગીરદાર દફનવિધિમાંથી એક સગા સાથે સ્કૂટર પર પાછો ફરી રહ્યો હતો ત્યારે તેના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. બાઈક પર આવેલા બે જણ પિસ્તોલમાંથી ગોળીબાર કરી ફરાર થઈ ગયા હતા.

આ હુમલામાં જહાંગીરદારને બે ગોળી વાગી હતી. સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં મોડી સાંજે તેનું મૃત્યુ થયું હતું.

પુણેના જંગલી મહારાજ રોડ પર થયેલા શ્રેણિબદ્ધ બૉમ્બ ધડાકા કેસમાં એન્ટી ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) જહાંગીરદારની ધરપકડ કરી હતી. પહેલી ઑગસ્ટ, ૨૦૧૨ના રોજ પુણેના ભીડવાળા માર્ગ પર ઓછી તીવ્રતાવાળા ચાર ધડાકા થયા હતા. બાળગાંધર્વ થિયેટર, દેના બૅન્કની શાખા, મેક્ડોનલ્ડ્સ આઉટલેટ અને ગરવારે બ્રિજ નજીક આ બ્લાસ્ટ થયા હતા.

જહાંગીરદાર વિરુદ્ધ અહિલ્યાનગરમાં હત્યા સહિતના અનેક ગુના નોંધાયેલા છે. બૉમ્બ બ્લાસ્ટ કેસમાં તે ૨૦૨૩માં જ જામીન પર છૂટ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## મુંબઈ એરપોર્ટ પર મોટો ફેરફાર! 'ટેક્સીવે એમ' કાર્યરત

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક (સીએસએમઆઈએ) એ તેના હવાઈ માળખામાં મોટા અને જરૂરી સુધારા કર્યા છે. એરપોર્ટ પર તાજેતરમાં એક નવું 'ટેક્સીવે એમ' લોન્ચ કરવામાં આવ્યું છે. આનાથી વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ પૈકીના એક મુંબઈ એરપોર્ટની કાર્યક્ષમતા અને સલામતી વધુ મજબૂત બનશે.

મુંબઈ એરપોર્ટ દરરોજ સરેરાશ ૯૫૦ થી વધુ વિમાનોની અવરજવર (એટીએમ) સંભાળે છે. અત્યાર સુધી, મુખ્ય રનવે ૦૯/૨૭ માટે ફક્ત એક જ સમાંતર ટેક્સીવે (પીટીટી એન-એન૧) ઉપલબ્ધ હતો. જોકે, વધતા ટ્રાફિક અને જાળવણી માટે મર્યાદિત સમય હોવાથી, બીજા સમાંતર ટેક્સીવેની સખત જરૂર હતી. 'ટેક્સીવે એમ' એ આ જરૂરિયાત પુરી કરી છે.

એરક્રાફ્ટ ટેક્સીનો સમય (રનવેથી ટર્મિનલ સુધીનો સમય) ઘટાડવામાં આવશે, જેના કારણે વિમાનનું આગમન અને પ્રસ્થાન ઝડપી બનશે. રનવે પર વિમાનોની ઝડપી ગતિવિધિને કારણે એરલાઇન્સ માટે સમયસર ફ્લાઇટ્સ ચલાવવાનું સરળ બનશે. એટલું જ નહીં, પરંતુ વિમાનોને જમીન પર તેમના એન્જિન ચાલુ રાખીને વધુ રાહ જોવી પડશે નહીં, જેના પરિણામે બળતણની બચત થશે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે.ટેક્સીવે એમનું બાંધકામ અત્યંત પડકારજનક હતું. એરોડ્રોમ રેસ્ક્યુ એન્ડ ફાયર ફાઇટિંગ (એઆરએફએફ) બિલ્ડિંગ, જે ફાયર વિભાગની ઇમારત છે, તે રસ્તામાં અવરોધ હતી. આ સમસ્યાને દૂર કરવા માટે, એરપોર્ટ વહીવટીતંત્રે જૂના ફાયર સ્ટેશનની ઇમારતને સ્થાનાંતરિત કરી.

## મરાઠીમાં

કલાક સુધી રાહ જોતો બેસાડી રાખવામાં આવ્યો હતો. આ અંગે રેલવેના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે પાટીલે સ્ટેશન માસ્ટર સાથે ગેરવર્તન કર્યું હતું. તેની પાસે યોગ્ય ટિકિટ પણ નહોતી, જેને પગલે તેને સ્ટેશન પર બેસાડી રાખવામાં આવ્યો હતો.

વેસ્ટર્ન રેલવેના પ્રવક્તા વિનીત અભિષેકે જણાવ્યું હતું કે તેમના નેટવર્કમાં હંમેશાં મરાઠી, અંગ્રેજી અને હિન્દીમાં એનાઉન્સમેન્ટ કરવામાં આવે છે. (એજન્સી)

## ટ્રાફિક પોલીસ

બુધવારે રાતના પોતાની ડ્યૂટી પૂરી કર્યા પછી કોન્સ્ટેબલ સાસ્તે ટ્રેનથી થાણેથી કલ્યાણ સ્થિત પોતાને ઘરે જઈ રહ્યો હતો, જ્યાં ટ્રેન પર ઊભો રહ્યો હતો, જ્યાં ટ્રેન મુલુંડ પહોંચી ત્યારે સંતુલન ગુમાવ્યું હતું, જ્યાં પ્લેટફોર્મ પર પડ્યો હતો. મુલુંડ રેલવે સ્ટેશને હાજર પોલીસે તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

અગાઉ ગયા વર્ષે પહેલી જૂનના મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન ખાતે પણ એક અકસ્માત સર્જાયો હતો, જ્યાં ઊંધી દિશામાં લોકલ ટ્રેનમાંથી ઉતરતી વખતે લોખંડની રેલિંગમાં ગરદન ફસાઈ જવાને કારણે ૨૭ વર્ષના યુવકનું મોત થયું હતું. રેલવે પોલીસે કહ્યું હતું કે લોકલ ટ્રેનમાં ઉતરવાની કોશિશમાં યુવક વિચિત્ર અકસ્માતનો ભોગ બન્યો હતો.

## ચૂંટણી માટે કુલ

યાદી પ્રકાશિત કરવામાં આવી છે. મતદારોને મતદાનના દિવસે કોઈપણ પ્રકારની મૂંઝવણ કે અગવડતા ટાળવા માટે, મતદારોએ અગાઉથી તેમનાં નામ યાદીમાં ચેક કરી લેવાની અને મતદાન મથક કયા છે તે જાણી લેવાની સલાહ પણ આપવામાં આવી છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના અધિકારક્ષેત્ર હેઠળના મતદારો માટે સાત ઝોનમાં ૨૪ એડમિનિસ્ટ્રેશન ઓફિસ અને ૨૩ કેન્દ્રીય મતદાન મથકો અનુસાર મતદાન માટે કુલ ૧૦,૨૩૧ મતદાન કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. મતદાન પ્રક્રિયામાં કોઈપણ અગવડતા ન પડે તે માટે દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે ખાસ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મતદાન મથકો પર વીજળી પુરવઠો, પીવાનું પાણી, શૌચાલય, રેમ્પ વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. રિટર્નિંગ ઓફિસરે તેનું નિરીક્ષણ અને ચકાસણી કરી છે. મતદારોને તેમનાં નામ શોધવામાં મદદ કરવા માટે મતદાન મથકો નજીક મતદાર સહાય કેન્દ્રો સ્થાપવામાં આવશે. મતદાન મથકો પર માહિતી બોર્ડ લગાવવા સૂચનાઓ આપવામાં આવી છે. એકંદરે, સરળ, સલામત અને અનુકૂળ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે વિવિધ સ્થળોએ અને વિવિધ પ્રકારની જગ્યાઓ પર મતદાન મથકો માટે વ્યાપક અને સુઆયોજિત વ્યવસ્થા કરવામાં આવી છે. ભૂતકાળના થયેલી તકલીફને ધ્યાનમાં લેતા, વિવિધ પ્રકારની ઇમારતો અને જગ્યાઓમાં કુલ ૧૦,૨૩૧ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે. જેમાંથી ૪,૩૮૬ મતદાન મથકો સરકારી/અર્ધ-સરકારી ઇમારતોમાં સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આમાંથી ૨,૩૮૭ મતદાન મથકો બંધ જગ્યાઓમાં, ૮૮૦ મતદાન મથકો અર્ધ-બંધ જગ્યાઓમાં અને ૧,૧૧૯ મતદાન મથકો ખુલ્લી જગ્યાઓમાં હશે.

એ ઉપરાંત, હાઉસિંગ સોસાયટી કુલ ૭૦૨ મતદાન મથકો ગોઠવવામાં આવ્યા છે. આમાંથી ૧૮૧ મતદાન મથકો બંધ જગ્યાઓમાં, ૩૧૨ મતદાન મથકો અર્ધ-બંધ જગ્યાઓમાં અને ૨૦૯ મતદાન મથકો ખુલ્લી જગ્યાઓમાં હશે. આ ઉપરાંત, કુલ ૫,૧૪૩ મતદાન મથકો ખાનગી ઇમારતોમાં સ્થાપિત કરવામાં આવશે. આમાંથી ૨,૭૧૦ મતદાન મથકો બંધ જગ્યાઓમાં, ૧,૩૭૮ મતદાન મથકો અર્ધ-બંધ જગ્યાઓમાં અને ૧,૦૫૫ મતદાન મથકો ખુલ્લી જગ્યાઓમાં હશે.

## સંસ્થા સમાચાર

### સ્પોર્ટ્સ ડેમાં બાળકોએ દેખાડ્યો જોશ



શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ સંચાલિત શ્રીમતી પ્રાણકુંવર ઉમેદચંદ દોશી નર્સરી અને કે.જી. ક્લાસેસ લિટલ સ્ટાર પ્રી સ્કૂલ દ્વારા સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં નાનાં બાળકોએ હરખભેર ભાગ લીધો હતો. વિજેતા બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

### શંખેશ્વર તીર્થે અઠ્ઠમનો શંખનાદ

પ.પૂ. અધ્યાત્મયોગી આ. દેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ-પ્રતિષ્ઠાચાર્ય પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિવિજયજી અને શ્રી તીર્થરૂચીવિજયજી મ.સા. સાથે આદિ વિશાળ શ્રમણવૃંદની નિશ્રામાં ૧૦૮ આગમ મંદિરના વઢીયાર દેશના શ્રી શંખેશ્વર મહાતીર્થમાં અઠ્ઠમતપનો શંખનાદ થયો. પ્રથમ દિવસે વિશાળ ગુરુભક્તોના સથવારે નગર પ્રવેશ, દાદાના દરબાર, ઉત્તરપારણું, બીજા દિવસે પાર્શ્વ પદ્માવતી પૂજન, પૂ.કલાપૂર્ણસૂરીના સંસારી જીવન પર આધારિત નતમો યોગેશ્વરમ ભાવનાથ રજૂઆત, ત્રીજે દિવસે જિનશાસનના ઈતિહાસમાં સર્વપ્રથમવાર શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનો સામૂહિક ૩૬ લાખનો જાપ, ચોથે દિવસે ૧૦૮ મેરુની સ્થાપના-મેરુ મહોત્સવ, પ્રભુ પાર્શ્વનો જન્મકલ્યાણક, યાદગાર જાજરમાન વરઘોડો, પારસનાથ કથા સાથે પાંચમા દિવસે અઠ્ઠમના પારણાં.

### પાટોત્સવ-બડોમનોરથ અને અન્નકૂટ ઉત્સવ

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠગૃહાધિપતિ પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીપુરુષોત્તમલાલજી (રાજુ બાવા) તથા લાલન શ્રી અનુગ્રહકુમારની અધ્યક્ષામાં ત્રીજી જાન્યુઆરી શનિવારે ૧૩મો પાટોત્સવ અને બડો મનોરથ ચોથી જાન્યુઆરી રવિવારે અન્નકૂટ ઉત્સવનું આયોજન ૬૦ ફૂટ રોડ, દિવાનમાન વિલેજ, વસઈ(પ)માં કરવામાં આવ્યું છે. વૈષ્ણવ સમાજને આ ઉત્સવમાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## તાડદેવમાં

નાકાબંધીમાં હતી. વરલી લોટસ સિગ્ન તરફથી પૂરપાટ વેગે આવી રહેલા સ્કૂટરને રોકવાનો ઇશારો નિઘોટે કર્યો હતો. જોકે સ્કૂટરસવારે બેદરકારીથી સ્કૂટર ચલાવી નિઘોટને અડફેટે લીધો હતો અને પછી ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં નિઘોટના ડાબા હાથ, આંગળી અને ડાબા પગના ઘૂંટણમાં ઇજા થઈ હતી. સારવાર માટે તેને નાયર હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. તાડદેવ પોલીસે જણાવ્યું હતું કે સીસીસીટીવી ફૂટેજને આધારે સ્કૂટરને વરલી પરિસરમાંથી શોધી કાઢવામાં આવ્યું હતું. જોકે ઘટના સમયે સ્કૂટર ચલાવનારાની શોધ કરવામાં આવી રહી છે.

## સગીરને

વિદ્યાર્થીનો સંપર્ક સાધ્યો હતો. આ એકાઉન્ટ યુવતીના નામ-તસવીર સાથે બનાવવામાં આવ્યું હતું. આ એકાઉન્ટના માધ્યમથી સગીર સાથે પ્રેમભરી વાતો કરી તેનો વિશ્વાસ સંપાદન કરવામાં આવ્યો હતો. ધીરે ધીરે સગીરને લાગણીના તાંતણે બાંધી દેવામાં આવ્યો હતો.

બાદમાં આરોપીઓએ યોજનાને અંજામ આપવાનું નક્કી કર્યું હતું. આરોપીએ સગીરને કલ્યાણ પૂર્વમાં નાંદિવલી ખાતે મળવા બોલાવ્યો હતો. યુવતી સાથેના મીઠા વાર્તાલાપથી આકર્ષાયેલો સગીર ઍપ આધારિત કૅબથી કલ્યાણ પહોંચ્યો હતો, જ્યાં તેનો ભેટો યુવતીને બદલે ચાર આરોપી સાથે થયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ચાર આરોપીએ સગીરનું અપહરણ કરી નજીકની ઈમારતના એક રૂમમાં પૂરી રાખ્યો હતો.

પછી સગીરના પરિવારને વ્હૉટ્સઍપ વૉઈસ મેસેજ મોકલાવી આરોપીએ ૨૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. આ પ્રકરણે સગીરના વડીલોએ ૨૮ ડિસેમ્બરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે સગીરને કલ્યાણમાં છોડનારી કૅબને ટ્રેસ કરી ડ્રાઈવરને શોધી કાઢ્યો હતો. તેની પાસેથી મળેલી વધુ માહિતીને આધારે પોલીસે નાંદિવલીની એક રૂમ પર રેઇડ કરી હતી. ફરિયાદ મળ્યાના ૨૪ કલાકમાં જ પોલીસે રૂમમાંથી સગીરને છોડાવી આરોપીઓની ધરપકડ કરી હતી. (એજન્સી)

## ટ્રાફિકના નિયમો

અવગણીને દારૂના નશામાં વાહન ચલાવનારાઓ પર કડક કાર્યવાહી કરવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા થર્ટીફર્સ્ટની રાતે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ઝુંબેશ હેઠળ શહેરના મુખ્ય માર્ગો, સર્કલ, શહેરમાં પ્રવેશનાં સ્થળે તેમ જ ભીડના ઠેકાણે પોલીસ દ્વારા નાકાબંધી કરવામાં આવી હતી. નાકાબંધી દરમિયાન શંકા જાય એ વાહનોને રોકી બ્રેથ એનેલાઈઝર્સ દ્વારા ડ્રાઈવરોની તપાસ કરવામાં આવી હતી.

બ્રેથ એનેલાઈઝર ટેસ્ટમાં કોઈ ડ્રાઈવર નશામાં વાહન ચલાવતો હોવાની ખાતરી થાય તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. એ સિવાય આવા ૨૧૧ ડ્રાઈવર વિરુદ્ધ ગુના પણ નોંધવામાં આવ્યા હતા.

ટ્રાફિક પોલીસે વિના હેલ્મેટ વાહન ચલાવનારા, સિગ્નલ જંપ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, રૉન્ગ સાઈડમાં વાહન ચલાવનારા, લાઈસન્સ વિના વાહન ચલાવનારા, ટ્રિપલ સીટ, ગતિમર્યાદા કરતાં વધુ સ્પીડે વાહન ચલાવનારા અને સીટબેલ્ટ વગર વાહન ચલાવનારાઓ સામે પણ કાર્યવાહી કરી હતી. આ રીતે ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા પ્રકરણે ૧૩,૭૫૨ ઈ-ચલાન કપાયાં હતાં, જેમાં કુલ ૧,૩૧,૧૪,૮૫૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, એવું વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

## કોણ - ક્યાં - નવા રાજકીય

છે. ઓવૈસી અને રાજ ઠાકરેના પક્ષોથી દૂર રહેનારી કૉંગ્રેસે અનેક મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઓવૈસીની પાર્ટી, એમઆઈએમ સાથે જોડાણ કર્યું છે. બંને ઠાકરે ભાઈઓ મોટા ભાગની મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. આમ જોડાણના દૃષ્ટિકોણથી આ ચૂંટણી ખૂબ જ રસપ્રદ બની છે.

બીએમસીમાં ૨૨૭ કોર્પોરેટર માટેની ચૂંટણી ખૂબ જ રસપ્રદ બની છે. ભાજપ અને શિંદેસેનાના ગઠબંધનને ઉદ્ધવ સેના અને રાજ ઠાકરે પડકાર આપી રહ્યા છે. કેટલીક જગ્યાએ કૉંગ્રેસ અને વંચિત ગઠબંધન પ્રયાસો કરી રહ્યા છે. અજિત પવારે ૬૪ બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે. ભાજપ અને શિંદે ગઠબંધને સ્પષ્ટ કર્યું છે કે ભાજપ ૧૩૭ બેઠક પર અને શિંદેસેના ૯૦ બેઠક પર ચૂંટણી લડી રહી છે. તે જ સમયે, ઉદ્ધવ સેનાએ ૧૭૫ બેઠક પર, રાજ ઠાકરેની મનસે બાવન બેઠકો પર, શરદ પવારની એનસીપી ફક્ત ૧૧ બેઠક પર ચૂંટણી લડી રહી છે. કૉંગ્રેસ ૧૬૫ બેઠકો પર, જ્યારે વંચિત આઘાડી ૬૨ બેઠક પર, કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેની આરપીઆઈએ ૩૯ બેઠકો પર અને સમાજવાદી પાર્ટીએ ૧૫૦થી વધુ બેઠકો પર પોતાનો દાવો રજૂ કર્યો છે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રિકોણીય મુકાબલાની શક્યતા છે. અહીં શિંદે સેના અને ભાજપ સાથે છે, જ્યારે ઉદ્ધવસેના અને મનસે સાથે છે. ત્રીજો જૂથ કૉંગ્રેસનો છે, જેમાં શરદ પવારની એનસીપી અને બહુજન વંચિત આઘાડીનો સમાવેશ થાય છે. કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ અને શિંદેસેનાનું ગઠબંધન છે, ઉદ્ધવસેના અને મનસે સાથે છે, જ્યારે કૉંગ્રેસ, શરદ પવારની એનસીપી અને વંચિત બહુજનનું ગઠબંધન છે.

બીજી તરફ મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ અને શિંદેસેના વચ્ચેનું ગઠબંધન તૂટી ગયું છે. જ્યારે ઉદ્ધવ સેના, રાજ ઠાકરે સાથે છે. કૉંગ્રેસ અને શરદ પવારની એનસીપી ગઠબંધનમાં છે, જ્યારે હિતેન્દ્ર ઠાકુરની બહુજન વિકાસ આઘાડી એકલા હાથે ચૂંટણી લડી રહી છે. વસઈ-વિરારમાં કૉંગ્રેસે એઆઇએમઆઇએમ સાથે હાથ મિલાવ્યા છે, જ્યારે ત્રણ મહાયુતિ પક્ષો - ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી - એક થયા છે.

ભિવંડીમાં ભાજપ અને શિંદેસેના વચ્ચે ગઠબંધન છે, જ્યારે અજિત પવાર, શરદ પવાર અને કૉંગ્રેસ અલગ છે. ઉદ્ધવ ઠાકરેભાઈઓ બંને સાથે છે. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ અને શિંદેની શિવસેના અલગ અલગ ચૂંટણી લડી રહી છે. ઠાકરેભાઈઓ સાથે છે, જ્યારે શરદ પવારની એનસીપી અને કૉંગ્રેસનું અલગ ગઠબંધન છે. ઉલ્હાસનગરમાં, શિંદેસેનાએ ટીમ ઓમી કલાની અને સાંઈ પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. પનવેલમાં, ભાજપ અને શિંદે, જ્યારે ઠાકરે બંધુઓ, કૉંગ્રેસ, શરદ પવાર અને ખેડૂત કામદાર પક્ષ સાથે જોડાણમાં છે. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પણ રસપ્રદ બની છે. પુણેમાં ભાજપ અને શિંદેસેના વચ્ચે કોઈ જોડાણ નથી. આ જોડાણ નિષ્ફળ ગયું કારણ કે ભાજપે શિંદેસેનાને પુણેમાં ૧૬૫ બેઠકોમાંથી ફક્ત ૧૬ બેઠકો ઓફર કરી હતી, જે નિર્ણય શિંદેસેના સ્વીકારવા તૈયાર નહોતી.

અહીં, શરદ પવાર અને અજિત પવારની પાર્ટી ગઠબંધન બનાવીને ભાજપને પડકારી રહ્યા છે. એનસીપી અને ભાજપને પડકારવા માટે, કૉંગ્રેસે ઠાકરે બંધુઓ સાથે જોડાણ કર્યું છે. પિંપરી-ચિંચવડમાં, કાકા-ભત્રીજા સાથે છે. ભાજપ અને શિંદેસેના સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. અહીં, કૉંગ્રેસે ઉદ્ધવસેના અને રાજ ઠાકરે સાથે જોડાણ કરીને ચૂંટણી લડી રહી છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મુંબઇ (ચોપાટી) શાંતાબેન ઝવેરચંદ શાહના સુપુત્ર મુકેશભાઇ (ઉં. વ. ૭૫) જયોત્સનાબેનના પતિ. બીજલબેન, ધવલભાઇના પિતાશ્રી. નીના સુનીલ શાહના કાકા. રાહુલભાઇ, મેઘાબેનના સસરા. સ્વ. કંચનબેન રસિકલાલ ધોળકિયાના જમાઇ. યોહાન અને ધ્રૂવના નાના બુધવાર, તા.૩૧-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. બ્રિજમંડળ હોલ, એ. આર. રંગનેકર રોડ, સી-ફેસ, ગામદેવી, મુંબઇ-૪૦૦૦૦૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વડિયા (ભાવનગર) નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ચીમનલાલ જેચંદ શાહના ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૮૦) તા. ૩૧/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બાદલ, ધરતી, કિન્નરીના માતુશ્રી. સુરેશકુમાર અને જીગ્નેશકુમારના સાસુ. વિની યશેષકુમાર બારઇના નાની. સ્વ. રસીલાબેન બળવંતરાય, કોકિલાબેન રમેશચંદ્ર, સુરેખાબેન મનસુખલાલ, સ્વ. પુષ્પાબેન ચંપકલાલ, હંસાબેન શશીકાંતના ભાભી. પિયરપક્ષે સ્વ. ચંપકલાલ ચુનીલાલ લાખાણી દિહોરવાળાની સુપુત્રી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એસ/૧/૭૦૧, ઉદ્યોગ નગર, કમલા વિહાર, શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસરની સામે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઐરોલી નવીમુંબઈ, સ્વ. શારદાબેન બળવંતરાય રૂપશીભાઈ દોશીના સુપુત્ર ભૂપતરાઈ (ઉં.વ. ૭૭) તા. ૩૧/૧૨/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. જીગ્નેશ, આશિષ, રોશની જયેશ માલવિયાના પિતા. જીનલબેન, રૂપલબેનના સસરા. બિપીનભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. અશોકભાઈ, સ્વ. શોભનાબેન દિલીપભાઈ ગોયાણી, કીર્તિબેન અશોકકુમાર મહેતા, બીનાબેન મુકેશકુમાર ઝવેરીના ભાઈ. પિયરપક્ષે બીલખા નિવાસી હાલ કલકત્તા, સ્વ. અમૃતલાલ પ્રેમચંદ લાઠીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મહુવા નિવાસી, હાલ બોરીવલી, ઉષાબેન તથા પ્રવિણચંદ્ર શાંતિલાલ સંઘવીના સુપુત્ર ચી. પિનાંક (ઉં.વ. ૪૫) રાહુલના મોટાભાઈ. મોનાબેનના જેઠ. મોસાળપક્ષે બેચરદાસ માણેકચંદ દોશી (સાવરકુંડલા)ના દોહિત્ર. તા. ૧/૧/૨૬ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠેઃ ૪૦૧, લક્ષ્મી એપાર્ટમેન્ટ, શિમ્પોલી રોડ, રિલાયન્સ મોલની પાછળ, શિમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી શ્વે. મૂર્તિપૂજક જૈન**

સાયલા નિવાસી હાલ બોરીવલી, મહેશભાઈ મણિલાલ શાહ (ઉં.વ. ૮૫) બુધવાર, તા. ૩૧-૧૨-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન મણીલાલ શાહના પુત્ર. ભારતીના પતિ. દર્શિની નિમિષકુમાર શાહ તથા હાર્દિકના પિતાશ્રી. સ્વ. પ્રતાપભાઈ, સ્વ. પુષાબેન, સ્વ. મીનાબેન, સ્વ. કુંદનબેન, સ્વ. ભરતભાઈ અને કુસુમબેનના ભાઈ. સ્વ. શાંતાબેન મનસુખલાલ બાવીશીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના અ.સૌ. નિરંજના વિનોદ વીરા (ઉં.વ. ૭૦) તા. ૩૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઇ વેલજી કુરપાર માલશીના પુત્રવધૂ. વિનોદના ધર્મપત્ની. ભાવીની, બંકીમ, પરીનના માતુશ્રી. કસ્તુર જેઠાલાલના સુપુત્રી. મો. આસંબીયાના ભાવના નરેશ, મો. ખાખરના અનિલા જયેશ, નાંગલપુરના ભારતી દિનેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. વિનોદભાઇ વીરા, ૨૦૧, સારા રેસીડેન્સી, જેઠાભાઇ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

વડાલા હાલે બીજાપુરના રાઘવજી તેજસી ધરોડ (ઉં.વ. ૮૮) તા. ૨૯-૧૨-૨૫ના અવસાન પામેલ છે. તેઓ દેમુબેન તેજસી નરશીના પુત્ર. સ્વ. કેસરબેનના પતિ. સ્વ. મયંકના પિતા. વડાલાના સ્વ. મેઘબાઈ હંસરાજ, લુણીના સ્વ. નીલબાઈ - સ્વ. કેસરબેન કાનજી, સ્વ. ઉંમરબાઈ લાલજી, વડાલાના સ્વ. પુરબાઈ મેઘજી, સ્વ. હીરબાઈ, સ્વ. હેમકુંવર દામજી, સ્વ. મોરારજી, સ્વ. સુંદરબેન - સ્વ. સાકરબેન દામજીના ભાઈ. મોખાના ભાણબાઈ ઉદેશી વીરપારના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. રાઘવજી ધરોડ, મુકુંદ નગર, સ્ટેશન રોડ, વિજયાપુર (બીજાપુર), કર્ણાટક-૫૮૬૧૦૪.

રામાણીયા (હાલે કાનપુર)ના અશોક દેવજી સાવલા (ઉં.વ. ૭૩) તા. ૩૦/૧૨ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન દેવજીના સુપુત્ર. લતાબેન (લક્ષ્મી)ના પતિ. જીનેશ, હેતલ, જેસલ, સોનલના પિતાશ્રી. કાંડાગરા મઠાબાઈ મેઘજી રણશીના જમાઈ. વસનજી, ભુપેન્દ્ર, દેશલપુર ભારતી લખમશીના બનેવી. કમળા, રમીલાના નણંદોઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અશોક સાવલા, આનંદ વીલા, પાર્વતી બાગલા રોડ, કાનપુર-૨૦૮૦૦૧.

## વરસાદને કારણે

હતી. બસ આરે કોલોની માર્કેટ પાસે પહોંચી ત્યારે સામેથી આવેલી ટ્રક બસ સાથે ભટકાઈ હતી. બસ ડ્રાઈવરની કૅબિન નજીક જમણી તરફ ટ્રક ભટકાઈ હતી, જેને કારણે કૅબિનનો કાચ તૂટી ગયો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ગુરુવારે સવારે અચાનક વરસાદ થયો હતો, જેને કારણે રસ્તા ભીના થઈ ગયા હતા. ભીના માર્ગ પરથી પસાર થતી ટ્રકનું ટાયર એકાએક સ્લિપ થયું હતું, જેને કારણે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રક બસ સાથે ટકરાઈ હતી.

અકસ્માતમાં ગુજરાતના ટ્રક ડ્રાઈવર ઠાકુર, બસ ડ્રાઈવર મોહમ્મદ રફીક શેખ (૪૮)ને ગંભીર ઇજા થઈ હતી, જ્યારે કન્ડક્ટર રવીન્દ્ર પાંડુરંગ શેમ્બડકરના ડાબા હાથ-પગમાં નજીવી ઇજા થઈ હતી. સારવાર માટે ત્રણેયને જોગેશ્વરના ટ્રોમા કૅર સેન્ટરમાં લઈ જવાયા હતા, જ્યારે તબીબે ઠાકુરને મૃત જાહેર કર્યો હતો. બસ ડ્રાઈવર શેખના માથા અને જમણઆ પગ તેમ જ ઘૂંટણમાં ઇજા થઈ હતી. તેનું સીટી સ્કૅન પણ કરવામાં આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદીવલી સ્વ. વસંતરાય ગોરધનદાસ મહેતાના પત્ની ગં.સ્વ. અનસુયાબેન (ઉં.વ. ૯૩) તા. ૩૧-૧૨-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. ચિતલવાળા સ્વ. બાલુભાઈ માનેકચંદ પારેખ તથા અમરેલીવાળા સ્વ. ઓધવજી નરસિહદાસ શેઠની દિકરી. સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, રમેશભાઈ, સ્વ. રાજેશભાઈના માતુશ્રી. ગં.સ્વ. ઇન્દુબેન, વનીતાબેન, ભારતીબેન, દક્ષાબેન ગં.સ્વ. પીનાબેનના સાસુ. ભાવેશ - દિપ્તી, નિશાંત - પૂર્વી, ચિંતન - કિંજલ, ધ્રુવીન- કેલી, પ્રિયાંક-કાજલ અને કિન્નરી-સંદીપ, જીગીષા-પરાગ, મીતા-ઉદય, હીના-નીલેશના દાદી. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૬ના શુક્રવારે ૫ થી ૭. લોહાના મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

કૌકાવાળા સ્વ. પદમાબેન બાલકૃષ્ણ ત્રિભોવનદાસ મહેતાના પુત્ર કેતનભાઇના ધર્મપત્ની અ.સૌ. પૂજા (ઉં. વ. ૬૬) તે ખુશાલના માતુશ્રી. તે બીનાબેન હરેશકુમાર મહેતા તથા રૂપાલી સંજય મહેતાના ભાભી. તે સિહોરવાલા શાંતિબેન ઇશ્વરલાલ મહેતાના દીકરી. તે રંજનબેન લલિતકુમાર મહેતા, મિલનબેન ભાસ્કરભાઇ સંઘવી, ગં.સ્વ. ભામિની શૈલેષકુમાર પરીખ તથા તૃપ્તિબેન હરિતભાઇ કંપાણીના બહેન. મંગળવાર, તા. ૩૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ, એન. એસ. રોડ નં. ૬, જુહુ સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. જાદવજી માલજી સેજપાલના ધર્મપત્ની સ્વ. પાર્વતીબેન સેજપાલ (ઉં. વ. ૮૬) કચ્છ ગામ વાયોર હાલ મુલુંડ તા. ૧-૧-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે ધીરજલાલ સેજપાલ (ભવાનજી), હિતેશ સેજપાલ, ગોદાવરીબેન અશ્વિન પવાણી, લક્ષ્મી જગદીશ ચોથાણી,કસ્તુરીબેન શાંતિલાલ ઠક્કર, ઇન્દિરાબેન ધીરજ ઠક્કર, ભાવનાબેન ચેતન ગઢવી, રેખાબેન યોગેશ માખીસોતાના માતોશ્રી. સ્વ. ચત્રભુજ માવજી, સ્વ. જેઠમલ માવજીના પુત્રવધૂ. સ્વ. મણીબેન મથુરાદાસ, સ્વ. નાનબાઇ કાનજી ભીંડે, ચંપાબેન ગોવિંદજી પવાના ભાભી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. શ્રી કચ્છી લોહાણા વાડી, પવાણી હોલ, ૧લે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભાવનગરી મોચી**

ગામ બિલા હાલ બોરીવલી નરશીભાઇ ગભાભાઇ ચૌહાણ (ઉં.વ. ૭૭) તા. ૨૯-૧૨-૨૫ સોમવારના અક્ષરવાસી થયેલ છે. સ્વ. ચંપાબેનના પતિ. જયસુખભાઇ, સુરેશભાઇ, મુક્તાબેન, મંજુલાબેનના પિતા. રસીલાબેન, વર્ષાબેન, ચંદ્રકાંત જમનાદાસ જેઠવાના સસરા. નિરવ, મેહુલ, યશના દાદા. સહજના મોટા દાદા. ડેડાણવાળા લાલજીભાઇ લક્ષ્મણભાઇ યાદવના બનેવી. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, કાર્ટર રોડ નં.૩, અંબાજી મંદિરની સામે બોરીવલી (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

હાલ બોરીવલી, ગં.સ્વ. જયશ્રીબેન જયંતિલાલ કક્કડ (ઉં.વ. ૭૯) તે સ્વ. જયંતિલાલ વલ્લભદાસ કક્કડના ધર્મપત્ની. પિયરપક્ષે સ્વ. લક્ષ્મીદાસ પુરુષોત્તમદાસ પોપટ (કલકત્તા નિવાસી)ના સુપુત્રી. તા. ૨૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખી છે.

**નવસારી દશા મોઢ વણિક**

નવસારીવાળા હાલ અંધેરી, અ.સૌ. શૈલાબેન (ઉં.વ. ૭૬) તે હરેન્દ્ર કાંતિલાલ પારેખના ધર્મપત્ની. સ્વ. કૈલાશબેન તથા કાંતિલાલ પારેખના પુત્રવધૂ. તુષાર તથા ચિરાગના માતુશ્રી. કિરણ તથા બ્રિન્દાના સાસુ. પિયરપક્ષે શાંતિલાલ લાલુભાઈ ગાંધીના દીકરી. ૩૧/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી, ગજેન્દ્રભાઈ નારણદાસ ગાદોયા (ઉં.વ. ૮૫) તે સ્વ. હંસાબેનના પતિ. દેવેનના પિતા. સોનલના સસરા. સ્વ. મનહરભાઈ, સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. પ્રફુલભાઇ, નવીનભાઈ, સ્વ. મુકેશભાઈ, સ્વ. મયુરભાઈ, ભારતીબેન બિપીનકુમાર કામદારના ભાઈ. સ્વ. પુરુષોત્તમ શિવલાલ દલાલના જમાઈ. ૩૧/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

સ્વ. શંભુલાલ વેલજી રાજગોર (મોતા) (ઉં.વ. ૭૭) સ્વ. પ્રેમુબેન વેલજી મોતાના પુત્ર. જયાબેનના પતિ તા. ૩૦-૧૨-૨૫ના રામશરણ પામ્યા છે. દિપક, અલ્પેશ, જીતેનના પિતાશ્રી. સ્વ. વિરજીભાઈ, લાભુભાઈના ભાઈ. માયાબેન અલ્પેશના સસરા. ગામ બાગના સ્વ. બચ્ચુભાઈ વિસનજી નાગુના જમાઈ. સાદડી રાખેલ નથી. ઠે. ૩૧૩, સી વીંગ, ૩જે માળે, સર્વોદય સોસાયટી, દત્ત મંદિર રોડ, મલાડ ઇસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. જગદીશભાઈ (ઉં.વ. ૫૭) તે છાયાના પતિ. દિવ્યેશના પિતા. સ્વ. અ.સૌ. મણીબેન કેશવજી માધવજી ઘેરાઈ (કચ્છ- ગામ દેવીસર)ના નાના પુત્ર. ગં.સ્વ. મુક્તાબેન હીરાલાલ ઠક્કર (સેજપાલ) ગામ- કચ્છ ભુજના જમાઈ. જયંતીભાઈ, સુરેશભાઈ, કીર્તિભાઇ, જયાબેન ધનજી જોબનપુત્રા, અનસૂયા દિલીપભાઈ જોબનપુત્રા, ભગવતી મહેન્દ્રભાઈ ચંદે, ચંદ્રિકા શંકરલાલ ચંદનના ભાઈ. મેહુલભાઈ હીરાલાલ ઠક્કર, મનીષા વિશ્વજિત રાણા, રીટા કીર્તિભાઇ ઠક્કરના બનેવી. તા. ૩૧/૧૨/૨૫ને બુધવાર શ્રીજીશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨/૧/૨૬ના ૫ થી ૬.૩૦. શ્રી કચ્છી લોહાણા મહાજવાડી, ગ્રાઉન્ડ ફ્લોર, આર. આર ટી. રોડ, મુલુન્ડ-વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે. બૈરાંઓએ તે જ દિવસે આવી જવું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|






## કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# કિસમેં કિતના હૈ દમ!

**આ વર્ષે રિલીઝ થઈ રહેલી ફિલ્મોમાં વોર ફિલ્મો છે તો સાથે સાથે રામાયણની કથા ધરાવતું અને હોરર કોમેડી ચિત્રપટ પણ છે... આમ વરાયટી ભરપૂર છે.**










નવા વર્ષનો પહેલો શુક્રવાર. ફિલ્મ રસિકોની લાગણીઓને રોકડી કરવાના ઈરાદા સાથે 'ધરમજીની અંતિમ ફિલ્મ' તરીકે પ્રોજેક્ટ કરવામાં આવેલી 'ઈક્કીસ' આજે રિલીઝ થઈ છે. અલબત્ત, અમિતાભ બચ્ચનના દોહિત્ર અગસ્ત્ય નંદા કેવો નીવડે છે એ પણ કુતૂહલનો મુદ્દો છે. એક મહિના પહેલાં ૨૦૨૬માં રિલીઝ થનારી ફિલ્મો માટે તૈયાર થયેલી ઉત્સુકતા યાદીમાં સૌથી વધુ ઈંતેજારી કોના માટે અને કોણ આશ્ચર્ય સર્જી શકવાની તાકાત ધરાવે છે એ વિશે મતમતાંતર જરૂર રહ્યા હશે. કોઈની યાદીમાં સની દેઓલની 'બોર્ડર ૨' નંબર વન પર હશે તો કોઈને 'દ્રશ્યમ ૩' માટે વધુ તાલાવેલી હશે તો કોઈ વળી સલમાન ખાનની ફિલ્મ માટે આતુર હશે...

જોકે, પાંચ નવેમ્બર પછી બધા સમીકરણ બદલાઈ ગયા છે. આદિત્ય ધર દિગ્દર્શિત અને રણવીર સિંહ - અક્ષય ખન્ના અભિનીત 'ધુરંધર' રિલીઝ થઈ અને એણે ફિલ્મ દર્શકો પર એવો જાદુ ચલાવ્યો છે કે નવ વર્ષની 'મોસ્ટ અવેઇટેડ ફિલ્મ' - સૌથી વધુ ઉત્સુકતા ધરાવતી ફિલ્મમાં ૧૯ માર્ચે રિલીઝ થનારી સિક્વલ 'ધુરંધરઃ ૨' આવી રહી છે. અનેક યાદીમાં નંબર વન પર આ ફિલ્મ હશે એ સંભાવના કરતાં હકીકત વધારે છે. રણવીર સિંહના પાત્રની બેકસ્ટોરી (કઈ પરિસ્થતિમાં અને કેવી રીતે એ ભારતીય જાસૂસ બન્યો એની કથા) ફિલ્મનું કેન્દ્રબિંદુ હશે એવી અટકળો છે. ટૂંકમાં ઈન્ટેન્સ ફિલ્મો - આવેશના ગુણધર્મ ધરાવતા ચિત્રપટો માટે ઉત્સુકતા વધુ છે.

અલબત્ત, અન્ય ફિલ્મો વિશે દર્શકોમાં કુતૂહલ - જિજ્ઞાસા હોવાના જેની વાત પણ કરવી જોઈએ, જેમકે

**રામાયણ - પાર્ટ વનઃ** નિતેશ તિવારી દિગ્દર્શિત 'રામાયણ' બે હિસ્સામાં પ્રદર્શિત કરવાની હાલ યોજના છે. એમાંથી 'રામાયણ પાર્ટ વન' આગામી દિવાળીના સપરમા તહેવાર નિમિત્તે રિલીઝ કરવાની ધારણા છે. થિયેટરને મંદિર સમજી દર્શનાર્થીઓની ભીડ ઉમટશે એવી આશા ફિલ્મમેકરે રાખી હોય તો નવાઈ ન લાગવી જોઈએ. ફિલ્મનું તોતિંગ બજેટ અને રામાયણના વિવિધ પાત્રો માટે પસંદ કરવામાં આવેલા કલાકારોને કારણે ચિત્રપટની જોરદાર હવા જામી છે એ વાત નકારી ન શકાય. ભગવાન શ્રી રામ - સીતા મૈયાના પાત્રમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી છે. સની દેઓલ હનુમાન દાદા તરીકે જોવા મળશે તો 'આરઆરઆર' પછી હિન્દી ફિલ્મના દર્શકોમાં જાણીતો બનેલો યશ રાવણ તરીકે જોવા મળશે. સંગીત માટે એ. આર. રેહમાનની હાજરીથી પણ કુતૂહલ જાગ્યું છે.

**બોર્ડર ૨:**

છેલ્લા કેટલાક વર્ષોથી ફિલ્મ રિલીઝ પહેલા સોશ્યલ મીડિયા પર એના ઢોલ નગારા પીટવાની પ્રથા ચાલી રહી છે. જે. પી. દત્તાની ૧૯૯૭ની યાદગાર ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ પણ સોશ્યલ મીડિયામાં ખાસ્સી ગાજી છે. દુશ્મનોને ધૂળ ચાટતા કરતી કથાવાળી ફિલ્મો માટેના લગાવમાં ભરતી આવી છે એ વાતાવરણમાં 'બોર્ડર ૨' માટે વિશેષ ઉત્સુકતા હોય એ સમજી શકાય એવી વાત છે. ૧૯૭૧ના ભારત - પાકિસ્તાન યુદ્ધની 'લોન્ગોવાલની લડાઈ'ની કથા ફરતે ફિલ્મ આકાર લે છે. સની દેઓલ, સોનમ બાજવા, વરુણ ધવન વગેરે કલાકાર સાથેની આ ફિલ્મનું દિગ્દર્શન અનુરાગ સિંહએ કર્યું છે. ૩૦ વર્ષે સિક્વલ આવે છે એ કારણ પણ કુતૂહલ વધારવામાં નિમિત્ત બની શકે.

**દ્રશ્યમ ૩:**

થ્રિલર ફિલ્મની હારમાળાએ દર્શકોમાં સારી ઉત્સુકતા જગાડી છે. અજય સાળગાંવકર (અજય દેવગન) અને એનો પરિવાર ભૂતકાળમાં અનાયાસે થયેલી હત્યાના ગુનેગાર સાબિત કરતી મુશ્કેલીમાં કેમ સપડાય છે અને એમાંથી કેવી રીતે ઉગરી જાય છે એની ઉત્સુકતા વફાદાર દર્શકોમાં જરૂર રહેવાની. 'દ્રશ્યમ' શૃંખલા મલયાલમ ફિલ્મની રીમેક છે. સાઉથની ફિલ્મ પણ આ વર્ષે રિલીઝ થશે. હિન્દી 'દ્રશ્યમ ૩' હમણાં ખાસ્સી ચર્ચામાં હતી, કારણ કે 'ધુરંધર'ની સફળતા પછી અમુક આગ્રહોના વિવાદને કારણે અક્ષય ખન્નાએ આ ફિલ્મ છોડી દીધી છે. એની જગ્યાએ જયદીપ આહલાવતને લેવામાં આવ્યો છે.

**કિંગઃ**

એક્શનનો ઓવરડોઝ ધરાવતી આ ફિલ્મ માટે ઉત્સુકતા કેવળ એમાં શાહરુખ ખાનની હાજરી પૂરતી સીમિત નથી. શાહરુખ ખાનની 'રેડ ચિલીઝ એન્ટરટેઇન્મેન્ટ કંપની'ના નિર્માણ હેઠળ બની રહેલી આ ફિલ્મથી કિંગ ખાનની પુત્રી સુહાના ખાન રૂપેરી પડદે પદાર્પણ કરી રહી છે. ઝોયા અખ્તરની 'ધ આર્ચીઝ'માં સુહાના પહેલી વાર એક્ટિંગ કરતી નજરે પડી એ વાત સાચી, પણ એ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ હતી. બીજું કારણ છે ફિલ્મના ડિરેક્ટરમાં બદલાવ. મૂળે આ ફિલ્મ સુજોય ઘોષ (કહાની, બદલા ઈત્યાદિ) ડિરેક્ટ કરવાના હતા. જોકે, પછી ફિલ્મનું કલેવર બદલાઈ જતા અને એક્શનનું પ્રભુત્વ વધારવાનો નિર્ણય લેવામાં આવતા દિગ્દર્શનની જવાબદારી સિદ્ધાર્થ આનંદ (વોર, પઠાન, ફાઈટર)ને સોંપવામાં આવી છે. આ બદલાવ સુધ્ધાં ઉત્સુકતા વધારવામાં નિમિત્ત બન્યો છે.

**બેટલ ઓફ ગલવાનઃ**

તાજેતરમાં આયુષ્યના ૬૦ વર્ષ પૂર્ણ કરનારા સલમાન ખાન માટે આ ફિલ્મ મહત્ત્વ ધરાવે છે. અપૂર્વ લાખિયા (શૂટઆઉટ એટ લોખંડવાલા, હસીના પારકર) દિગ્દર્શિત આ ફિલ્મમાં યુદ્ધની પાર્શ્વભૂમિ છે, પણ દુશ્મન પાકિસ્તાન નહીં, ચીન છે. ૨૦૨૦માં ભારત - ચીન વચ્ચે ગલવાન ખીણમાં થયેલી લડાઈની સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મનું ટીઝર સલમાનના બર્થ-ડે વખતે બહાર પાડવામાં આવ્યું હતું. આ ફિલ્મ વર્તમાન રાજકીય અવસ્થા સાથે કેટલો મેળ ધરાવે છે એ વાત ફિલ્મના આવકાર અંગે નિર્ણાયક સાબિત થાય છે કે કેમ એ જોવાનું રહે છે.

**ભૂત બંગલા ને હૈવાન :**

ફિલ્મ ડિરેક્ટરોમાં પ્રિયદર્શન એક એવું નામ છે જેમની ફિલ્મો જોવા જવાય એવી માન્યતા બાંધવામાં ફિલ્મમેકરને સફળતા મળી છે. અક્ષય કુમાર અને પ્રિયદર્શનની જોડી ૧૬ વર્ષ પછી ભેગી થઈ છે. 'ભૂત બંગલા' હોરર કોમેડી છે, જ્યારે 'હૈવાન' થ્રિલર છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં મૃત્યુ પામેલા અફલાતૂન એક્ટર અસરાનીની હાજરી આ બંને ફિલ્મમાં છે એ કારણ એમના ચાહકોમાં ઉત્સુકતા વધારનારું રહેશે. અલબત્ત, ફિલ્મો માટે વધેલા લગાવના માહોલમાં પ્રિયદર્શનના ચિત્રપટને કેવો આવકાર મળે છે એ જાણવું રસપ્રદ રહેશે. ■

---

## સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ



# સુપરસ્ટાર રાજેશ ખન્નાનું ગુજરાતી કનેક્શન

અભિનેતા સુપર સ્ટાર રાજેશ ખન્ના કરતાં મને માણસ રાજેશ ખન્ના ઉર્ફે કાકાજી બહુ ગમે છે એનાં અનેક કારણોમાંનું એક કારણ છે કે એ કવિતાનો અને નાટકોનો માણસ અને કાવ્યોમાં નાટકને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ગુજરાતી રંગભૂમિ રાજેશ ખન્ના સાથે છેલ્લે સુધી જોડાયેલી રહી. ના, એણે એકપણ ગુજરાતી નાટકમાં કામ નહોતું કર્યું, છતાંયે રાજેશ ખન્નાના સ્ટારડમમાં ગુજરાતી રંગમંચની છાપ અદ્રશ્ય ફિંગરપ્રિન્ટની જેમ છે...

મુંબઈની કે. સી. કોલેજમાં રાજેશ ખન્ના નાટકો કરતા. ગુજરાતીના જાણીતા નાટ્યકાર પ્રબોધ જોશીનાં એકાંકીઓનું હિન્દી કરીને એના સંવાદો, એકોક્તિઓ બોલીને સૌને ઇમ્પ્રેસ કરતા. માધુરી-ફિલ્મ ફેર સ્પર્ધામાં જે ડાયલોગ્ઝ બોલીને રાજેશ ખન્ના સ્પર્ધા જીતેલા એ નાટકનો અંશ હતો, જે આપણા નાટ્યકાર પ્રબોધ જોશીએ લખેલા. રાજેશ ખન્નાની આખી કરિયર ગુજ્જુ લેખકને આભારી છે. એ કાંતિ મડિયા, પ્રવીણ જોષી, અરવિંદ ઠક્કર વગેરેના સતત સંપર્કમાં હતા. ખન્નાની શરૂઆતની કારકિર્દીમાં 'ઇત્તેફાક' ફિલ્મ યશ ચોપડાએ બનાવેલી. માત્ર એક મહિનામાં બનાવેલી, કારણ કે ત્યારે પ્રવીણ જોષી દિગ્દર્શિત 'ધુમ્મસ' નામનું થ્રિલર નાટક સુપરહિટ હતું. એ નાટકમાં શર્મન જોષીના પિતા અને ગુજરાતીના શ્રેષ્ઠ અભિનેતા અરવિંદ જોષીએ મેઇન રોલ કરેલો. એ જ રોલ રાજેશ ખન્નાએ ફિલ્મમાં કર્યો અને ફિલ્મ હિટ થઈ. નાટકની સ્ક્રિપ્ટ પર ફિલ્મ બનેલી અને ત્યાં સુધી કે રાજેશ ખન્નાએ નાટક વારંવાર જોવા જતા અને ફિલ્મના સેટ પર પણ અરવિંદ જોષી જઈને રાજેશ ખન્નાને ટ્રેન કરતા!

અમિતાભ અને રાજેશ ખન્નાની યાદગાર ફિલ્મ 'નમકહરામ' અને કાંતિ મડિયાના નાટક 'આતમ ઓઢે અગન પછેડી'નો વિષય એક જ હતો! હૃષીદા, રાજેશ ખન્ના અને અમિતાભને નાટકના શોમાં સાથે જોયાનું મને ધૂંધળું ધૂંધળું યાદ છે. રાજેશ ખન્ના અને ગુજરાતને ઊંડો સંબંધ છે. એમની પત્ની અને બે મુખ્ય ગર્લફ્રેન્ડ ગુજરાતી. રાજેશ ખન્નાના ડિઝાઈનર, દીના પાઠકના પતિ પણ ગુજરાતી.

રાજેશ ખન્નાને સ્ટારડમ અપાવવા માટે જે જે ફિલ્મી તિકડમ કરવા પડતા એ પાછળ એક ખુરાફાતી દિમાગ હતું જેનું નામ તારકનાથ ગાંધી. એ જમાનામાં 'ફિલ્મફેર'ના એવોર્ડને જીતવા કલાકારો તલપાપડ રહેતા. તારકનાથ ગાંધી નામના સ્માટર પબ્લિસિટી મેનેજરે આઇડિયા કરીને એક વર્ષે 'ફિલ્મફેર'ના અનેક અંક ખરીદી લીધા. સ્કૂલ-કોલેજના છોકરાઓને દસ દસ રૂપિયા આપીને ફોર્મ ભરાવ્યાં જેમાં બધી કેટેગરીમાં રાજેશ ખન્ના અને એની ફિલ્મોને જ વોટ અપાવ્યા. અફકોર્સ, રાજેશ ખન્ના જીતી ગયા! આવું લે-વેચનું ભેજું ગુજરાતીનું જ હોઈ શકે! હા, એ ખરું કે એક સ્ટાર તરીકે કાકાજીમાં અમુક ખામીઓ હતી પણ એથી વધુ એમના મૂડી સ્વભાવ ને લીધે ગેરસમજણો હતી.

કાકા મોટાભાગે મનમોહન દેસાઇ, કલ્યાણજી-આનંદજી, જયકિશન જેવા ગુજરાતીઓથી ઘેરાયેલા હતા. અરવિંદ ઠક્કર, છેલ-પરેશ, અમૃત પટેલના એ મિત્ર અને કાકાના સેક્રેટરી એવા ગુરુનામ પેન્ટ પર કુર્તો પહેરતાં અને એ સ્ટાઇલ રાજેશ ખન્નાએ અપનાવી લીધેલી અને પછી નામે જગવિખ્યાત થઈ ગયેલી. કહેવાય છે કે ગુરુનામને એ કુર્તાનો આઇડિયા ગુજરાતી નાટકોના આર્ટડિરેક્ટર છેલ-પરેશ અને એમના મિત્રો પાસેથી મળેલો. ગુરુનામ જગદીશ શાહના ગુજરાતી નાટકમાં કામ કરતા એમણે જાણીતા નિર્દેશક પ્રવીણ જોષીની 'આઇએનટી' સંસ્થા દ્વારા નિર્મિત નાટકમાં પણ રોલ કરેલો.

રાજેશ ખન્ના પ્રવીણ જોષી- કાંતિ મડિયાનાં નાટકો જોવા નિયમિત આવતા. નાટકના વિષય પર એમનું ધ્યાન રહેતું. શૈલેશ દવેનું સુપરહિટ નાટક 'રમતશૂન્ય ચોકડીની' જોવા રાજેશ ખન્ના આવેલા અને ફિલ્મ પણ પ્લાન કરેલી. છેક છેલ્લે આપણી રંગભૂમિ અને ફિલ્મો-સિરિયલના કલાકાર સ્વ. અમૃત પટેલની કવિતાનો સંગ્રહ પણ રાજેશ ખન્નાના હાથે ૨૦૦૪-૦૫માં પ્રગટ થયેલો. કિડનીની બીમારીથી પીડાતા અમૃત પટેલે અનેક સ્ટાર્સને પૂછેલું, પણ માત્ર રાજેશ ખન્ના જ દિલ્હીથી મુંબઈ આવેલા અને એ બુક્ની અનેક કોપીઓ પણ એમણે ખરીદેલી. રાજેશ ખન્નાની શોકસભા કે ચૌથામાં જે ટેપ વગાડવામાં આવેલી એ એમનો આખરી સંદેશ નહોતો, પણ ૨૦૦૫માં સ્વ. અમૃત પટેલના પુસ્તક વિમોચન દરમિયાન આપેલી સ્પીચ હતી. મીડિયા કે રાજેશ ખન્નાના આપ્તજનોએ એને ફિલ્મના કલાઇમેક્સની જેમ જાહેરમાં વગાડીને ડ્રામા ઊભો કર્યો. એ સ્પીચમાં એમણે પ્રવીણ સોલંકી, પ્રબોધ જોશી, અરવિંદ જોશી, કિશોર ભટ્ટ વગેરેનાં નામ ગદગદ થઇને લીધેલાં!

મારી જે એક ફિલ્મમાં એમણે હીરોના બાપનો રોલ કરેલો. એમાં સામે પત્નીના રોલ માટે કોઈ જાણીતી હીરોઈનને લેવામાં આવે એવી રાજેશ ખન્નાની ઇચ્છા હતી, પણ પછી બજેટ-સમય વગેરે કારણોસર સ્મિતા જયકરને રોલ આપ્યો. કાકાને એ ના ગમ્યું ત્યારે મેં ડરતાં ડરતાં પૂછ્યું કે 'તમે કહો તો સ્મિતાને ના પાડી દઈએ' ત્યારે એમણે કહેલું 'નહીં ઐસા મત કરના... હમે કિસી કલાકાર કી હાય નહિ લેની! હૈ'. આવું એ જમાનાનાં રંગભૂમિના સાચાં કલાકારો જ કહી શકે!

બહુ ઓછા જાણે છે કે ગુજરાતીના જાણીતા દિગ્દર્શક અરવિંદ ઠક્કરે એક એકાંકીમાં એમનો રોલ કાપી નાખેલો ત્યારે કાકાએ ચેલેન્જ આપેલી કે 'આજે નહીં તો કાલે હું એવો સ્ટાર બનીશ કે તમે બધા યાદ કરશો!' અને પડકાર ઝીલીને આંધીની જેમ છવાઈ ગયા અને રાજેશ ખન્ના સ્ટાર-સુપરસ્ટાર બન્યા!

મુંબઈના જૂહુ સ્મશાનગૃહમાં ૨૦૧૨માં આખરી વિદાય લીધી ત્યારે પણ ૧૫ -૨૦ હજારની મેદનીએ રોડ પર ઊભા રહીને એમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. બાંદ્રાથી જૂહુ સુધી ટ્રાફિક જામ થઈ ગયો, બંને બાજુ હજારો લોકો એમની એક ઝલક માટે ઊભા હતા. લોકો રાજેશ ખન્ના જેવાં કપડાં પહેરીને સ્મશાન બહાર ઊભા હતાં. એમનાં ગીતો ગાઇ રહ્યાં હતાં! એક થિયેટર એક્ટરનું આનાથી વધુ બહુમાન શું હોઈ શકે? મેં મારા જીવનમાં હજુ સુધી કોઇ કલાકારની આવી અંતિમ વિદાય નથી જોઇ... લોકો કહે છે આની અગાઉ રાજ કપૂર અને રફી વખતે આવું થયેલું.

રાજેશ ખન્નાનો મિજાજ પણ જબરો નવાબી અને વળી હાજર જવાબી... વચ્ચે અફવા ઉડી હતી કે રાજેશ ખન્ના એમનો આશીર્વાદ બંગલો વેચવા માંગે છે. તો સલમાન ખાનની ફેમીલીને ખબર પડી એમણે કોઈના દ્વારા કાકાજીને મેસેજ પહોંચાડ્યો..અને એક મોડી રાતે સલમાનના ભાઈ સોહેલને કાકાજીનો ફોન આવ્યો...કાકાજીએ સલમાન અને એના લેખક પિતા સલીમ ખાનના ખબર અંતર પૂછ્યા અને પછી સોહેલને પૂછ્યું:

'સોહેલ, તુમ ને કિસી કો મુઝ સે બાત કરને ભેજા થા?'

સોહેલે ડરતા ડરતા કહ્યું, 'હા, કાકાજી... સુના હૈ કી આપ આશીર્વાદ બંગલા બેચના ચાહતે હો? તો હમને સોચા કી...'

કાકાએ એની વાત વચ્ચેથી જ કાપીને ડાયલોગ સંભળાવ્યો , 'તુમને ઐસા સોચ હી કૈસે લિયા, બેટે? કભી કોયલ અપની કૂક બેચતી હૈ? કભી સમંદર અપની લહેરે બેચતા હૈ? કભી રાજા અપના બંગલા બેચતા હૈ?!'

સોહેલે વારંવાર માફી માગીને ફોન મૂકી દીધો, પણ આ કિસ્સો ફિલ્મ-સર્કલમાં મહિનાઓ સુધી ચર્ચાતો રહ્યો અને સૌ રાજેશ ખન્નાની 'ના' પડવાની સ્ટાઈલને બિરદાવતા રહ્યા..

- તો આવા હતાં જતીન ખન્ના ઉર્ફ રાજેશ ખન્ના ઉર્ફ કાકા ... કોઈ દેશવટો પામેલ રાજવી જેવા એકાકી, સૂનમૂન, ઘાયલ પણ તોયે ખુદ્દાર!!

અફસોસ કે આજે એમના ગયા પછી એમના પરિવારજનોએ તરત જ એ આશીર્વાદ બંગલો વેંચી નાખ્યો જે કાકાજીની ઓળખ હતી. જ્યાં વરસો સુધી રોજેરોજ હજારો માણસ આવતાં એ ટૂરિસ્ટ સ્પોટ આજે છીનવાઇ ગયું છે! સ્ટાર લોકો આવશે, જશે પણ રાજેશ ખન્ના જેવો ક્લાસ-જેવી અદાજેવી પર્સનાલિટીવાળું કોઇ નહીં આવે..


મારું સદનસીબ છે કે કે એમની સાથે કામ કરવા મળ્યું. હમણાં ૨૯ ડિસેમ્બરે કાકાનો ૮૩મો જન્મદિવસ ગયો ને એમના અવાજમાં રણકાતા 'કૈસા હૈ, રે સંજુ?' શબ્દો યાદ આવી ગયા. ■

---




અરવિંદ વેકરિયા

# મહેનત આદત બને તો સફળતા નસીબ બની જાય!



નાટક મળે સૂર... પ્રેક્ષકોએ બિરદાવ્યું. બધાની મહેનત ફળી. જો મહેનત એક આદત બની જાય તો સફળતા એક નસીબ બની જાય એ ઉક્તિ અમારાં માટે સાચી પુરવાર થઈ હોય એવું લાગ્યું. જાણીતા નિર્માતા શિરીષ પટેલે (હયાત નથી) તો ત્યાં સુધી કહ્યું કે મને જો આ વિષય મળ્યો હોત તો મેં મારાં બેનરમાં આ નાટકનું નિર્માણ કર્યું હોત ટૂંકમાં નાટકનાં શો વધતાં હતાં અને એનો ઉત્સાહ દરેક કલાકારોનાં મોઢા પર દેખાતો. સમય પણ લેણાં નીકળતાં પેલાં ૩૦૦૦૦ની ટહેલ નાખવા માટે યોગ્ય લાગતો હતો.

એ વાત મેં પત્ની ભારતીને કરી. તો એ મને કહે. હજી નાટકની શરૂઆત છે...ત્રણ પાનાં રમવાવાળું કોઈ જીતતું હોય અને કોઈ સાથી ખેલાડી થોડી રકમ રમવા માટે ઉધાર માગે તો જીતનારાને ગમતું નથી. આવતી લક્ષ્મીમાં ભાગ પડાવવો કોને ગમે? તમારાં લેણાં રૂપિયા નાટક 'મળે સૂર...' જ આપી દેશે અને સંબંધ પણ જળવાય રહેશે એવું સકારાત્મક વિચારો. શક્ય છે તુષારભાઈ પોતે તમારાં હાથમાં ૩૦૦૦૦ મૂકી પણ દે. મારે હિસાબે આ સમય માગવાનો નથી, બાકી તમારી મરજી.

મને એની વાતમાં તથ્ય તો લાગ્યું, પણ આ તો મારાં લેણાં નીકળતાં પૈસાની વાત હતી. એ પણ સાચું કે એમની મારાં માટેની નિષ્ઠા સ્પષ્ટ હતી. એમણે દીપક સોમૈયાને નહોતાં આપવા એનું જે કારણ હોય. દીપકની વાત પણ સાચી હતી કે લેણાં નીકળતાં ૬૦૦૦૦માંથી મારાં ત્રીસ મને મળ્યાં હવે નાટકનાં રીલીઝ સુધી તમે સતત તુષારભાઈનાં સંપર્કમાં જ રહેવાનાં તો તમારાં ભાગનાં તમે લઈ શકો છો.

ખેર! પૈસાની માયા વિચિત્ર જ રહી છે. બધાને જરૂર તો હોય જ! માણસના જીવનમાં જેટલી જરૂરિયાત ઓછી એટલી સ્વતંત્રતા વધારે, પણ આ દિલ માગે મોર.. ભારે મને મેં પત્ની ભારતીની વાતને સ્વીકારી લીધી.

રાજેશ જોશીનું નાટક ક્રમશઃ મારાં નાટક સાથેની ગોઠવણ વચ્ચે રજૂ થઈ ગયું. જયુકાકા (જયંત વ્યાસ) નાટક રિલીઝ થયાં પછી પણ મગનું નામ મરી નહોતા પાડતા. વાત હવે થિયેટરની તારીખોના એડજસ્ટમેન્ટની આવવાની હતી. સાથી કલાકારો જાણતા હતા કે વહેલા મોડા દાદુએ જ કરવાનું છે એ પાત્ર. બધાં મને કહેતાં પણ રહેતાં કે, 'તમે જયુકાકા સાથે વાત કરી લો ને.'

મારાં કાનમાં ફરી એથીક્સની ભૂંગળી વાગતી. મને દીકરો માનનારને હું આ વાત કઈ રીતે કહી શકું? વાણી અને વિચાર બંને પ્રોડક્ટ આપણી ખુદની કંપનીની છે એની ક્વોલિટી જેટલી સારી રાખીએ એટલો વધારે ભાવ મળે. મારે એવો ભાવ નહોતો ખાવો, પણ મેં કહેલું એ પાળવું હતું. પછી તો એમનું 'ક્રમશઃ' નાટક પણ હીટ પુરવાર થયું. હવે એડજસ્ટમેન્ટ માત્ર રવિવારના જાહેર શો માટે જ નહીં પણ સોલ્ડઆઉટ શો માટે પણ આવી જાય એવી પૂરી શક્યતા હતી.

આ તરફ જયુકાકાનું વર્તન હવે પહેલાં કરતાં જુદું લાગવાં લાગ્યું. એમને અભિનયનાં ઓજસ પાથરવા બબ્બે નાટકો હતાં. માણસને જ્યારે વધારે મહત્ત્વ મળે ત્યારે એ બીજાને સમજવાની સમજણ ખોઈ બેસે છે એટલે નાટકનો જીવ હોવાં છતાં મારી પરિસ્થિતિ સમજતાં નહોતા. બધા અધ્ધરતાલે શો કરતાં રહેતાં. ખબર નહીં ક્યારે ધડ દઈને કહી દેશે કે 'દાદુ. કાલનો શો તારે કરવો પડશે, મારે રાજેશનાં નાટકનો શો અચાનક આવી ગયો છે.'

બે વખત મારે એમને કારણે સાંજના શોને બપોરમાં ફેરવવા પડેલાં. થતું હતું કે હવે પાણી માથા ઉપરથી જઈ રહ્યું છે. મને થયું કે હવે હું હિંમત કરી જયુકાકાને સ્પષ્ટ કહી દઉં. ભલે 'દીકરા'નું માન ખોવું પડે. ખોયા વગર કઈ નથી મળતું. અરે, સ્વર્ગ પણ મૃત્યુ માગે છે.'

રવિ-ટુ-રવિ શો હતાં. વચ્ચે કોઈ સોલ્ડઆઉટ શો નહોતા એટલે મને રિહર્સલનો સમય મળી રહેશે એ વિચારી એમને ઘરે ફોન કર્યો. પૂજ્ય કાકીએ ફોન ઉપાડ્યો એટલે મેં જયુકાકાને આપવા કહ્યું. એમનો જવાબ સાંભળી મને લાગી આવ્યું.

એમણે કહ્યું, 'એ તો એમનાં નવા નાટકનાં શો માટે સુરત ગયાં છે, રવિવારે આવી જશે, ક્યારે એ ખબર નથી.' મેં કહ્યું મને કહ્યું પણ નહિ! રાજેશ જોશીની જેમ મને પણ અચાનક શો આવી ગયા હોત તો? કાકી, હું થાકી ગયો છું. એમનો ફોન તમને આવશે જ, તમે કહી દેજો કે આ રવિવારથી હવે દાદુ રોલ કરશે. રવિવારે ક્યારે આવશે એ પણ નક્કી નથી. ખાસ કહેજો કે આ રવિવારે બપોરે હિન્દુજાના શોમાં આવવાની તકલીફ ન લે'.

કાકી કહે, 'ભલે, હું એમને કહી દઈશ'. મેં બીજી વાર કહ્યું કે, 'પ્લીઝ, ભૂલતા નહીં.' એમ કહીને મેં ફોન મૂકી દીધો.

મને ગમ્યું તો નહીં. સિદ્ધાંત તોડવો મને બહુ વસમો લાગ્યો. મને થાય કે આવી દોડધામ અને આવા એડજસ્ટમેન્ટમાં મારે કેટલો ભોગ આપવાનો? એમના 'નામ'ને કારણે નાટકનું વજન વધે એ માટે જ એમને કાસ્ટ કરેલા. એથીક્સ સચવાય રહે તો સારું થાય, બંને પક્ષે!

મેં રિહર્સલ મારાં માટે શરૂ કરી દીધાં. દિગ્દર્શક હોવાથી મને મુવમેન્ટ અને ડાયલોગ્સ બધા યાદ જ હતા, બસ, થોડા રી-ફ્રેશ કરવાના હતાં, જેથી જયુકાકાના ટાઈમિંગને બદલે મારાં ટાઈમિંગ સાથે કલાકારો એડજસ્ટ થઈ જાય.

હું તૈયાર થઈ ગયો. કોસ્ચ્યુમ તો એમનાં મને ન થાય એટલે એ હું મારાં પોતાનાં લઇ આવ્યો. આમ પણ જરૂર લેંઘા-ઝભ્ભાની જ હતી. હું હિન્દુજા પહોંચી ગયો. હું જસ્ટ મેકઅપ માટે બેઠો કે જયુકાકા આવ્યાં. મને થયું કે શું કાકીએ મેસેજ નહીં આપ્યો હોય? કે પછી મારી વાત સમજ્યા નહીં હોય? મેં અવાજ મોટો કરી કાકીને કહેલું.

શાંત રહીને પણ દેખાય એ નદીની વિશાળતા ભલે હોય પણ ઝરણાઓએ અસ્તિત્વ સાબિત કરવા અવાજ કરવો પડે, ત્યાં જયુકાકા બોલ્યા : 'હું આવ્યો છું, આજનો શો હું જ કરીશ. ■

**ડબલ રિચાર્જ**

*વિશ્વની સૌથી મોટી છેતરપિંડી એટલે બટરસ્કોચ આઈસક્રીમ, આમાં બટર તો નથી જ અને સ્કોચ તો બિલકુલ નથી...!*

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# થલપતિ વિજય

## ફિલ્મોમાંથી જેણે નિવૃત્તિ જાહેર કરી દીધી એવા તમિળ ફિલ્મોના મેગા સ્ટારની ફલ્મી અને છેલ્લી ફિલ્મની જોવાતી રાહ...

દક્ષિણના સુપરસ્ટાર થલપતિ વિજયે પોતાના રાજકીય પક્ષ 'તમિલગા વેટ્રી કળગમ'ની સ્થાપના કરી ત્યારે જ જાહેરાત કરી હતી કે, 'હું મારો સંપૂર્ણ સમય જનસેવા અને રાજકારણને આપવા માગું છું.' આ પછી તેણે તેની છેલ્લી ફિલ્મ 'જન નાયકન' હશે અને એ આ જાન્યુઆરી-૨૦૨૬માં રિલીઝ થશે એ પણ જાહેર કર્યું હતું. તેની આ ફિલ્મ પોંગલના દિવસે રજૂ થવાની છે.

થલપતિ વિજય તમિળનાડુ રાજ્યની આગામી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો છે, ૫૧ વર્ષની ઉંમરે ઝળહળતી ફિલ્મ કારકિર્દી છોડીને તે દક્ષિણના બીજાં કલાકારોની જેમ જ રાજકારણમાં ઝુકાવી રહ્યો છે. ૧૯૭૪ના દક્ષિણના જાણીતા દિગ્દર્શક એસ. એ. ચંદ્રશેખરને ત્યાં જન્મેલા વિજયનું ખરું નામ જોસેફ વિજય ચંદ્રશેખર છે. તેણે પોતાની કારકિર્દી બાળ કલાકાર તરીકે શરૂ કરી છે અને મોટેભાગે તમિળ ફિલ્મોમાં દેખાયેલા વિજયે કુલ ૬૯ ફિલ્મોમાં અભિનય કર્યો છે.



વિજયની ગણના તમિળ ફિલ્મોના સુપરસ્ટાર તરીકે થાય છે અને તેની સફળતાનો રેશિયો ખૂબ જ સારો હોવાથી ભારતમાં સૌથી વધારે 'ફી' લેનારા કલાકારોમાં તેની ગણના થાય છે. ૧૯૮૪માં બાળ કલાકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરનારા વિજયે ૧૯૯૨માં હીરો તરીકે પહેલી ફિલ્મ કરી ત્યારે તેની ઉંમર માત્ર ૧૮ જ વર્ષની હતી. ૧૯૯૯થી તેની એક પછી એક સફળ ફિલ્મો રજૂ થવા લાગી હતી. ૨૦૦૨માં તેણે પ્રિયંકા ચોપરા સાથે 'થમીઝન' નામની તમિળ ફિલ્મ કરી હતી. આ એકશન ફિલ્મ બોક્સઓફિસ પર ખૂબ જ ગાજી હતી. ત્યારપછી ૨૦૦૩માં તેણે ત્રિશા કૃષ્ણન અને પ્રકાશ રાજ સાથે 'ગિલ્લી' નામની ફિલ્મ કરી હતી. આ ફિલ્મે કમાણી સહિત અનેક રેકોર્ડ નોંધાવ્યા હતા. ત્યારથી જ વિજયની ગણના તમિળ ફિલ્મોના સુપરસ્ટાર તરીકે દ્વારા લાગી હતી.

૨૦૦૯ પછી તેની અનેક ફિલ્મોએ બોક્સઓફિસ પર રૂ. ૧૦૦ કરોડ કરતાં વધારે કમાણી કરી હતી. વિજયની ફિલ્મ બોક્સઓફિસ પર છવાઇ જતી હતી અને ધીમે ધીમે તેની ફિલ્મો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઝળકવા લાગી હતી. ૨૦૧૮માં વિજયની 'સરકાર' નામની ફિલ્મ રજૂ થઇ હતી. જેણે માત્ર બે જ દિવસમાં રૂ. ૧૦૦ કરોડની કમાણી કરીને બધાને ચોંકાવી દીધા હતા.

વિજયની 'સરકાર' ફિલ્મ એકસાથે ૨૫૦ દેશમાં રજૂ થઇ હતી અને રૂ. ૨૫૦ કરોડ કરતાં વધુ કમાણી કરનારી તે પહેલી તમિળ ફિલ્મ બની હતી. ૨૦૧૯માં તેણે 'બીજિલ' નામની ફિલ્મમાં 'ડબલ રોલ' કર્યો હતો. ફૂટબોલ પર આધારિત આ ફિલ્મે રૂ.૩૦૦ કરોડથી વધુ કમાણીનો રેકોર્ડ નોંધાવ્યો હતો. આ તમિળ ફિલ્મ ઇજિપ્ત અને જોર્ડનમાં રજૂ થનારી પ્રથમ ભારતીય ફિલ્મ હતી.

૨૦૨૦માં રજૂ થયેલી 'માસ્ટર', ૨૦૨૧માં રજૂ થયેલી 'બિસ્ટ' ફિલ્મે રૂ. ૩૦૦ કરોડથી વધુ કમાણી તો કરી જ પણ 'બિસ્ટ' ફિલ્મે 'નેટફ્લિક્સ' પર સૌથી વધારે વ્યૂઅરશિપનો અનેરો વિક્રમ પણ નોંધાવ્યો હતો. ૨૦૨૩માં તેની 'લિઓ' નામની ફિલ્મ આવી જેણે રૂ. ૬૦૦ કરોડ કરતાં વધુ કમાણી કરી હતી.

૨૦૨૪માં તેની સાયન્સ ફિકશન ફિલ્મ 'ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઇમ' રજૂ થઇ. આ ફિલ્મ રજૂ થયાં પછી ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનામાં વિજયે જાહેરાત કરી હતી કે, 'હવે હું અભિનેતા તરીકે માત્ર એક જ ફિલ્મ કરીશ, જે મારી ૬૯મી ફિલ્મ હશે. આ ફિલ્મ પછી હું લોકોની સેવા કરવા પર જ સંપૂર્ણ ધ્યાન આપીશ. વિજયની આ ૬૯મી ફિલ્મ એટલે 'જન નાયકન' જે 'પોંગલ'ના દિવસે રજૂ થવાની છે.

એક અભિનેતા ઉપરાંત વિજય એક સારો ગાયક પણ છે. તેણે તમિળ ફિલ્મોના ખૂબ જ જાણીતા સંગીતકારો ઇલૈયારાજા, એ. આર. રહેમાનના સંગીતબદ્ધ કરેલાં ગીતો ગાયા છે. ૧૯૯૪નાં આવેલી ફિલ્મ 'રાશીગન'થી તેણે એક ગાયક તરીકે પણ નામના મેળવી છે. જોકે, મોટાભાગના ગીતો તેણે પોતાના માટે જ ગાયા છે.

વિજયે રાજકારણમાં પ્રવેશ કર્યો અને તેણે એક રાજકીય રેલીનું આયોજન કર્યું હતું. ૨૭ સપ્ટેમ્બરે ૨૦૨૫ના કટુરમાં યોજાયેલી જાહેરસભાને સંબોધવા તે જવાનો હતો, પણ એ રેલીમાં પહોંચતાં તેને મોડું થયું તેમાં ત્યાં હાજર લોકોમાં ભાગદોડ થઇ અને ૪૦નાં મૃત્યુ થયાં હતાં. આ લોકોના મૃત્યુ માટે તેને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો. પણ મૃતકના પરિવારજનને લાખોની આર્થિક સહાય કરીને તે આ વિવાદમાંથી આબાદ રીતે બહાર આવી ગયો હતો.

તેની આગામી ફિલ્મ તેની છેલ્લી હોવાથી 'જન નાયકન' ફિલ્મ બોક્સઓફિસ પર અનેરા વિક્રમ સર્જશે એમ અત્યારથી જ માનવામાં આવે છે. 'થલપતિ વિજય'ને આ 'થલપતિ' તરીકે લોકોએ આવકાર્યો છે. 'થલપતિ' એટલે 'કમાન્ડર' અથવા તો 'સેના-નાયક'. વિજય ફિલ્મોમાં તો 'થલપતિ' સાબિત થયો જ છે, પણ હવે તેણે રાજકારણમાં પણ 'થલપતિ' સાબિત થવા કમર કસી છે. જોઈએ... ■

OTTનું હોટસ્પોટ

## ત્રીજી જાન્યુઆરીથી નવમી જાન્યુઆરીમાં શું જોશો?

બોલિવૂડની 'ધક-ધક ગર્લ'ની 'મિસિસ દેશપાંડે' જિયો સિનેમા પર રજૂ થઇ ત્યારથી તે ઓટીટી પ્લેટફોર્મ પર છવાઇ ગઇ છે. તો આવો હવે આપણે આવતા અઠવાડિયે ઓટીટી પર રજૂ થનારી ફિલ્મો અને સિરીઝ પર એક નજર નાંખીએ.

નેટફ્લિક્સ પર અત્યારે એનિમેશન ફિલ્મ 'મહાવતાર નરસિંહા' ધૂમ મચાવી રહી છે. તો બીજી જાન્યુઆરીએ ઇમરાન હાશ્મી અને યામી ગૌતમ અભિનિત ફિલ્મ 'હક' રજૂ થવાની છે. સત્યઘટના આધારિત આ ફિલ્મ બોકસ ઓફિસ પર ફલોપ સાબિત થઇ હતી, પણ ઓટીટી પર તે દર્શકોને આકર્ષે તેવી શકયતા છે.

અજય દેવગણ, રકુલ પ્રીત સિંહ, આર. માધવન, તબુ, જાવેદ જાફરી અભિનીત સફળ ફિલ્મ 'દે દે પ્યાર દે-ટુ' આવતા શુક્રવારે એટલે કે નવ જાન્યુઆરીએ રજૂ થવાની છે.

* સોની લીવ :

'ફ્રીડમ એટ મિડનાઇટ' ફિલ્મ નવ જાન્યુઆરીએ રજૂ થશે, જયારે 'માસ્ટર શેફ ઇન્ડિયા'ની નવમી સિઝન પાંચ જાન્યુઆરીથી સોની લીવ અને સોની પર રજૂ થવા માટે તૈયાર છે.

* જિયો હોટસ્ટાર :

આ ઓટીટી પ્લેટફોર્મ પર નવ જાન્યુઆરીએ 'સ્પ્લીટ્સવિલા'ની ૧૬મી સિઝન શરૂ થઈ રહી છે.

* એમેઝોન પ્રાઇમ :

સ્પેનિશ ડ્રામા 'ફોલો માય વોઇસ' બીજી જાન્યુઆરીથી આ ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થશે.


## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ચાર શબ્દવાળી કઈ ફિલ્મનાં નામમાં બે વાર એક શબ્દ આવે એ ફિલ્મ જાણો છો?

૧) આદમી
૨) સાથ
૩) ખૂન
૪) થોડા
૫) કયામત
૬) ઘર
૭) ગલી




### ક્વિઝ (બ)

આ પાર્ટી સોન્ગ્સ કઈ ફિલ્મના છે અને એના સંગીતકાર કોણ છે?

૧) આ દેખે ઝરા કિસમેં કિતના હૈ દમ ...
૨) યમ્માં યમ્માં, યે ખુબસુરત સમા બસ આજ કી રાત હૈ ઝીંદગી...
૩) બચકે રેહાના રે બાબા બચકે રેહાના રે...
૪) જહાં તેરી યે નઝર હૈ મેરી જા મુજે ખબર હૈ...
૫) છોડો સનમ કાહેકા ગમ હસ્તે રહો ખીલતે રહો...
૬) પિયા તું અબ તો આજા શોલા સા મન દેહકે આ કે બુજા જા...
૭) ઓ હસીના ઝુલ્ફોવાલી જાને જહાં....

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बुआ | વણાટ |
| बुखार | પોટલી |
| बुगची | ડૂબવું |
| बुडना | તાવ |
| बुनाई | ફોઈ |

### જાણવા જેવું

૧૯૯૭માં રિલીઝ થયેલી ફિલ્મ 'ટાઈટેનિક'ના દિગ્દર્શક જેમ્સ કેમરૂનએ ફિલ્મ પડદા પર વાસ્તવિક લાગે એ માટે જ્યાં ટાઈટેનિક જહાજ ડૂબી ગયું હતું ત્યાં શરૂઆતમાં બાર વખત ડૂબકી લગાવી હતી. પોતે કેટલાક શોટ લીધા હતા. સપાટી પર પાછા ફર્યા બાદ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને એક વિરાટ જહાજની દુઃખદ જળસમાધિની પીડાનો તેમણે અનુભવ કર્યો હતો.

### ગુજરાત મોરી મોરી રે

'અખંડ સૌભાગ્યવતી' ફિલ્મના 'નયનને નયન મળે જ્યાં છાના' યુગલ ગીતમાં મુકેશ સાથે મહિલા ગાયક તરીકે કોણ છે એ જણાવો.

અ) ગીતા દત્ત બ) સુમન કલ્યાણપુર
ક) આશા ભોસલે ડ) લતા મંગેશકર

### નોંધી રાખો

સૌથી વધુ ઓસ્કર એવોર્ડની સિદ્ધિ ત્રણ ફિલ્મના સંયુક્ત નામે છે. 'બેન - હર' 'ટાઈટેનિક' અને 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ને ૧૧ એવોર્ડ મળ્યા હતા.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | | | | |
| | | | ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | |
| | ૧૪ | ૧૫ | | | | ૧૬ | | ૧૭ | |
| | | ૧૮ | ૧૯ | | | ૨૦ | ૨૧ | | |
| | ૨૨ | | | | ૨૩ | | | | |
| ૨૪ | | | | | | | ૨૫ | | |
| ૨૬ | | ૨૭ | | ૨૮ | | ૨૯ | | | ૩૦ |
| | | ૩૧ | ૩૨ | | | | | ૩૩ | |
| ૩૪ | | | | | | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. નિરાશ (૪)
૪. અનાદર, તિરસ્કાર (૫)
૮. સીતા પતિ (૨)
૯. કપિ (૩)
૧૦. મગ્ન, લીન (૩)
૧૨. સર્વ, બધું (૩)
૧૪. મહેરબાની (૨)
૧૭. એક તેજાનો (૨)
૧૮. ઝરૂખો (૩)
૨૦. બે નદીઓનું મિલન સ્થાન (૩)
૨૨. --- લાવવો=તોડ કે ફેંસલો લાવવો (૩)
૨૩. ધાતુનો નાનો ઘડો (૩)
૨૪. 'હું'નું બહુવચન (૨)
૨૫. જોર (૨)
૨૬. પાલવ (૩)
૨૮. શિક્ષિત, વિદ્વાન (૩)
૩૧. જે કાપવાનું કામ કરે છે (૩)
૩૩. મક્ષિકા (૨)
૩૪. ફરીથી શરૂ કરીને (૫)
૩૫. સતત, નિરંતર (૪)

**ઊભી ચાવી**


૧. નાખુશ (૩)
૨. શિયાળ તાણે --- ભણી ને કૂતરું તાણે ગામ ભણી (૨)
૩. જાગ્રત, સચેત (૩)
૪. મૂક, સ્તબ્ધ (૩)
૫. જંગલ (૨)
૬. આશ્ચર્ય, નવાઈ (૩)
૭. અણસમજુ (૪)
૧૧. રહેવાશી (૩)
૧૩. શોક, રડાકૂટ (૩)
૧૫. --- ભાણે લાડવો મોટો (૩)
૧૬. અવસર (૩)
૧૯. રોટલી વણવાનું એક સાધન (૩)
૨૧. નિર્ધન, રંક (૩)
૨૨. ઈચ્છા, અભિલાષા (૩)
૨૩. ઝાળીયું, બાકું (૩)
૨૪. અનાદર, તિરસ્કાર (૪)
૨૭. ફજેતી (૩)
૨૮. રથ હાંકનાર (૩)
૨૯. ફળદ્રુપ (૩)
૩૦. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૩૨. દૂધની મલાઈ (૨)
૩૩. જનની (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ૨ રૂ | ર | ૩ ત | | ૪ અં | દા | ૫ જ | પ | ૬ ત્ર |
| ૭ ક | પિ | | ૮ પ | ૯ ર | શુ | | ન | | યો |
| | ૧૦ યો | ૧૧ ગ | | ૧૨ સ | મા | ન | તા | | દ |
| ૧૩ શ્વા | | વ | | ૧૪ દ | ન | | | ૧૫ આ | શા |
| ૧૬ ન | વ | ત | ૧૭ ર | | | ૧૮ પા | ૧૯ પ | | |
| | | ૨૦ રી | ત | | | ૨૧ ક | ર | તા | ૨૨ ર |
| ૨૩ મિ | થ્યા | | | ૨૪ કા | ૨૫ જ | | દા | | સ્તો |
| જ | | ૨૬ કા | ર્ય | ર | ત | | ૨૭ દા | ૨૮ ની | |
| બા | | મ | | ૨૯ ત | ન | ૩૦ યા | | ૩૧ ર | ૩૨ મા |
| ૩૩ ની | તિ | ના | શ | ક | | ૩૪ દી | પા | વ | લી |

### ઓળખાણ પડી?

શાહરુખ ખાન ઉપરાંત જિતેન્દ્ર અને શત્રુઘ્ન સિન્હાને ચમકાવતી ૧૯૯૦ના દાયકાની ફિલ્મની ઓળખાણ પડી? હિરોઈન રવીના ટંડન હતી.



અ) ત્રિમૂર્તિ બ) ડુપ્લીકેટ ક) ગુડ્ડુ ડ) ઝમાના દીવાના

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મૂળે સાઉથની અભિનેત્રી પણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડંકો વગાડનારી શ્રીદેવી અને જયાપ્રદાએ સાથે કામ કર્યું હોય એ ફિલ્મ કઈ?

અ) લોક પરલોક બ) જુદાઈ ક) કામચોર ડ) ફરિશ્તે

### માઈન્ડ ગેમ

જયા ભાદુડીને રાતોરાત સ્ટાર બનાવી દેનારી 'ગુડ્ડી' ફિલ્મમાં ધરમજી ધર્મેન્દ્ર તરીકે હતા. જયાજી સાથે જોડી જમાવનાર એક્ટર કોણ હતો?

અ) વિક્ટર બેનરજી બ) સમીત ભાંજા ક) મનીષ મુખોપાધ્યાય ડ) સ્વરૂપ દત્ત

### સુડોકુ-૯૧૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | | | ૫ | | | ૩ | ૬ |
| ૩ | | | ૧ | | ૮ | | | ૯ |
| | | | ૬ | | ૭ | | | |
| ૪ | ૧ | ૯ | | | | ૩ | ૬ | ૮ |
| ૮ | | | | | | | | ૧ |
| ૬ | ૩ | ૭ | | | | ૯ | ૫ | ૨ |
| | | | ૭ | | ૨ | | | |
| ૭ | | | ૩ | | ૪ | | | ૫ |
| ૯ | ૪ | | | ૮ | | | ૨ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૭ | ૪ |
| ૬ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ |
| ૫ | ૭ | ૯ | ૪ | ૧ | ૮ | ૩ | ૨ | ૬ |
| ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૩ | ૮ | ૯ | ૭ |
| ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ |
| ૭ | ૮ | ૬ | ૯ | ૨ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૭ | ૬ | ૩ |
| ૯ | ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૨ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बागबान | માળી |
| बादबान | સઢ |
| बातूनिया | વાતોડિયો |
| बागडोर | લગામ |
| बाजीगर | જાદુગર |

**ગુજરાત મોરી મોરી રે:** પિનાકીન શાહ

**ઓળખાણ પડી?** મંથન

**માઈન્ડ ગેમ :** અનાડી નંબર વન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પદ્મિની કોલ્હાપુરે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જયવંત પદમશી ચિખલ (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) દીપિકા દોશી (૪૧) પ્રજ્ઞા પુરોહિત (૪૨) પ્રમોદ પુરોહિત (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૨) કામિની સંપટ (૫૩) ગીતા ઉદેશી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) અમિર આદમી ગરીબ આદમી, ૨) હમ સાથ સાથ હૈ, ૩) ખૂન કા બદલા ખૂન, ૪) થોડા પ્યાર થોડા મેજિક, ૫) કયામત સે કયામત તક, ૬) ઘર ઘર કી કહાની, ૭) નાચે નાગિન ગલી ગલી

ક્વિઝ (બ) સંગીતકાર - આર ડી બર્મન, ૧) રોકી, ૨) શાન, ૩) પુકાર, ૪) કાલીયા, ૫) કુદરત, ૬) કારવા, ૭) તીસરી મંઝિલ

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ૧૯૫૬: કિશોર કુમાર-વહિદા રેહમાન ને સુનીલ દત્ત

### એક વર્ષમાં ગાયક - અભિનેતાની નવ ફિલ્મ રિલીઝ થઈ હતી અને જુદી જુદી આઠ હીરોઈન સાથે એમની જોડી જામી હતી.



કિશોર કુમાર – વૈજયંતીમાલા 'ન્યુ દિલ્હી'માં



વહિદા રેહમાન – દેવ આનંદ 'સીઆઈડી'માં

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ૧૯૫૦ના દાયકામાં ઘણા ફેરફાર જોવા મળી રહ્યા હતા. ફિલ્મ મેકિંગ વધુ ચુસ્ત બની રહ્યું હતું અને ફિલ્મ નિર્માણના વિવિધ પાસાઓમાં ખાસ્સો બદલાવ નજરે પડી રહ્યો હતો. ૭૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૫૬માં ૧૩૦-૧૪૦ હિન્દી ફિલ્મનું નિર્માણ થયું હોવાની આધારભૂત માહિતી મળે છે. અલબત્ત, આ આંકડાકીય માહિતી કરતાં વધુ મહત્ત્વની વાત એ હતી કે એ વર્ષે કેટલીક નોંધનીય ઘટના બની જેનું આગળ જતા હિન્દી ફિલ્મોના વિકાસમાં સીધું કે આડકતરું યોગદાન રહ્યું.

સૌથી પ્રથમ ઉલ્લેખ કિશોર કુમારનો કરવો જોઈએ. ૧૯૫૦ના દાયકાના પ્રારંભની દેવ આનંદની ફિલ્મોના ગીતોથી ગાયક કિશોર કુમારની ખ્યાતિ ચારેકોર ફેલાઈ એ જાણીતી વાત છે. જોકે. આ જ દાયકામાં એક્ટર કિશોર કુમાર પણ નામના મેળવી રહ્યા હતા. ૧૯૫૪ની બિમલ રોય દિગ્દર્શિત 'નૌકરી' (છોટા સા ઘર હોગા બાદલોં કી છાંવ મેં) અને ૧૯૫૫ની એ. આર. કારદારની 'બાપ રે બાપ' (પિયા પિયા પિયા, મેરા જીયા પુકારે) ફિલ્મો ગાયક – અભિનેતા તરીકે કિશોર કુમારને સ્થાપિત કરી રહી હતી, પણ ૧૯૫૬નું વર્ષ એક્ટર કિશોર કુમાર માટે શિરમોર સાબિત થયું. આ વર્ષે તેમણે અભિનય પણ કર્યો હોય એવી નવ ફિલ્મ રિલીઝ થઈ હતી! અન્ય કોઈ પણ વર્ષે એક્ટર કિશોરદાની આટલી ફિલ્મ નથી આવી. એમની હીરોઈનોમાં પણ વૈવિધ્ય જોવા મળ્યું. 'ભાઈ ભાઈ'માં નિમ્મી, 'ઢાકે કી મલમલ'માં મધુબાલા, 'મેમ સાહિબ' અને 'નયા અંદાઝ'માં મીના કુમારી, 'ન્યુ દિલ્હી'માં વૈજયંતિમાલા, 'પૈસા હી પૈસા'માં માલા સિન્હા, 'ભાગમ ભાગ'માં શશીકલા, 'આબરૂ'માં કામિની કૌશલ અને 'પરિવાર'માં ઉષા કિરણ. એક જ વર્ષમાં અલગ અલગ આઠ હીરોઈન સાથે હિન્દી ફિલ્મના હીરોની ફિલ્મ રિલીઝ થઈ હોય એવું સંભવતઃ આ એકમાત્ર ઉદાહરણ હશે.

વિજય આનંદની અફલાતૂન ફિલ્મ 'ગાઈડ'ની રોઝી વહિદા રેહમાનની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી ૧૯૫૬માં જ થઈ. રાજ ખોસલા દિગ્દર્શિત 'સીઆઈડી'ની કામિનીના રોલથી વહિદાજી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રથમ પંક્તિના હીરોઈન તરીકે પંકાઈ ગયાં. ૧૯૭૬ની 'કભી કભી' સુધી હીરોઈનનો દબદબો જળવાયો. 'સીઆઈડી'થી થ્રિલર ફિલ્મોના એક નવા દોરની શરૂઆત થઈ જેમાં સસ્પેન્સ - સંગીતના મિશ્રણે આગામી અનેક થ્રિલર ફિલ્મોના સમીકરણ તૈયાર કર્યા. 'રેલવે પ્લેટફોર્મ' અને 'કુંદન' એ બે ચિત્રપટથી એન્ટ્રી લેનારા સુનીલ દત્ત માટે બી આર ચોપડાની 'એક હી રાસ્તા' (૧૯૫૬) ફિલ્મ નિર્ણાયક સાબિત થઈ. સામાજિક દ્રષ્ટિકોણ ધરાવતા ચિત્રપટમાં દત્ત સાહેબ નાયકનો ચહેરો બની ગયા. એક્ટરની કારકિર્દીને દોડવા માટે ઢાળ મળી ગયો.

૧૯૫૬નું વર્ષ રાજ કપૂરની કરિયરમાં સુધ્ધાં મહત્ત્વ ધરાવે છે. આર. કે. બેનર હેઠળ નિર્માણ થયેલી પણ ડિરેક્શન રાજ કપૂરએ ન કર્યું હોય એવી જૂજ ફિલ્મો પૈકી એક છે 'જાગતે રહો.' ફિલ્મ એક ગરીબ ગ્રામ્ય વ્યક્તિની નજરે શહેરી દંભ અને જાતપાતના દૂષણ પર કટાક્ષ કરે છે. અગ્રણી આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં આ ફિલ્મ દર્શાવાઈ હતી અને કાર્લોવી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સન્માન મેળવવામાં સફળ રહી હતી. હિન્દી ચિત્રપટને વૈશ્વિક સ્તરે આદર મળ્યો. આ ફિલ્મની અન્ય એક ખાસિયત એ રહી કે રાજ કપૂર - નરગીસ સાથે નજરે પડ્યા હોય એવી આ અંતિમ ફિલ્મ સાબિત થઈ.

૧૯૫૬માં બોક્સઓફિસ પર સફળતા મેળવનારી પ્રથમ દસ ફિલ્મ તરફ નજર નાખતા એક વાત ઉડીને આંખે વળગે છે કે દર્શકોનો ઝુકાવ કોઈ એક યા બે શૈલીની ફિલ્મો તરફ નહોતો રહ્યો. પહેલી પાંચ ફિલ્મમાં સસ્પેન્સ થ્રિલર (સીઆઇડી) હતી તો પારિવારિક ફિલ્મ (એક હી રાસ્તા) પણ હતી. સિવાય રોમેન્ટિક કોમેડી (ચોરી ચોરી અને ન્યુ દિલ્હી) અને સંગીતપ્રધાન (બસંત બહાર) ફિલ્મ પણ હતી. અન્ય પાંચ ફિલ્મો (રાજ હઠ, ભાઈ ભાઈ, તૂફાન ઔર દિયા, ફન્ટુશ અને ઈન્સ્પેક્ટર)માં પણ વૈવિધ્ય હતું.

બારીકાઈથી જોતા એ વાતનો ખ્યાલ આવે છે કે પછીના વર્ષોમાં નાયાબ ફિલ્મ દિગ્દર્શક તરીકે પંકાયેલા વિજય આનંદની સોન્ગ પિક્ચરાઈઝેશનની પહેલી કમાલ - એનો પાયો ૧૯૫૬માં નખાયો એમ કહી શકાય. 'ફન્ટુશ' ફિલ્મના દિગ્દર્શક હતા ચેતન આનંદ પણ એના બે ગીત 'અય મેરી ટોપી પલટ કે આ' અને 'દેનેવાલા જબ ભી દેતા છપ્પર ફાડ કે દેતા'ની ફિલ્માંકન વિજય આનંદએ કર્યું હોવાની નોંધ છે. ગજબની કલ્પકતા નજરે પડે છે અને 'દેનેવાલા જબ ભી દેતા છપ્પર ફાડ કે દેતા' ગીતમાં દેવસાબની કોમિક સેન્સ - ટાઈમિંગ જોતા એ નિર્ભેળ કોમેડી ફિલ્મોમાં ગજું કાઢી શક્યા હોત એમ માનવાનું મન થાય છે. એ વર્ષની 'હલાકુ' ફિલ્મનો ઉલ્લેખ એ માટે કરવો જોઈએ કે પછીના વર્ષોમાં ખલનાયક તરીકે ખ્યાતિ મેળવનારા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે અગ્રણી પ્રાણ અને અજિત સાથે છે, પણ બંનેમાંથી કોઈ ટિપિકલ વિલન નથી.

આ તરફ રાજેન્દ્ર કુમારને હજી જ્યુબિલી કુમારનું લેબલ નહોતું લાગ્યું અને 'તૂફાન ઔર દિયા'માં તેમનો કોલેજ સ્ટુડન્ટનો રોલ હતો. મન્ના ડેના સ્વરમાં રજૂ થયેલું ટાઇટલ સોન્ગ 'નિર્બલ કી લડાઈ બલવાન સે, યે કહાની હૈ દીયે કી ઔર તૂફાન કી'ને અફાટ લોકપ્રિયતા મળી હતી.

સંગીતની વાત નીકળી છે તો 'આહ', 'ગુમનામ' જેવી વૈવિધ્યપૂર્ણ ફિલ્મો બનાવનારા રાજા નવાથેની 'બસંત બહાર'નો વિશેષ ઉલ્લેખ કરવો જોઈએ. કન્નડ સાહિત્યકારની કૃતિ પર આધારિત આ ફિલ્મની સ્ટોરી રાજીન્દર સિંહ બેદીએ લખી હતી. ફિલ્મના સંગીતકાર હતા શંકર - જયકિશન, જેમની પ્રધાન ખ્યાતિ ઓર્કેસ્ટ્રેશન અને મેલડી મ્યુઝિક માટે હતી. ક્લાસિકલ કમ્પોઝીશન એમની સ્વરરચનામાં પ્રભાવીપણે નહોતા જોવા મળતા. 'બસંત બહાર'ના નવ ગીતમાંથી આઠ ગીતની સ્વર રચના વિવિધ રાગ (ભૈરવી, પીલુ, તોડી)માં કરવામાં આવી હતી. દર્શકોએ ગીતોને પસંદ કર્યા હતા અને એમાંથી બે ગીત 'સૂર ના સજે ક્યા ગાઉં મૈં' (મન્ના ડે) અને 'કેતકી ગુલાબ જુહી' (મન્ના ડે અને ભીમસેન જોશી) આજે પણ સંગીત પ્રેમીઓ નહીં ભૂલ્યા હોય. ■

---

## શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ટ્રેલર ઓફ ૨૦૨૬

### નવા વર્ષના મનોરંજનની માલગાડીનું એડવાન્સ બુકિંગ

વેલકમ ૨૦૨૬!

વર્ષની શરૂઆત કરીએ મનોરંજન દેવને નમન કરીને. આશા એટલી જ કે ગયા વર્ષે જેમ સિનેમાએ આપણને મજા કરાવી, એ મજા આ વર્ષે ડબલ થઈ જાય. વિશ્વ સિનેમાએ ગયા વર્ષે ઘણી એવી ફિલ્મ્સ આપી, જે ચર્ચામાં રહી અને દિલમાં પણ ઉતરી. હિટ-ફ્લોપની ચર્ચા કરતાં આગળ જઈને, દર્શકોને કંઈક નવું આપવાનો પ્રયાસ કરતી ફિલ્મ્સ વધારે યાદ રહી. આ વર્ષે પણ મનોરંજનની યાત્રા પૂરજોશમાં છે. તો ચાલો, નવા વર્ષના પ્રથમ છ મહિનાના રસપ્રદ અને મહત્ત્વાકાંક્ષી જણાતા સ્ટોપ્સ પર નજર કરીએ.





















સૌપ્રથમ બોલિવૂડની વાત કરીએ તો, વર્ષના પહેલા જ દિવસે રિલીઝ થયેલી ફિલ્મ 'ઇક્કિસ' એક ગંભીર શરૂઆત આપે છે.

આ ફિલ્મ ૧૯૭૧ના યુદ્ધના વીર સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલની સાચી કહાની પર આધારિત છે. આજના યુગમાં જ્યાં યુદ્ધ માત્ર સમાચારની હેડલાઈન બની જાય છે ત્યારે આવી ફિલ્મ્સ આપણને એ યાદ અપાવે છે કે આ પાછળ સાચા બલિદાન હોય છે. દિગ્દર્શક શ્રીરામ રાઘવન પોતાની અલગ સ્ટાઇલ માટે જાણીતા છે અને આ ફિલ્મમાં એ દેશભક્તિને શો-શરાબા વગર પણ પ્રભાવશાળી રીતે રજૂ કરશે એવું લાગી રહ્યું છે.

જાન્યુઆરીના અંતમાં આવનારી 'બોર્ડર ટુ' પણ યુદ્ધ ફિલ્મ છે. 'બોર્ડર'ની સિક્વલ હવે નવી પેઢીના કલાકારો સાથે મોટા પડદા પર આવશે. સની દેઓલનું નામ જ આ ફિલ્મ સાથે જોડાય એટલે જૂના દર્શકો માટે નોસ્ટેલ્જિયા છે અને વરુણ ધવન તથા દિલજીત દોસાંજ જેવા કલાકારો નવા દર્શકોને જોડશે. રિપબ્લિક- ડેના સમયગાળામાં આવતી દેશભક્તિ ફિલ્મ્સ હંમેશાં ખાસ અસર છોડી જાય છે અને 'બોર્ડર ટુ' એ જ માર્ગ પર આગળ વધશે એવી અપેક્ષા છે.

ફેબ્રુઆરીમાં આવનારી 'મર્દાની થ્રી' એક અલગ પ્રકારની ઉત્સુકતા જગાવે છે. રાણી મુખર્જી દ્વારા ભજવાયેલું શિવાની શિવાજી રોયનું પાત્ર બોલિવૂડના મજબૂત મહિલા પાત્રોમાં ગણાય છે. આ શ્રેણીની ખાસ વાત એ છે કે અહીં એક્શન અને ઈમોશન બન્ને સાથે હોય છે. મહિલા કેન્દ્રિત ફિલ્મ્સ હજુ પણ ઓછી બને છે ત્યારે 'મર્દાની' જેવી ફિલ્મ્સ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

માર્ચમાં ઇદના અવસર પર આવનારી 'ધુરંધર ટુ' એક મોટા સ્કેલની એક્શન ફિલ્મ છે. પહેલો ભાગ તેની સ્ટોરી અને પ્રેઝેન્ટેશન માટે હજુ પણ બોક્સઓફિસ પર કમાલ દેખાડી રહ્યો છે. હવે બીજા ભાગમાં કહાની વધારે વિસ્તૃત થશે અને એક્શન વધારે તીવ્ર હશે એવી અપેક્ષા છે.

એપ્રિલમાં આવનારી 'ભૂત બંગલા' એકદમ અલગ સ્વાદની ફિલ્મ છે. હોરર અને કોમેડીનું મિશ્રણ આજકાલ લોકોમાં લોકપ્રિય છે. અક્ષય કુમાર અને દિગ્દર્શક પ્રિયદર્શનની જોડીએ અગાઉ પણ હિટ ફિલ્મ્સ આપી છે. આ જ સમયમાં આવનારી 'આવારાપન ટુ' એક રોમેન્ટિક ડ્રામા હશે. પહેલો ભાગ આજે પણ દર્શકો માટે કલ્ટ ફિલ્મ ગણાય છે. હવે બીજા ભાગમાં એ જ ઈમોશન નવી કહાની સાથે આગળ વધશે કે કેમ એ તો સમય જ કહેશે.

એપ્રિલમાં જ આવનારી 'બેટલ ઓફ ગલવાન' એક એવી ફિલ્મ છે જે તાજેતરના ઇતિહાસને મોટા પડદા પર લાવે છે. સલમાન ખાન જેવા મોટા સ્ટાર સાથે આ ફિલ્મ માત્ર એક્શન સુધી સીમિત નહીં રહે, પરંતુ સૈનિકોના જીવન અને તેમના બલિદાનને દર્શાવશે. જોકે સલમાનનો બોક્સઓફિસ પરનો ખરાબ સમય આ ફિલ્મ દૂર કરે છે કે નહીં એ જોવું રહ્યું.

હવે જો હોલિવૂડ તરફ નજર કરીએ તો ત્યાં પણ મજેદાર ફિલ્મ્સ ઓછી નથી. જાન્યુઆરીમાં આવનારી 'મર્સી' એક ફ્યુચરિસ્ટિક થ્રિલર છે. આ ફિલ્મ ટેકનોલોજી અને ન્યાય વચ્ચેના સંઘર્ષને દર્શાવે છે. ક્રિસ પ્રેટ જેવા લોકપ્રિય અભિનેતા હોવાને કારણે ફિલ્મને દર્શકવર્ગ મળશે એવું લાગી રહ્યું છે.

માર્ચમાં આવનારી 'પ્રોજેક્ટ હેલ મેરી' હોલિવૂડની સૌથી વધુ ચર્ચાતી ફિલ્મ્સમાંથી એક છે. રાયન ગોસ્લિંગ એક એવા સ્પેસમેનની ભૂમિકા ભજવે છે જે એકલો અંતરિક્ષમાં ફસાઈ જાય છે. ધીમે ધીમે તેને ખબર પડે છે કે માનવજાતને બચાવવાની જવાબદારી તેના ખભા પર છે. 'ધ માર્શિયન' ફિલ્મ ગમી હોય તો આ ફિલ્મ ગમશે એવું જણાઈ રહ્યું છે.

જૂન મહિનામાં આવનારી 'સુપરગર્લ' પણ ખાસ છે. સુપરહીરો ફિલ્મ્સ હવે એક જ ફોર્મ્યુલાથી બહાર આવવાની કોશિશ કરી રહી છે અને સુપરગર્લ તેનું ઉદાહરણ છે. આ ફિલ્મ નવા ડીસી યુનિવર્સ માટે પણ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

હોલિવૂડમાં નોસ્ટેલ્જિયા પણ મોટો ફેક્ટર છે અને 'ધ ડેવિલ વેર્સ પ્રાડા ટુ' એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પહેલી ફિલ્મ આજે પણ લોકપ્રિય છે. હવે બદલાયેલા મીડિયા અને ફેશનના સમયમાં એ જ પાત્રો કેવી રીતે આગળ વધે છે તે જોવું રસપ્રદ રહેશે.

મેરિલ સ્ટ્રીપ જેવી અભિનેત્રીનું સ્ક્રીન પ્રેઝન્સ પોતે જ એક મોટું આકર્ષણ હોય છે પણ આવી રીતે તો આવનારી ફિલ્મ્સની ચર્ચા વર્ષ પૂરું થયે પણ પૂરી નહીં થાય. તો બાકીની મજેદાર લાગતી ફિલ્મ્સ આ રહીઃ 'ક્રાઇમ ૧૦૧', 'માઇકલ', 'ડિસ્ક્લોઝર ડે', 'ઓ રોમિયો', 'રાજા શિવાજી', વગેરે.

આ બધું મળીને એક વાત સ્પષ્ટ કરે છે કે ૨૦૨૬ના પહેલાં છ મહિના સિનેમાપ્રેમીઓ માટે ખૂબ જ આકર્ષક રહેવાના છે.

મોટા સ્ટાર્સ, મોટી કહાનીઓ અને ઘણી ઇવેન્ટ ફિલ્મ્સ આવી રહી છે. ■

**લાસ્ટ શોટ**

*'ઇક્કિસ' આપણા પ્રિય સદ્ગત ધર્મેન્દ્રની આખરી ફિલ્મ છે!*

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ડોન ૩' માટે ત્રીજો ડોન!



હૃતિક રોશન

'ધુરંધરીય' સફળતા બાદ રણવીર સિંહે ફરહાન અખ્તરની 'ડોન ૩' છોડી દેવાનો નિર્ણય લીધો છે. આ પાછળનું કારણ જે હોય તે પણ ફરહાન જરૂર તકલીફમાં મુકાઈ ગયો છે કારણ કે આ ફિલ્મમાં રણવીર હશે એવી જાહેરાત મહિનાઓ અગાઉ વાજતેગાજતે સોશ્યલ મીડિયામાં કરવામાં આવી હતી, પણ અચાનક રણવીર જતો રહ્યો એટલે નાક તો કપાયું એની સાથે હવે રણવીરનું રિપ્લેસમેન્ટ શોધવાનું અઘરું કામ પણ માથે આવી પડ્યું.

વળી, આ ફ્રેન્ચાઇઝીનો ડોન પણ વટ્ટ પડે એવો હોવો જોઈએ એ પણ એટલી જ મોટી જવાબદારી છે. બીજી તરફ કાને પડ્યા સમાચાર અનુસાર રણવીરને રિપ્લેસ કરવા માટે ઘણાં બધાં નામો વિચારણા હેઠળ છે, પરંતુ આ બધાં નામોમાં એક નામ આગળ છે. આ નામ છે હૃતિક રોશનનું. જાણવા મળ્યાં અનુસાર હજી તો આ વાત ફરહાન અને એની નજીકનાં લોકો માટે સાવ પ્રાથમિક કક્ષાએ જ છે, પણ જો લેવો હોય તો હૃતિક જ લેવો એવી એક ભાવના આ બધામાં અત્યારે તો ફરી રહી છે. બાકી, 'ડોન ૩' માટે શાહરૂખ પછી રણવીર અને હવે હૃતિક એમ ત્રીજો ડોન શોધવો પડ્યો છે એટલે હાલના તબક્કે તો શાહરૂખ કા રિપ્લેસમેન્ટ શોધના મુશ્કિલ હી નહીં- નામુમકીન હૈ એવું અત્યારે તો લાગી રહ્યું છે.

### આ 'અપવિત્ર રિશ્તાથી' કોણ રોષે ભરાયું છે?



એકતા કપૂર

યાદ છે, વર્ષો અગાઉ ઝી પર 'પવિત્ર રિશ્તા' નામની સિરિયલ આવતી હતી? હા, એ જ સિરિયલ જેમાં આપણે સુશાંતસિંહ રાજપૂતને પહેલીવાર મળ્યાં હતાં. સુશાંત અને એકતા લોખંડેનો પ્રેમ પણ આ જ સિરિયલનાં સેટ ઉપર પાંગર્યો હતો. જોકે કોવિડ દરમિયાન સુશાંત અસામાન્ય સંજોગોમાં અવસાન પામ્યો, જેનું રહસ્ય હજી પણ અકબંધ છે.

હવે ઝી 'પવિત્ર રિશ્તા' નામની સિરિયલ ફરીથી ઓન એર કરી રહી છે. આ ઘટનાક્રમથી ઓરિજીનલ સિરિયલની નિર્માત્રી બાલાજીની એકતા કપૂર ગુસ્સે છે. એકતાને લાગે છે કે ઝીનો આ એક તરફી નિર્ણય નૈતિકતાની દ્રષ્ટિએ યોગ્ય નથી. સામે ઝીનો દાવો એવો છે કે ફેબ્રુઆરીમાં આવનારી આ નવી સિરિયલ માટે એકતાની સિરિયલમાંથી અમે ફક્ત એનું નામ જ ઉપાડ્યું છે. બાકી એની વાર્તા સાથે સીધો કે આડકતરો કોઈ જ સંબંધ નથી.

એ સિરિયલ ભલે એકતા કપૂરે કે 'બાલાજી ટેલિફિલ્મ્સ' દ્વારા નિર્માણ પામી હતી, પણ કાયદેસરનાં હક્ક ઝી પાસે જ છે. ટૂંકમાં ઝી કાયદાની દ્રષ્ટિએ કશું ખોટું નથી કરી રહ્યું. વળી, એ સિરિયલનાં પૂર્ણ થયે ઘણો સમય વીતી ગયો છે આથી એની સાથે એ વખતનો દર્શક સંકળાય એ જરૂરી નથી. ટૂંકમાં એકતાબેન કરતાં ઝીનો કેસ અહીં વધુ મજબૂત લાગે છે.

### '૩ ઈડિયટ્સ': સિક્વલ સત્ય કે કલ્પના?



હજી બે અઠવાડિયા પહેલાં જ 'મજબૂત સૂત્રો' પાસેથી સાંભળ્યું હતું કે હિન્દી સિનેમાની 'આઇકોનિક' ફિલ્મોમાંથી એક એવી '૩ ઈડિયટ્સ'ની સિક્વલ આવી રહી છે. આ માટે આમિર ખાન, માધવન, અને શર્મન જોશી સાથે વાત પણ થઇ ગઈ છે. આટલું જ નહીં. પણ રાજકુમાર હિરાણીએ એની સ્ક્રિપ્ટ સજ્જડબંબ રીતે લોક પણ કરી નાખી છે, પરંતુ, જ્યારે ફરહાન સોરી, આર. માધવનને આ બાબતે પૂછવામાં આવ્યું તો એણે તો આ આખી ઘટનાનો છેદ જ ઉડાડી નાખ્યો.

બોલો! માધવને પહેલા બોલે એવી સિકસર મારી કે 'ભાઈ મને તો આની કોઈ ખબર જ નથી. મારો સંપર્ક સાધવામાં જ નથી આવ્યો!' પત્યું? પછી બીજા બોલે ફોર મારી કે, આ ફિલ્મની સિક્વલ બને એ જ કોઈ કલ્પનાતીત વાત જેવું છે.

માધવને એક વાત તો જોકે સાચી કહી કે ભાઈ, હવે અમારી બધાની ઉંમર જુઓ. એ સમયે અમે કોલેજ સ્ટુડન્ટ લાગતા હતા હવે? હવે અમે બધાં ઉંમરવાન થઇ ગયાં છીએ? એ વખતનો સ્પાર્ક અત્યારે અમે બધાં આપી શકીએ એમ છીએ ખરાં? ટૂંકમાં, સૂત્રો ગમે તેટલાં મજબૂત હોય પણ એ સાચાં જ હોય એવું માનવું નહીં અને ઉતાવળે જાહેરાત કરવી જ નહીં, બરાબરને?

------

બાકી, માધવનની વાતમાં દમ તો છે જ. જો ખરેખર આ પ્રકારનું કશું 'ઉકળ્યું' હોત તો એની મોટી જાહેરાત થઇ હોત. વિધુ વિનોદ ચોપરા અને રાજકુમાર હિરાણી પ્રેસ સમક્ષ આવ્યા હોત, અને ચેતન ભગતે સોશ્યલ મીડિયા ગજવી નાખ્યું હોત! ■

**કટ એન્ડ ઓકે..**

*'ગોલમાલ' સિરીઝની આગામી ફિલ્મમાં એની મૂળ કાસ્ટ એટલેકે અજય દેવગણ, અર્શદ વરસી, શર્મન જોશી અને તુષાર કપૂર ભેગી થશે. વત્તા એમાં વિલન તરીકે હશે કોઈ મહિલા એક્ટર!*

# નવા વર્ષના પહેલા દિવસે કમોસમી વરસાદનું આગમન

## વરસાદને કારણે પ્રદૂષણમાં ઘટાડો થઈ શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૨૦૨૫ની વિદાય સાથે નવા વર્ષનું આગમન મુંબઈ સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદથી થયું છે. મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિત અનેક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં પડ્યાં હતાં, જેથી વાતાવરણમાં વધારે ઠંડક પસરી હતી. તાપમાનમાં ઘટાડો થવાને કારણે પ્રદૂષણનું સ્તર ઘટી શકે છે.

મોડી રાતથી વાતાવરણમાં પલટો આવ્યા પછી વહેલી સવારના આજે વરસાદનું આગમન થયું હતું, જેમાં સૂર્યદેવ પણ જોવા મળ્યા નહોતા. આજે સવારના છ વાગ્યાથી અમુક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેનાથી વાતાવરણમાં ઠંડક પસરી હતી.

સોશ્યલ મીડિયા પર પણ લોકોએ નવા વર્ષના પહેલા દિવસે પડેલા વરસાદની નોંધ લીધી હતી, જ્યારે અમુક લોકોએ વીડિયો શેર કરીને પ્રતિક્રિયાઓ પણ આપી

(જુઓ પાનું ૪) ▶▶

## ટ્રાફિકના નિયમો ભંગ કરનારાઓને ૧.૩૧ કરોડનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થર્ટીફર્સ્ટની રાતે દારૂના નશામાં વાહન ચલાવીને પોતાના અને અન્યોના જીવને જોખમ ઊભું કરનારાઓ વિરુદ્ધ ટ્રાફિક વિભાગ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં નશામાં વાહન ચલાવનારા ૨૧૧ ડ્રાઈવર વિરુદ્ધ ગુના નોંધવામાં આવ્યા હતા. એ સિવાય ટ્રાફિકના નિયમો તોડનારાઓને એક જ રાતમાં ૧.૩૧ કરોડ રૂપિયાથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

નવા વર્ષની ઉજવણી નિમિત્તે થર્ટીફર્સ્ટની રાતે મોટી સંખ્યામાં લોકો બાર, પબ અને ડિસ્કોથેકમાં જઈને દારૂની મહેફિલ માણતા હોય છે. એ સિવાય ખાનગી પાર્ટીઓ અને અન્ય ઠેકાણે દારૂ ઢીંચનારાઓની પણ કમી નથી. બાદમાં દારૂના નશામાં વાહન ચલાવી ઘરે પહોંચવાની ઉતાવળમાં ડ્રાઈવરો પોતાના અને અન્યોના જીવ જોખમમાં મૂકતા હોય છે. પરિણામે નશો કરીને વાહન ન ચલાવવાની સૂચના ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવી હતી. પોલીસની ચેતવણીને

(જુઓ પાનું ૪) ▶▶

## ટ્રાફિક પોલીસ જવાનનું ટ્રેન અકસ્માતમાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન કહેવાતી લોકલ ટ્રેને નવા વર્ષના પહેલા દિવસે મુંબઈ પોલીસના જવાનનો ભોગ લીધો હતો. લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરનારા પ્રવાસીએ સંતુલન ગુમાવતા સ્ટેશન પર પડ્યો હતો, જ્યાં પ્લેટફોર્મ પર પડ્યા પછી તેનું મૃત્યુ થયું હતું.

આ બનાવ ૩૧મી ડિસેમ્બરના રાતના બન્યો હતો, જ્યારે મૃતકની ઓળખ દેવીદાસ સાસ્તે તરીકે કરવામાં આવી છે, જે સહાર ટ્રાફિક ડિવિઝનમાં તહેનાત હતો. પોલીસના જણાવ્યાનુસાર સાસ્તેને હાર્ટ એટેકથી પીડિત હતો. સાતમી ઓગસ્ટથી ૨૫ નવેમ્બર સુધી મેડિકલ લીવ પર હતો, ત્યાર બાદ કલ્યાણની ફોર્ટિસ હોસ્પિટલમાં એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. હેલ્થમાં સુધારો થયા પછી કામ પર પરત પણ ફર્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶



**વધામણી!:** નવા વર્ષને વધાવવા માટે દુનિયાભરના લોકોમાં અલગ જ પ્રકારનો ઉત્સાહ હોય છે, પરંતુ આ દુનિયામાં નવા વર્ષના દિવસે જન્મ લેનારા નવજાત માટે દિવસનું વિશેષ મહત્ત્વ હોય છે. આજે મુંબઈની ખાનગી હોસ્પિટલમાં છ બાળક જન્મ્યા પછી હોસ્પિટલે પણ આગવી રીતે સૌને આવકાર્યા હતા. (અમય ખરાડે)

## સેના ઉમેદવારનું જબરું કારસ્તાનઃ પક્ષના જ હરીફ ઉમેદવારનાં એબી ફૉર્મ ફાડી ગળી ગયો

પુણેઃ પુણે મહાનગરપાલિકાની ચૂંટણી માટેના શિવસેનાના ઉમેદવારે ગુસ્સામાં જબરું કારસ્તાન કર્યું હતું.

આ ઉમેદવારે પોતાની જ પાર્ટીના હરીફ ઉમેદવાર સાથે થયેલી ઉગ્ર બોલાચાલી પછી તેનાં એબી ફૉર્મ ફાડી ગળી ગયો હતો.

પુણેના ધાનકવાડી સહકારનગરની વૉર્ડ ઑફિસમાં બુધવારે બનેલી આ ઘટના બાદ ભારતી વિદ્યાપીઠ પોલીસ સ્ટેશનમાં સેનાના ઉમેદવાર ઉદ્ધવ કાંબળે (૩૪) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

મહાપાલિકાની આગામી ચૂંટણી માટે પુણે શહેરના વૉર્ડ નંબર-૩૪ માટે શિવસેના દ્વારા બે ઉમેદવારને એબી ફૉર્મ્સ આપવામાં આવ્યાં હતાં. આ વાતને લઈ સેનાના બન્ને ઉમેદવાર ઉદ્ધવ કાંબળે અને મચ્છિન્દ્ર ઢવળે વચ્ચે રકઝક થઈ હતી.

વાત વધી જતાં બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો.

ગુસ્સામાં કાંબળેએ ઢવળેના હાથમાં એબી ફૉર્મ્સ ઝૂંટવી લીધાં હતાં. પછી ફૉર્મ ફાડીને કાંબળે ગળી ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સરકારી કર્મચારીની ફરજમાં અવરોધ ઊભો કરવા બદલ કાંબળે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

ચૂંટણી માટે એ અને બી ફૉર્મ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો ગણાય છે.

આ ફૉર્મ દ્વારા રાજકીય પક્ષો એ જાહેર કરે છે ચોક્કસ વ્યક્તિ તેમના પક્ષની ઉમેદવાર છે.

(પીટીઆઈ)■

## કોણ - ક્યાં કોની સાથે?

### નવા રાજકીય સમીકરણો ઊભરી આવ્યા




મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) સહિત ૨૯ પાલિકાની ચૂંટણી છે, જે અત્યાર સુધીની તમામ ચૂંટણીમાં સૌથી રસપ્રદ બની છે, જેનું મુખ્ય કારણ કૉંગ્રેસ સિવાય તમામ મોટા રાજકીય પક્ષો ભાજપ (ભારતીય જનતા પાર્ટી), શિવસેના (એકનાથ શિંદે), ઉદ્ધવ ઠાકરે શિવસેના (યુબીટી) અને બંને એનસીપી (રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી શરદ પવાર અને અજિત પવાર) કોઈ જગ્યાએ સાથે છે તો કોઈ જગ્યાએ હરીફ. હજુ તો ઠાકરે-બંધુની તો વાત જ કરી નથી. આમ ભયંકર રીતે ચૂંટણી ચિત્ર ગૂંચવાયેલું છે. આજે શુક્રવારે ઉમેદવારી ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે આ થોડી ઘણી ગૂંચ ઉકેલાશે અને મતદારો માટે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીમાં નવા રાજકીય સમીકરણો ઊભરી રહ્યા છે. બે-બે શિવસેના, બે-બે એનસીપી, ભાજપ અને કૉંગ્રેસ કેટલાક વિસ્તારોમાં સાથે મળીને લડી રહ્યા છે, જ્યારે અન્ય એકબીજાની સામે લડી રહ્યા છે. બાકી મનસે અને બહુજન વિકાસ આઘાડી અલગ છે અને બાકીના નાના પક્ષોએ પણ મેદાનમાં ઝંપલાવ્યું છે. કેટલીક જગ્યાએ શિંદે ભાજપને પડકારી રહ્યા છે, જ્યારે અન્ય જગ્યાએ બંને કૉંગ્રેસને સંયુક્ત રીતે પડકાર આપી રહ્યા

(જુઓ પાનું ૪) ▶▶

## કોણ - ક્યાં કોની સામે?

### આજે ચિત્ર સ્પષ્ટ થઈ શકે

## ચૂંટણી માટે કુલ ૧૦,૨૩૧ મતદાન મથકો રહેશે

(અમારા પ્રતિનિધ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી ૨૦૨૫-૨૬ માટે મુંબઈના કુલ ૧ કરોડ ૩ લાખ ૪૪ હજાર ૩૧૫ મતદાતાઓ પોતાના મતદાન અધિકારનો ઉપયોગ કરશે. એ માટે મુંબઈમાં વિવિધ સ્થળોએ કુલ ૧૦,૨૩૧ મતદાન મથકો ઊભાં કરવામાં આવવાનાં છે, જેમાં શાળાઓ, કોલેજો, સરકારી/અર્ધ-સરકારી ઇમારતો, હાઉસિંગ સોસાયટી અને ખાનગી ઇમારતોનો સમાવેશ થાય છે. પાલિકાના કમિશનર અને જિલ્લા ચૂંટણી અધિકારી ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે મતદાન મથકો દરેક વોર્ડમાં વસ્તી, મતદારોની સંખ્યા અને ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યા છે. મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચના નિયમો અને જોગવાઈઓનું પાલન કરીને મહાનગરપાલિકાના ચૂંટણી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા ૨૨૭ વોર્ડવાર મતદાન મથકોની અંતિમ

(જુઓ પાનું ૪) ▶▶



**કલ્યાણ કરો!:** કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના આગમન નિમિત્તે આજે વહેલી સવારથી સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શનાર્થે ભક્તોના ઘોડાપૂર ઊમટ્યા હતા. (અમય ખરાડે)

## મરાઠીમાં એનાઉન્સમેન્ટને મુદ્દે ભાયંદર સ્ટેશને યુવકની સતામણી

### યુવકને ત્રણ કલાક સ્ટેશન માસ્ટરની ઑફિસમાં રોકી રખાયોઃ ત્રણેય ભાષામાં એનાઉન્સમેન્ટ કરાઈ હોવાનો રેલવે અધિકારીનો દાવો

થાણેઃ ભાયંદર રેલવે સ્ટેશને મરાઠીને બદલે માત્ર ઈંગ્લિશ અને હિન્દીમાં જ એનાઉન્સમેન્ટ શા માટે કરવામાં આવતી હોવાનું પૂછવા પર ત્રણ કલાક રોકી રાખી તેની ભારે સતામણી કરવામાં આવી હોવાનો દાવો યુવકે કર્યો હતો. જોકે રેલવેના અધિકારીએ આ દાવાને રદિયો આપતાં કહ્યું હતું કે વેસ્ટર્ન રેલવે દ્વારા ત્રણેય ભાષામાં એનાઉન્સમેન્ટ કરવામાં આવે છે.

મળતી માહિતી અનુસાર યુવકની ઓળખ જિગર પાટીલ તરીકે થઈ હતી. પાટીલે દાવો કર્યો હતો કે સ્ટેશન પર મરાઠીમાં એનાઉન્સમેન્ટ થતી ન હોવાથી ફરિયાદ કરવા તેણે સ્ટેશન માસ્ટર પાસે કમ્પ્લેઈન્ટ રજિસ્ટર માગ્યું હતું. આ વાતને લઈ ઊકળી ઊઠેલા સ્ટેશન માસ્ટરે ગુસ્સામાં પ્રતિસાદ આપ્યો હતો.

સ્ટેશન માસ્ટરે ધમકી પાટીલને ધમકી આપી હતી કે તેણે દલીલો કરવાનું ચાલુ રાખ્યું તો રેલવે પ્રોટેક્શન ફોર્સને બોલાવવામાં આવશે. પછી પાટીલે દાવો કર્યો હતો કે તેને સ્ટેશન માસ્ટરની રૂમમાં લઈ જવાયો હતો, જ્યાં તેને લગભગ ત્રણ

(જુઓ પાનું ૪) ▶▶

## સગીરને હનીટ્રેપમાં સપડાવ્યા પછી અપહરણ કરી ૨૦ લાખની ખંડણી માગીઃ ચાર પકડાયા

### યુવતીના નામે બોગસ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ખોલી ૧૫ વર્ષના છોકરાને કલ્યાણ મળવા બોલાવ્યો પછી...

થાણેઃ કલ્યાણમાં બનેલી ચોંકાવનારી ઘટનામાં ૧૫ વર્ષના સગીરને યુવતીના નામે બનાવેલા બોગસ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના માધ્યમથી હનીટ્રેપમાં સપડાવવામાં આવ્યો હતો. પ્રેમભરી વાતોમાં ફસાઈને યુવતીને મળવાને ઇરાદે કલ્યાણ ગયેલા સગીરનું અપહરણ કરી તેના વડીલો પાસેથી ૨૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઊંડી તપાસ હાથ ધરી ચાર યુવકની ધરપકડ કરી સગીરને હેમખેમ છોડાવ્યો હતો.

પકડાયેલા આરોપીઓની ઓળખ પ્રદીપ કુમાર જયસ્વાલ (૨૪), વિશાલ પાસી (૧૯), ચંદન મૌર્ય (૧૯) અને સત્યમ યાદવ (૧૯) તરીકે થઈ હતી. ચારેય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની અપહરણ અને ખંડણીની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીએ ઈન્સ્ટાગ્રામના માધ્યમથી ૧૦મા ધોરણના

(જુઓ પાનું ૪) ▶▶

## કેડીએમસીના વોર્ડ ૨૪માંથી શિવસેનાના ત્રણ અને ભાજપનો એક ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા

થાણેઃ થાણે જિલ્લામાં કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ શિવસેનાના ત્રણ અને ભાજપના એક ઉમેદવારને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા, એમ એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી પહેલા, શિવસેનાના ઉમેદવારો રમેશ મ્હાત્રે, વિશ્વનાથ રાણે અને વૃષાલી જોશી અને ભારતીય જનતા પાર્ટીના જ્યોતિ પવન પાટિલ વોર્ડ નંબર ૨૪માંથી બિનહરીફ ચૂંટાયા છે. બંને પક્ષો ગઠબંધનમાં ચૂંટણી લડી રહ્યા છે.

ભાજપે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના ત્રણ ઉમેદવારો અગાઉ બિનહરીફ ચૂંટાયા હતા, જ્યારે મંદા સુભાષ પાટિલ ગુરુવારે પેનલ ૨૭એ માંથી બિનહરીફ ચૂંટાયા હતા. આ સાથે, ૧૨૨ સભ્યોની કેડીએમસીમાં બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારોની કુલ સંખ્યા આઠ થઈ ગઈ છે, જેમાં ભાજપના પાંચ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના ત્રણ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ■

## ભાજપના એક નેતાએ ભર્યું નકલી ફોર્મઃ ચૂંટણી પંચે સ્વીકારી પણ લીધું!

મુંબઇઃ ચૂંટણી પંચ પર 'ડુપ્લીકેટ મતદારો'ના મામલે વિપક્ષો પસ્તાળ પાડી રહ્યાં છે, તેવામાં તેમને હવે એક વધુ મુદ્દો મળી જાય તેવા સમાચાર મુંબઈથી સામે આવ્યા છે. મ્યુનિસિપલ ચૂંટણી માટે ભાજપ તરફથી ટિકિટ ન મળ્યા બાદ, પાર્ટીના એક બળવાખોર નેતાએ મુંબઈમાં ડુપ્લિકેટ એબી ફોર્મ જોડ્યું છે અને તેનાથી પણ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ચૂંટણી પંચે તેને સ્વીકારી પણ લીધું છે. આ ઘટના વોર્ડ નંબર ૧૭૩ માં બની હતી. મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમે ફરિયાદ કરી છે કે શિલ્પા કેલુસ્કરે ડુપ્લિકેટ એબી ફોર્મ જોડ્યું હતું. સાટમે ચૂંટણી પંચને પત્ર લખીને ફોર્મ રદ કરવાની માગ કરી છે. શિલ્પા કેલુસ્કર મુંબઈના વોર્ડ ૧૭૩માંથી ભાજપના ઉમેદવાર હતાં. જોકે, તેમને સત્તાવાર એબી ફોર્મ આપવામાં આવ્યું નહોતું, તેથી તેમણે વિરોધ કર્યો અને ડુપ્લિકેટ એબી ફોર્મ જોડીને પોતાની ઉમેદવારી નોંધાવી. જ્યારે મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમને આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે ચૂંટણી પંચને આ અંગે પત્ર લખીને ફરિયાદ કરી અને શિલ્પા કેલુસ્કરની અરજી રદ કરવાની માંગ કરી. ■

## પુણે અને પિંપરી-ચિંચવડમાં અજિત પવાર, શિંદે સેના એક થશે

પુણેઃ મહારાષ્ટ્રમાં આગામી નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ગઠબંધનોનું ચિત્ર દિવસો દિવસ ધૂંધળું બની રહ્યું છે. ચૂંટણીની જાહેરાત પહેલા જે વિરોધીઓ હતા તેઓ સ્થાનિક સ્તરે ગઠબંધનમાં જોવા મળી રહ્યા છે. બુધવાર સુધી પિંપરી-ચિંચવડ નગરપાલિકા ચૂંટણી માટે એનસીપીના અજિત પવાર જૂથે કહ્યું હતું કે શરદ પવાર જૂથ સાથે હાથ મિલાવ્યા છે . પરંતુ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે જણાવ્યું હતું કે તેમની એનસીપી પુણે અને પિંપરી-ચિંચવડ નગરપાલિકા ચૂંટણી માટે બેઠકોની વહેંચણી માટે તેમના સાથી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના સાથે વાતચીત કરી રહી છે!

કોરેગાંવ ભીમા યુદ્ધની ૨૦૮મી વર્ષગાંઠ પર પુણે નજીક 'જય સ્તંભ' (વિજય સ્તંભ) ખાતે શ્રદ્ધાંજલિ આપ્યા પછી તેઓ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. પવારે કહ્યું કે બેઠકો અંગે તેઓ શિવસેના સાથે સંપર્કમાં હોવા છતાં, ઉમેદવારી પત્રોની ચકાસણી અને ઉમેદવારી પાછી ખેંચાયા પછી ચિત્ર સ્પષ્ટ થશે.

૧૫ જાન્યુઆરીની ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા ૨૩ ડિસેમ્બરે શરૂ થઈ હતી અને ૩૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ હતી, જ્યારે ૨ જાન્યુઆરી ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ છે. ઉમેદવારોની અંતિમ યાદી ૩ જાન્યુઆરીએ પ્રકાશિત કરવામાં આવશે. ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા કેટલાક ઉમેદવારોને ટિકિટ આપવા અંગે પૂછવામાં આવતા, પવારે કહ્યું કે તેમણે આરપીઆઈ (સચિન ખરાત જૂથ) સાથે જોડાણ કર્યું છે, અને તેમની પસંદગી મુજબ ઉમેદવારોને નોમિનેટ કરવાનો તેમનો નિર્ણય હતો.

પુણેમાં ગેંગ લીડર સૂર્યકાંત ઉર્ફે બંધુ આંદેકરની પુત્રવધૂ સોનાલી આંદેકરને અને તેમની ભાભી લક્ષ્મી આંદેકરને ટિકિટ આપવામાં આવી હતી. ''અમે પહેલાથી જ આરપીઆઈ (સચિન ખરાત જૂથ) સાથે જોડાણ કરી લીધું છે. અમે પુણે અને પિંપરી-ચિંચવડમાં એનસીપી (એસપી) સાથે જોડાણમાં ચૂંટણી લડી રહ્યા છીએ. અમે શિવસેનાના નેતા ઉદય સામંત સાથે પણ વાતચીત કરી રહ્યા છીએ. સંભવત, અમે આ નાગરિક સંસ્થાઓ માટે શિવસેના સાથે કેટલીક બેઠકો પર સમજૂતી પર પહોંચીશું,'' તેમણે કહ્યું.

પુણે અને પિંપરી-ચિંચવડ નાગરિક સંસ્થાઓ સહિત રાજ્યના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે અને બીજા દિવસે મત ગણતરી કરવામાં આવશે.(પીટીઆઈ)

## વરસાદને કારણે આરેમાં બેસ્ટની બસ સાથે ટકરાયેલી ટ્રકના ડ્રાઈવરનું મોત

### ભીના માર્ગ પર ટ્રકનું ટાયર સ્લિપ થતાં અકસ્માત સર્જાયોઃ બસ ડ્રાઈવર-કન્ડક્ટર જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વર્ષની સવારે અચાનક વરસેલા વરસાદને કારણે ભીના માર્ગ પર ટાયર સ્લિપ થવાને કારણે ટ્રક સામેથી આવતી બેસ્ટની બસ સાથે ટકરાઈ હોવાની ઘટના ગોરેગામ નજીક આરે કોલોનીમાં બની હતી. આ ઘટનામાં ગુજરાતની ટ્રકના ડ્રાઈવરે જીવ ગુમાવ્યો હતો તો ડ્રાઈવરની કેબિનના કાચ તૂટતાં બસ ડ્રાઈવર અને કન્ડક્ટર ઘવાયા હતા. ભાંડુપમાં બેકાબૂ બનેલી બેસ્ટની બસે ૧૪ પ્રવાસીને કચડ્યાની ઘટના તાજી છે ત્યાં જ આરે કોલોનીમાં ગેટ નંબર-પાંચ નજીક ફરી બેસ્ટની બસને અકસ્માત નડ્યો હતો. આરેમાં ગુરુવારની સવારે ૬.૨૦ વાગ્યે બનેલી ઘટનામાં ટ્રક ડ્રાઈવર ચેહરાજ ઠાકુર (૩૦)નું મૃત્યુ થયું હતું. આરે પોલીસે ઘટનાની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બેસ્ટના અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે રૂટ નંબર-એ ૪૭૮ પરની વેટલીઝ બસ વિક્રોલી ડેપોથી બોરીવલી સ્ટેશન પૂર્વમાં જઈ રહી

(જુઓ પાનું ૪) ▶▶

## તાડદેવમાં કોન્સ્ટેબલને અડફેટે લઈ સ્કૂટરસવાર ફરાર

મુંબઈઃ થર્ટીફર્સ્ટની રાતે નશામાં વાહન ચલાવનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા નાકાબંધીમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલને અડફેટે લઈ સ્કૂટરસવાર ફરાર થઈ ગયો હોવાની ઘટના દક્ષિણ મુંબઈના તાડદેવ પરિસરમાં બની હતી.

તાડદેવ પોલીસના જણાવ્યા મુજબ ૩૧ ડિસેમ્બરની મધરાત બાદ બનેલી ઘટના અંગે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુરુવારે ગુનો નોંધવામાં આવ્યો હતો.

તાડદેવ ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ આશિષ નિઘોટ (૩૦)ની ડ્યૂટી એનએસસીઆઈ કલબ ગેટ નંબર-૧૧ નજીક

(જુઓ પાનું ૪) ▶▶

## ઉદ્ધવ ઠાકરેને ઝટકોઃ પાર્ટીના દિગ્ગજ નેતા ભાજપમાં જોડાવવાની તૈયારીમાં

મુંબઈઃ બીએમસી ચૂંટણી પહેલા ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) ને ગુરુવારે મોટો ફટકો પડ્યો કારણ કે, આદિત્ય ઠાકરે સાથે નજીકથી કામ કરતા પક્ષના ડેપ્યુટી લીડર શીતલ દેવરૂખકર-શેઠે રાજીનામું આપી દીધું હતું. શિવસેના (યુબીટી) છોડવાના નિર્ણયની જાહેરાત કરતા, દેવરૂખકર-શેઠે જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં ભાજપ પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણની હાજરીમાં ભાજપમાં જોડાશે.સેના (યુબીટી) ની યુવા પાંખ, યુવા સેનાના વરિષ્ઠ નેતા દેવરૂખકર-શેઠ તેની કોર કમિટીના સભ્ય હતા અને આદિત્ય ઠાકરેના અત્યંત નજીકના સહયોગીઓમાંના એક માનવામાં આવતા હતા.સૂત્રોએ જણાવ્યું હતું કે દેવરુખકર-શેઠને બીએમસી ચૂંટણી માટે પોતાને તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું કારણ કે પાર્ટી તેમને મેદાનમાં ઉતારવાની યોજના બનાવી રહી હતી.




**તો કાર્યવાહી થશેઃ** ૩૧ ફર્સ્ટ નાઈટને લઈ મુંબઈ સહિત પરા વિસ્તારમાં કોઈ અણબનાવ બને નહીં તેના માટે પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેને ટ્રાફિક પોલીસે મુંબઈમાં ચુસ્ત પહેરો ભરીને દારુ પીને ડ્રાઈવિંગ કરનારા સામે કાર્યવાહી કરતા જોવા મળ્યા હતા. (અમય ખરાડે)

# નવા વર્ષના પ્રથમ સત્રમાં શૅરબજારમાં સૂસ્ત હવામાન, એક્સાઇઝના ડામથી આઇટીસીના શૅરમાં ૧૭ ટકાનો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વર્ષ ૨૦૨૬ના પહેલા ટ્રેડિંગ સત્રમાં અત્યંત નિરુત્સાહી વાતાવરણમાં ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ નીચી સપાટીએ લપસ્યો હતો અને નિફ્ટીમાં અત્યંત મામૂલી સુધારો જોવા મળ્યો હતો, પરંતુ બજાર એકંદરે અથડા ગયું હતું. આઇટીસીના શેરના જોરદાર કડાકાને કારણે ખરડાયેલા માનસ વચ્ચે વિદેશી ભંડોળના બાહ્ય પ્રવાહ પણ ચાલુ રહેવાથી બજારે ટેકો ગુમાવ્યો હતો.

નવા વર્ષના પહેલા સત્રમાં ગુરુવારે ત્રીસ શેરો ધરાવતો બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૨ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૮૫,૧૮૮.૬૦ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૫,૪૫૧.૭૦ પોઇન્ટની ઊંચી સપાટી અને ૮૫,૧૦૧.૫૨ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે ફંગોળાયો હતો, જેમાં ૩૫૦.૧૮ પોઈન્ટ વધઘટ થઈ હતી. એ જ રીતે, પચાસ શેરો ધરાવતો એનએસઈ બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૧૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકાના નજીવા વધારા સાથે ૨૬,૧૪૬.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓના શેરમાંથી, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને આઇસીઆઇસીઆઇ બેંક પછી, આઇટીસી ૯.૬૯ ટકા સુધી ગબડ્યો હતો. તેનાથી વિપરીત, એનટીપીસી, એટર્નલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો અને પાવર ગ્રીડના શેરોમાં તેજી જોવા મળી હતી. સરકારે પહેલી ફેબ્રુઆરીથી તમાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ ડ્યુટી અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની તારીખ જાહેર કર્યા પછી સિગારેટ અને તમાકુ ઉત્પાદન ઉત્પાદકોના શેર ગગડ્યા હતા.

ગોડ્ફ્રે ફિલિપ્સ અને આઇટીસી સહિતની સિગારેટ અને તંબાકુ ઉત્પાદનો બનાવતી કંપનીના શેરોમાં જોરદાર કડાકા જોવા મળ્યા હતા. આઇટીસીના શેરમાં દસેક ટકાનો અને ગોડફ્રેના શેરમાં ૧૭.૧૭ ટકા એટલે કે શેરદીઠ રૂ.૪૭૪નો કડાકો નોંધાયો હતો. સરકારે પહેલી ફેબ્રુઆરીથી તંબાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ જકાત અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની જાહેરાત કરી છે. પાન મસાલા, સિગારેટ, તંબાકુ અને એ પ્રકારના ઉત્પાદનો પર ૪૦ ટકા જ્યારે બીડી પર ૧૮ ટકા જીએસટી લાગુ થશે.

ભારતની સૌથી ઝડપથી વિકસતી સસ્ટેનેબલ અને ટ્રાન્ઝિટ મીડિયા કંપનીમાંની એક, કેશ યોર ડ્રાઇવ માર્કેટિંગ લિમિટેડે નગર નિગમ ઋષિકેશ પાસેથી જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) પ્રોજેક્ટ હાંસલ કર્યો છે, જે સમગ્ર શહેરમાં એડવર્ટાઇઝિંગ રાઇટ્સ સહિત, દસ ઇલેક્ટ્રિક વાહન (ઇવી) ચાર્જિંગ સ્ટેશનો વિકસાવવા, ચલાવવા અને જાળવણી કરવાની કામગીરી ધરાવે છે.

કેન્દ્રીય કેબિનેટે રાહત પેકેજને મંજૂરી આપી હોવાથી વોડાફોન આઇડિયાના શેરમાં આઠેક ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો. કંપનીને રૂ. ૮૭,૬૯૫ કરોડના એજીઆરના બાકી કરજની ચૂકવણી માટે દસ વર્ષનો સમય મળશે. અદાણી પાવરના શેરમાં સાતેક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. શ્રીરામ ફાઇનાન્સ, ટાટા મોટર્સ, હ્યુન્ડાઇ ઇન્ડિયા, ઇન્ડિગો, ઇરેડો, બજાજ ઓટો, ટાટા સ્ટીલના શેરમાં પણ હલચલ જોવા મળી હતી.



મલ્ટીમીડિયા પ્રોડક્શન હાઉસ સ્ટુડિયો એલએસડી લિમિટેડ વિસ્તરણ યોજનાના ભાગરૂપે મુખ્ય પ્રવાહની ફિલ્મોના ક્ષેત્રે પ્રવેશી રહી છે. ટીવી અને ઓટીટી પ્લેટફોર્મ પર જાણીતી આ કન્ટેન્ટ ક્રિએટર કંપનીએ આગામી પંજાબી ફીચર ફિલ્મ માટે વિશ્વના પ્રથમ અને અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ કાબેલવન સાથે જોડાણ સાધ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કંપનીએ રૂ. ૧૦૫.૦૧ કરોડની કુલ આવક નોંધાવી હતી.

ગુરુવારે નવા વર્ષની રજા માટે એશિયન અને યુરોપિયન બજારો બંધ રહ્યા હતા. બુધવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા. ગુરુવારના ઇન્ટ્રાડે ટ્રેડમાં બીએસઇ ૧૦૦ ઇન્ડેક્સમાંથી લાર્સન એન્ડ ટુબ્રો, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ટીવીએસ મોટર કંપની, ટાઇટન કંપની, શ્રીરામ ફાઇનાન્સ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશનના શેર તેમના સંબંધિત સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા હતા. બીજી તરફ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ઓટો અને ઇન્ડસ ટાવર્સે તેમના સંબંધિત બાવન અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો હતો. ઇન્ટ્રાડે ટ્રેડમાં આ શેરોમાં પાંચ ટકાનો વધારો થયો હતો.

વ્યક્તિગત શેરોમાં, લાર્સન એન્ડ ટૂબ્રોએ રૂ. ૪,૧૪૬.૧૦ની રેકોર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો હતો, જે ઇન્ટ્રાડે ટ્રેડમાં બે ટકા વધ્યો હતો. આ સિવિલ કન્સ્ટ્રક્શન કંપનીના શેરના ભાવે રૂ. ૪,૧૩૯ની તેની અગાઉની ઉચ્ચતમ સ્તરને વટાવી દીધી હતી, જે તેણે ૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સ્પર્શી હતી.

નિફ્ટીમાં ટોચના વધનારાઓમાં ઇટર્નલ, એનટીપીસી, બજાજ ઓટો, શ્રીરામ ફાઇનાન્સ, વિપ્રો સામેલ હતા, જ્યારે ઘટનારા શેરોમાં આઇટીસી, બજાજ ફાઇનાન્સ, ડો. રેડ્ડીઝ લેબ્સ, ઓએનજીસી, ટાટા કન્ઝ્યુમરનો સમાવેશ હતો.

વ્યક્તિગત સ્ટોક્સમાં ટેક્સ ડીમાન્ડમાં ઘટાડો થતાં બ્લુ ડાર્ટ એક્સપ્રેસના શેરમાં ૨.૫૦ ટકાનો ઉછાળો આવ્યો, જ્યારે બીજા ક્વાર્ટરમાં નુકસાનની જાણ થતાં જિંદાલ પોલી ફિલ્મ્સના શેરમાં બે ટકાનો ઘટાડો થયો હતો. સિગારેટ પર સરકારે નવી એક્સાઇઝ ડ્યુટી લાદતાં ગોડફ્રે ફિલિપ્સના શેરમાં ૧૭ ટકાનો અને આઇટીસીના શેરમાં દસેક ટકાનો ઘટાડો થયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી ૧૩૦થી વધુ શેર તેમની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, જેમાં અશોક લેલેન્ડ, અદાણી એનર્જી, એપીએલ એપોલો, બેંક ઓફ મહારાષ્ટ્ર, ટીવીએસ મોટર, ગ્રેફાઇટ ઇન્ડિયા, શ્રીરામ ફાઇનાન્સ, આઇઆઇએફએલ ફાઇનાન્સ, એલ એન્ડ ટી ફાઇનાન્સ, ફીનિક્સ મિલ્સ, સેઇલ, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાઇટન કંપની, એચપીસીએલ, બીપીસીએલ, ઇન્ડસ ટાવર્સ વગેરેનો સમાવેશ થાય છે. સેકટરલ દોરણે, એફએમસીજી ઇન્ડેક્સને ત્રણ ટકાનો ફટકો પડ્યો હતો. નોંધવું રહ્યું કે આટિસીના શેરમાં પડેલા દસેક ટકાના કડાકા સાથે તેના માર્કેટ કેપમાંથી અંદાજે રૂ. ૫૦,૦૦૦ કરોડનું ધોવાણ થઇ ગયું હતું અને આ શેર માટે તેનો સાત વર્ષનો સૌથી ખરાબ દિવસ રહ્યો હતો. ફાર્મા ઇન્ડેક્સ ૦.૪ ટકા ઘટ્યો હતો, જ્યારે ઓટો, આઇટી, મેટલ, પાવર, ટેલિકોમ અને પીએસયુ બેંક ઇન્ડેક્સમાં ૦.૪ ટકાથી ૧.૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૩,૫૯૭.૩૮ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૭૫૯.૬૪ કરોડના શેર ખરીદ્યા હતા, એમ એક્સચેન્જ ડેટા દર્શાવે છે. બુધવારે, સેન્સેક્સ ૫૪૫.૫૨ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા વધીને ૮૫,૨૨૦.૬૦ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૯૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા વધીને ૨૬,૧૨૯.૬૦ પર બંધ થયો હતો. નોંધવું રહ્યું કે, સમગ્ર ૨૦૨૫માં, સેન્સેક્સ ૭,૦૮૧.૫૯ પોઈન્ટ અથવા નવ ટકા વધ્યો, અને નિફ્ટી ૨,૪૮૪.૮ પોઈન્ટ અથવા ૧૦.૫૦ ટકા વધ્યો છે.

# ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નરમ

મુંબઈઃ ગત કૅલેન્ડર વર્ષ ૨૦૨૫માં ડૉલર સામે રૂપિયાએ પાંચ ટકાનું ધોવાણ દાખવ્યા બાદ આજે વર્ષ ૨૦૨૬ના પહેલા સત્રમાં પણ ખાસ કરીને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી ઈક્વિટીમાં વેચવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના પગલે ડૉલરમાં આક્રમક લેવાલીનું દબાણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં વર્ષ ૨૦૨૬ના પ્રથમ સત્રમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૮૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૯૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૯૯ અને ઉપરમાં ૮૯.૯૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૯.૯૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે વિદેશી ફંડોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે તાજેતરની ક્રિસમસની રજાઓના સમયગાળાને ધ્યાનમાં લેતા આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં ડૉલર સામે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૯૮.૩૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૨ પૉઈન્ટ અને ૧૬.૯૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૫૯૭.૩૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

# સોનામાં ₹ ૨૬૬નો સુધારો, ચાંદીમાં ₹ ૧૧૭૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન ખાતે આજે નવા વર્ષ નિમિત્તે બુલિયન માર્કેટ બંધ રહી હોવાથી વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓ એકંદરે કામકાજો નિરસ રહેતાં ભાવમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૭૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનામાં ખાસ કરીને ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં રૂપિયો વધુ નવ પૈસા ઘટીને બંધ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૫થી ૨૬૬નો સુધારો આવ્યો હતો.



ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫૨૦નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪નો ઘટાડો આવ્યો હતો અને વેરારહિત ધોરણે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૭,૯૦૦ના મથાળે રહ્યા હતા અને ૯૯૫ ટચ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ અનુક્રમે ૧,૩૨,૬૧૮ તથા ૧,૩૩,૧૫૧ના મથાળે રહ્યા હતા. જોકે, ત્યાર બાદ ખાસ કરીને ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી નીકળતા ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૧૭૦ના ઘટાડા સાથે રૂ. ૨,૨૯,૨૫૦ના મથાળે રહ્યા હતા. એકંદરે આજે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હતી. તે જ પ્રમાણ સોનામાં મુખ્યત્વે ડૉલર સામે રૂપિયામાં નરમાઈ રહેતાં આયાત પડતરો વધી આવતા સત્રના અંતે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૫ના સુધારા સાથે રૂ. ૧,૩૨,૯૨૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૬૬ના સુધારા સાથે રૂ. ૧,૩૩,૪૬૧ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૫માં વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સોનાના ભાવમાં ૭૭ ટકાનો ઉછાળો આવ્યો હતો. આમ એકંદરે વર્ષ દરમિયાન સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેતાં વર્ષ ૨૦૨૫ના પહેલા નવ મહિનામાં દેશની સોનાની માગમાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જેમાં જ્વેલરી માટેની માગ ૨૬ ટકા ઘટીને ૨૭૮ ટનની સપાટીએ રહી હતી, જ્યારે રોકાણલક્ષી માગ ૧૩ ટકા વધીને ૧૮૫ના સ્તરે રહી હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતીમાં જણાવતાં ઉમેર્યું હતું કે આ સમયગાળામાં દેશમાં સોનાની કુલ માગ પૈકી રોકાણલક્ષી માગ ૪૦ ટકાના સ્તરે વિક્રમ સપાટીએ રહી હતી.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૧.૧૩ લાખ કરોડનો શુકનનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નવા વર્ષનો પ્રથમ દિવસ નિરસ રહ્યો હતો અને સેન્સેક્સમાં પીછેહઠ જોવા મળી હતી. આમ છતાં એક્સચેન્જ પર લિસ્ટેડ તમામ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં રૂ.૧.૧૩ લાખ કરોડનો શુકનનો વધારો નોંધાયો હતો. સેક્ટરલ ધોરણે ટેલિકોમ્યુનિકેશન યુટિલિટીઝ અને પાવર ઇન્ડેક્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે એફએમસીજી ઈન્ડેક્સ ૨.૯૬ ટકા ઘટ્યો હતો.



બજારનો અંડરટોન સારો રહ્યો હતો. સેન્સેક્સની ૩૦માંની ૨૧ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે નવ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૭ ટકા વધ્યો હતો, જોકે, બીએસઈ સ્મોલકેપ ૦.૦૨ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૭ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૦૪ ટકા વધ્યો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૫,૨૨૦.૬૦ના બંધથી ૩૨ પોઈન્ટ્સ (૦.૦૪ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૫,૨૫૫.૫૫ ખૂલી ઊંચામાં ૮૫,૪૫૧.૭૦ અને નીચામાં ૮૫,૧૦૧.૫૨ સુધી જઈને છેવટે ૮૫,૧૮૮.૬૦ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૫.૭૯ લાખ કરોડથી રૂ.૧.૧૩ લાખ કરોડ વધીને રૂ.૪૭૬.૯૨ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૧.૬૯ ટકા, યુટિલિટીઝ ૧.૫૧ ટકા, પાવર ૧.૧૪ ટકા, ઓટો ૦.૯૫ ટકા, રિયલ્ટી ૦.૮૪ ટકા, મેટલ ૦.૮૨ ટકા, સર્વિસીસ ૦.૬૪ ટકા, આઈટી ૦.૫૭ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૫૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૫ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૨.૯૬ ટકા, હેલ્થકેર ૦.૧૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૦૮ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૩૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૨૧૧ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૫૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૮૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એનટીપીસી ૨.૦૮ ટકા, ઈટર્નલ ૨.૦૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૪૦ ટકા, લાર્સન ૧.૩૮ ટકા, પાવર ગ્રીડ ૧.૨૩ ટકા, તાતા સ્ટીલ ૧ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૮ ટકા, ઈન્ડિગો ૦.૯૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૫ ટકા, ઈન્ફોસિસ ૦.૮૧ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૮ ટકા અને તાતા કન્સલ્ટન્સી ૦.૬૬ ટકા વધ્યા હતા, જ્યારે આઈટીસી ૯.૬૯ ટતા, બજાજ ફાઈનાન્સ ૧.૪૬ ટકા, એશિયન પેઈન્ટ ૦.૬૩ ટકા, બીઈએલ ૦.૫૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૪૨ ટકા, ટાઈટન ૦.૧૯ ટકા, બજાજ ફિનસર્વ ૦.૧૪ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૧૦ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૫૮.૧૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૨૫૩ સોદામાં ૧,૫૦૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૫,૨૯,૨૩૬ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૨,૧૪,૮૮,૧૬૭.૫૪ કરોડનું રહ્યું હતું.

# ટીન, કોપર અને બ્રાસમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે નવા વર્ષની રજાના માહોલમાં કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ વર્ષ ૨૦૨૬ના આરંભમાં ખાસ કરીને ટીન, કોપર, બ્રાસ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ભાવઘટાડાના વલણમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૩૪ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો અને વપરાશકારોની માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૪ ઘટીને રૂ. ૩૮૫૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૧૩૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૧૧૪૫ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૧૫૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૦૦ અને રૂ. ૩૧૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૨૧૦ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૪૮ અને રૂ. ૬૭૩ના મથાળે રહ્યા હતા. જોકે, ગઈકાલે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. પંચાવનનો ઘટાડો આવ્યા બાદ આજે નીચા મથાળેથી લેવાલી નીકળતાં ભાવ રૂ. ૧૨ના બાઉન્સબૅક સાથે રૂ. ૧૫૧ના મથાળે રહ્યા હતા અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૧૮૭ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગ રહેતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૫ અને રૂ. ૩૦૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખપપૂરતાં કામકાજો વચ્ચે ખાંડમાં ધીમો ઘસારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘસારો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.



એકંદરે માગ મર્યાદિત રહેતાં આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી આઠના ઘટાડા સાથે રૂ. ૩૭૭૨થી ૩૮૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૮૮૨થી ૩૯૭૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૩૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# કેજી-ડીદ વિવાદઃ સરકારની રિલાયન્સ, બીપી પાસેથી 30 અબજ ડોલરની માગણી

નવી દિલ્હીઃ સરકાર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને બીપી પાસેથી વળતર તરીકે ત્રીસ બિલિયન ડોલરથી વધુની માગણી કરી રહી છે. આ સંદર્ભે એવો આરોપ છે કે ઉપરોક્ત ભાગીદાર કંપનીઓએ ડીજી-૬ ગેસ ફિલ્ડમાં જરૂરિયાત કરતાં વધુ સવલતો ઊભી કરી છે અને ત્યારબાદ કુદરતી ગેસ ઉત્પાદન લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં તેઓ નિષ્ફળ ગયા છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, સરકારે ત્રણ સભ્યોની આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરેલી રજૂઆત દરમિયાન આ દાવો કર્યો હતો કે સાતમી નવેમ્બરના રોજ ૧૪ વર્ષ જૂના વિવાદ પર સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. ટ્રિબ્યુનલ આવતા વર્ષે કોઈક સમયે પોતાનો ચૂકાદો આપે તેવી અપેક્ષા છે. ઉપરાંત નુકસાનીને લગતા દાવાને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે તેવી શક્યતા જણ હોવાનું આ બાબતથી વાકેફ ત્રણ સૂત્રોએ જણાવ્યું હતું. સમાચાર સંસ્થા પીટીઆઇ અનુસાર રિલાયન્સ અને બીપીએ આ મુદ્દા પર તાત્કાલિક કોઈ ટિપ્પણી આપી નથી.

# રાજકોટમાં ૧૧ જાન્યુઆરીએ યોજાશે પીએમ મોદીનો રોડ શો, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું કરશે ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૧૧ જાન્યુઆરીથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ યોજાવા જઈ રહી છે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પણ ઉપસ્થિતિ રહેશે. રાજકોટમાં તેઓ રોડ શો કરશે. ૧૧ તારીખે પીએમ મોદીનો જૂના એરપોર્ટથી મારવાડી યુનિવર્સિટી સુધીનો રોડ શો યોજાશે. રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં યુક્રેન, જાપાન, રિપબ્લિક ઑફ કોરિયા જેવા અલગ અલગ દેશના પ્રતિનિધિઓ જોડાશે. ૨૨ દેશના લોકો દ્વારા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે.

આ અંગે પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સાંસદો, રેન્જ આઈજી અને વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાન વાઘાણીએ જણાવ્યું હતું કે, ૧૧ જાન્યુઆરીએ બપોરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ પધારશે અને જૂના એરપોર્ટથી તેમનું ભવ્ય સ્વાગત કરી એક શાનદાર રોડ-શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત તેમણે કહ્યું, વડા પ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે આની શરૂઆત કરી હતી. જે બાદ દેશના અન્ય રાજ્યોએ પણ શરૂઆત કરી છે. હાલ પણ ગુજરાત વિવિધ રાજ્યોને અહીં રોકાણ કરવા આમંત્રણ આપે છે. જાપાન, રિપબ્લિક ઑફ કોરિયા જેવા દેશો મોટાભાગે રાજ્યોના વાઈબ્રન્ટ સમિટમાં હાજર રહેતા હોય છે પરંતુ રિજનલ સમિટમાં આવા દેશની હાજરી તેમનો વડા પ્રધાન મોદી પ્રત્યે વિશ્વાસ દર્શાવે છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગત માટે વૈશ્વિક તકોના દ્વાર ખોલશે. આ સમિટ માટે અત્યાર સુધીમાં ૬૦૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકો અને અગ્રણીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ૨૬૪૦૦ ચોરસ મીટરમાં ટ્રેડ શો થશે. આ સમિટથી સૌરાષ્ટ્ર કચ્છના બે લાખથી વધુ ઉદ્યોગકારોને ફાયદો થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતની પ્રથમ રિજનલ વાઇબ્રન્ટ સમિટ મહેસાણામાં યોજાયા બાદ હવે રાજકોટમાં યોજાઈ રહી છે ત્યારે તેમાં ખુદ વડા પ્રધાન આવી રહ્યા હોય તેમનું ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્વાગત થશે. ■

# વર્ષ ૨૦૨૫ના અંતિમ સૂર્યાસ્તને કચ્છના સફેદ રણમાંથી નિહાળી દેશ-વિદેશના પ્રવાસીઓ થયા અભિભૂત

ભુજ: ગુજરાત સરકારના પ્રવાસન નિગમના છેલ્લા દોઢ દાયકાના પ્રયાસો રંગ લાવ્યા હોય તેમ ભાતીગળ પ્રદેશ કચ્છમાં હાલ દેશ-વિદેશના પ્રવાસીઓનો ભારે ધસારો છે. આમ પણ કચ્છને તારાજ કરનારા વર્ષ ૨૦૦૧નાં વિનાશક ભૂકંપ બાદ થયેલા નવીનીકરણ અને એક સમયના બંજર એવા ધોરડો ખાતેના સફેદ રણમાં વર્ષ ૨૦૦૩થી યોજાતા રણોત્સવના કારણે આ કચ્છ જેવા સૂકા મુલકને આંતરરાષ્ટ્રીય ખ્યાતી મળવા પામી છે અને આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા'ના સ્લોગનની અસર પણ જોવા મળી રહી છે.



અંદાજે ૪૦થી ૫૦ હજાર જેટલા પર્યટકો ૩૧મી ડિસેમ્બરના સૂર્યાસ્તને નિહાળવા અને નવા વર્ષ ૨૦૨૬ને વધાવવા માટે કચ્છના અદ્ભુત સફેદ રણના મહેમાન બનતાં આગામી ૧૪મી જાન્યુઆરી સુધી તમામ પ્રકારની રહેવા-જમવાની જગ્યાઓ 'હાઉસફુલ' થઇ ગઈ છે.

મુંબઈથી સહપરિવાર માદરે વતન કચ્છ ફરવા આવેલા એક પરિવારે જણાવ્યું હતું કે, રણોત્સવ અને તેની આસપાસ એક રૂમ પણ આસાનીથી મળતો નથી, જ્યાં મળે છે ત્યાં માત્ર એક રાત માટે આઠ હજારથી ૧૨ હજારનું ભાડું કેટલાક હૉટેલ સંચાલકો માગી રહ્યા છે. પાર્કિંગની પણ સમસ્યા થતી હોવાનું અને રોડ ટૂ હેવન પર પણ પ્રવાસીઓના વાહનોની લાંબી કતારો હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

કચ્છમાં ફરવા માટે દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓના કેન્દ્રસ્થાનમાં રહેતા ધોરડો ઉપરાંત ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં આવેલી લગભગ ૧૫૦થી વધુ હૉટેલ-ગેસ્ટહાઉસના તમામ રૂમો આગામી એક પખવાડિયા સુધી હાઉસફુલ થઈ ગયા છે, તો સ્વામિનારાયણ મંદિર તેમજ અન્ય વિવિધ સમાજ હસ્તકના બીજા ૭૦૦ જેટલા રૂમ લગભગ બુક થઈ ચૂકયા છે. સફેદ રણમાં આકાર પામેલી ટેન્ટ સિટીના ભાવો પણ આસમાનને આંબી રહ્યા છે.

કચ્છને વૈશ્વિક ફલક પર આગવી ઓળખ અપાવનારું પ્રાચીન નગર ધોળાવીરા કે પછી નયનરમ્ય માંડવી બીચ કે અન્ય તીર્થધામો હોય હાલ પ્રવાસીઓથી ઊભરાઈ રહ્યા છે.

દરમ્યાન, ભુજના સ્વામિનારાયણ મંદિર હસ્તકના વિશ્રાંતિ ભવન, નીલકંઠ ભવન, હરિકૃષ્ણ ભવન, ઘનશ્યામ ભવન, નરનારાયણ ભવનમાં આવેલા અંદાજિત ૩૦૦ જેટલા રૂમોનું બુકિંગ આગામી ૫મી જાન્યુઆરી સુધી ફૂલ થઈ ગયું છે.

આ ઉપરાંત માધાપરમાં આવેલા યક્ષ મંદિર તેમ જ અન્ય સમાજ હસ્તકના હોલમાં પણ પ્રવાસીઓની રહેવા માટેની સુવિધા ઉપલબ્ધ છે, પણ હાલમાં ત્યાં પગ મૂકવાની પણ જગ્યા મળવી મુશ્કેલ હોવાનું અતિથિગૃહનું સંચાલન સંભાળતા આશિષભાઈ ત્રવાડીએ જણાવ્યું હતું.

આજે ભુજમાં લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ થઇ ગયું હોવા છતાં વહેલી સવારથી જ પર્યટકો ભુજના જુદા જુદા વિસ્તારોમાં ઘૂમતા જોવા મળ્યા હતા અને જ્યાં કચ્છનો દરબાર ભરતો તે પ્રાગમહેલ, આઈના મહેલ, શરદબાગ પેલેસ, જૂની બજાર, રાજાશાહી કાળની ભવ્ય ઇમારતો તેમ જ દરબારગઢમાં દિવસભર પર્યટકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

દરમ્યાન, ભારતનો સૌથી છેલ્લો સૂર્યાસ્ત કચ્છના લખપત તાલુકાના મોટી ગુવર ગામે થાય છે, જયારે અરુણાચલ પ્રદેશની ડોંગ ખીણમાં સ્થિત દેવાંગ વેલીમાં સૌથી પહેલા સૂર્યોદય સવારે ૫.૫૯ કલાકે થાય છે.

૩૧મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે ૬ અને ૧૪ મિનિટે ભારતનો સૌથી છેલ્લો સૂર્યાસ્ત થયો હતો, જેને જોઈને પ્રવાસીઓ રોમાંચિત થયા હતા.

શ્વેત રણમાંથી વર્ષ ૨૦૨૫ના અંતિમ સૂર્યાસ્તને નિહાળીને જીવનભર યાદ રહી જાય એવો અદભુત અનુભવ થયો હોવાનું એક પ્રવાસીએ જણાવ્યું હતું. ■

# દિવસ-રાતના તાપમાનમાં બારથી પંદર ડિગ્રીનો તફાવતઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં બેવડી ઋતુ બરકરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અરબી સમુદ્રમાં સર્જાયેલાં સાયક્લોનિક સરક્યુલેશનની અસર હેઠળ ગુજરાતમાં મોસમ વિભાગ દ્વારા આગામી બે-ત્રણ દિવસ દરમ્યાન કમોસમી માવઠું થવાની આગાહી આપવામાં આવી છે તેવામાં રણપ્રદેશ કચ્છમાં ઠંડીના પ્રમાણમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહ્યો છે અને દિવસ અને રાત્રીના ઉષ્ણતામાનમાં લાંબા સમયથી રહેલા બારથી પંદર ડિગ્રીના તફાવતના કારણે બેવડી ઋતુ બરકરાર રહી છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે ૧૨ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન, જયારે ૨૯ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં જનજીવને ટાઢોળામાંથી થોડી રાહત અનુભવી છે.

નલિયા સિવાયના અન્ય મથકોમાં પણ ઠંડીમાં ચઢાવ-ઉતાર યથાવત્ રહેવા પામ્યો છે, જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં પવિત્ર શ્રાવણ માસની યાદ અપાવે તેવા વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુતમ ૧૫ ડિગ્રી અને મહત્તમ તાપમાનનો આંક ૩૦ ડિગ્રી સેલ્સિયસ જેટલો નોંધાયો છે. મહાબંદર કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૮ ડિગ્રી સે. પર પહોંચી જતાં કંડલા-ગાંધીધામ સંકુલમાં ભેજયુક્ત ગુલાબી ઠંડીનો અહેસાસ થઇ રહ્યો છે. વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી હવામાં ભેજનું પ્રમાણ ઘટી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી રહેતાં ગ્રામજનો ઠેર-ઠેર તાપણાં સભાઓ યોજીને ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે પડી રહ્યા છે.

હવામાન વિભાગે ત્રણ દિવસના અંતરાલ બાદ રાજ્યમાં ઠંડી વધવાની આગાહી કરી છે. ■

# ધારીના ભાડેર ગામમાં ખેતરમાં દાટેલા યુવકનો મૃતદેહ મળતા ખળભળાટ, હત્યાની આશંકાએ પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધારી તાલુકાના ભાડેર ગામમાં પોલીસે જમીનમાં દાટેલા યુવકનો મૃતદેહ કાઢ્યો હતો. યુવકની હત્યા થઈ હોવાની આશંકાએ પોલીસે મૃતદેહને ભાવનગર ખાતે ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ધારી પોલીસને માહિતી મળી હતી કે, ભાડેર ગામમાં એક યુવકની હત્યા થઇ છે અને એનો મૃતદેહ દાટી દેવામાં આવ્યો છે. આ માહિતીના આધારે ધારી એએસપી જયવીર ગઢવી સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ આજે વહેલી સવારે ભાડેર ગામમાં પહોંચ્યા હતા, જ્યાં એક વાડીમાં શંકા જતા પંચોની હાજરીમાં ખોદકામ કરતા યુવકનો મૃતદેહ મળ્યો હતો.

ધારી પોલીસે યુવકના મોતનું સાચું કારણ જાણવા માટે મૃતદેહને ભાવનગર ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો, જેનો રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચુ કારણ જાણવા મળશે. બીજી તરફ પોલીસને પરિવાર પર શંકા હોવાથી પોલીસે મૃતકના પરિવારજનો સહિત કેટલાક શંકાસ્પદોની પૂછપરછ શરૂ કરી હતી. યુવકની ઓળખવિધિ અને મોતનું રહસ્ય ઉકેલવા પોલીસે કવાયત શરૂ કરી હતી. ■

# રાજકોટના માલવિયા ચોક ખાતે રાષ્ટ્રધ્વજનું અપમાન થતું હોવાનો કૉંગ્રેસનો ગંભીર આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરના યાજ્ઞિક રોડ પર આવેલા માલવિયા ચોક પર રાષ્ટ્રધ્વજનું અપમાન થતું હોવાનો કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો. કૉંગ્રેસના આગેવાનોએ આરોપ કરતાં કહ્યું હતું કે, મનપા દ્વારા રાષ્ટ્રધ્વજનું સરેઆમ અપમાન કરવામાં આવી રહ્યું છે. માલવિયા ચોક સર્કલ ખાતે ફરકતો રાષ્ટ્રધ્વજ અત્યંત ગંદી અને જર્જરિત હાલતમાં હોવા છતાં તંત્ર દ્વારા તેને બદલવાની તસ્દી લેવામાં આવી નથી, જે 'ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨'નો સ્પષ્ટ ભંગ છે.



કૉંગ્રેસ આગેવાન ડો. મહેશ રાજપૂતે વિગતો આપતા જણાવ્યું હતું કે, અગાઉ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ જાહેર સ્થળોએ રોજેરોજ વિધિવત રીતે ધ્વજવંદન કરવામાં આવતું હતું. પરંતુ વર્તમાન તંત્રની બેદરકારીને કારણે આજે રાષ્ટ્રીય અસ્મિતા સમાન ત્રિરંગાની ગરિમા જોખમાઈ રહી છે. કૉંગ્રેસ દ્વારા માગ કરવામાં આવી હતી કે માલવિયા ચોક ખાતે તાત્કાલિક અસરથી નવો રાષ્ટ્રધ્વજ વિધિવત્ રીતે ફરકાવવામાં આવે. ■

# ઝૂમતા જામનગરઃ હેલ્થ પરમિટમાં સમગ્ર ગુજરાતને પાછળ છોડી જામનગર મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ દવાના ભાગરૂપે અમુક શરતોને આધીન અહીં હેલ્થ પરમિટ મળે છે. આ હેલ્થ પરમિટ વિવાદાસ્પદ રહેતી હોય છે ત્યારે એક આશ્ચર્ય પમાડે તેવી વાત બહાર આવી છે. હેલ્થ પરમિટધારકોમાં સૌથી પહેલા ક્રમાંકે જામનગરવાસીઓ આવે છે. આ અંગેના આંકડા જોઈએ તો અમદાવાદમાં પાંચ ટકા, સુરતમાં ૬.૯ ટકા, રાજકોટમાં ૧૨.૭ ટકા, વડોદરામાં ૧૪.૮ ટકા, ગાંધીનગરમાં ૧૩.૭૫ ટકા પરમિટધારકો છે, પરંતુ જામનગરમાં ૧૫.૯ ટકા પરમિટધારકો ૨૦૨૫માં નોંધાયા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. જોકે બીજી બાજુ એક્ટિવ હેલ્થ પરમિટધારકોની સંખ્યા ઓછી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

સામાન્ય રીતે અમદાવાદ, સુરત જેવાં શહેરોમાંથી હેલ્થ પરમિટ માટે વધારે અરજી આવતી હોવાનું આપણે માનતા હોઈએ છીએ, પરંતુ ૨૦૨૫માં જામનગરમાંથી વધારે અરજી આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે વર્ષ ૨૦૨૫માં માત્ર ૫૦૦ નવી હેલ્થ પરમિટ માટે અરજી આવી હતી, જેમાંથી લગભગ ૧૫૦ જેટલી અરજી જામનગરમાંથી આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે અરજી રિન્યૂ કરનારાઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# બગદાણા આશ્રમના સેવક ઉપર હુમલો કરનારા આઠ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બગદાણા ગામે રહેતા અને બગદાણા આશ્રમના સેવક ઉપર થયેલા હુમલાના બનાવ અંગે પોલીસે આઠ શખ્સોને ઝડપી લીધા હતા અને બગદાણાના પી.આઈ. ની બદલી કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બે દિવસ અગાઉ ભાવનગરના બગદાણા ગામે રહેતા નવનીતભાઇ બાલધિયાને મોણપર ગામ નજીક બાઈક ઊભું રખાવી બે કારમાં આવેલા આઠ જેટલા અજાણ્યા શખ્સોએ ગંભીર માર મારી, ઈજા કરી ફરાર થયા હતા. જે મામલે આજે પોલીસે મુખ્ય સૂત્રધાર નાજુ ધિંગુભાઈ કામળીયાની ધરપકડ કરી હતી. અને રાજુ દેવાયતભાઇ ભમ્મર, આતુ ઓઘડભાઇ ભમ્મર, વિરેન્દ્રસિંહ જયરાજસિંહ પરમાર, સતીષ વિજયભાઈ વનાડીયા, ભાવેશ ભગવાનભાઈ શેલાણા, પંકજ માવજીભાઈ મેર અને વિરૂ મધુભાઈ સયડાના પણ ખૂલ્યા હતા. જે મામલે પોલીસે આરોપીઓની ધરપકડ કરી નાખી હતી. જો કે, આ બનાવથી કોળી સમાજમાં ભારે રોષની લાગણી વ્યાપી હતી. ગુરુવારે રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી પીડિત નવનીતભાઈની મુલાકાતે આવ્યા હતા.

દરમિયાન બગદાણા પોલીસ મથકના મહિલા પી.આઈ. ડી.વી. ડાંગર બદલી કરવામાં આવી હતી અને તેને લીવ રિઝર્વમાં મૂકવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમજ આ બનાવવાની તપાસ ડીવી ડાંગર પાસેથી લઈ મહુવા ટાઉન પી.આઇ. પટેલને સોંપવામાં આવી હતી. ■

# ડોક્ટર પર હુમલાના વિરોધમાં રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ડોક્ટરો હડતાળ પર ઊતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જુનિયર ડોક્ટરો હડતાળ પર ઊતરી ગયા હતા, જેથી ઓપીડી તો સિનિયર ડોક્ટરોએ સંભાળી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ સિવિલ હૉસ્પિટલની નવી ઈમારતમાં આઈસીયુ વિભાગના ન્યૂરો સર્જન ડો. પાર્થ પંડ્યા હુમલો થયો હતો, પરંતુ ત્રણ દિવસથી આરોપી પકડાયો ન હોવાથી નારાજ જુનિયર ડોક્ટરો હડતાળ પર ઊતરી ગયા હતા.

જુનિયર ડોક્ટરોએ માત્ર ઈમરજન્સી સેવાઓ જ આપી હતી. ઓપીડી સિનિયર ડોક્ટરોએ સંભાળી હતી. તેમ છતાં દરદીઓએ હાલાકી ભોગવવી પડી હતી.

સિનિયર ડોક્ટરો ઓપીડીમાં રોકાતા અમુક ઑપરેશન માટે આગળની તારીખો આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભુજના માધાપરમાં નવી ગટર લાઇનના કામ દરમ્યાન ભેખડ ધસતા આધેડનું મોત, બેનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજના માધાપર ગામના નવાવાસના ઐશ્વર્યાનગરથી પટેલવાડી બાજુ જતા માર્ગ પર ચાલી રહેલા ગટર લાઇનના કામ દરમ્યાન અચાનક ભેખડ ધસી પડતા ૫૦ વર્ષીય જાદવજી વિશ્રામ ભુડિયાનું ભેખડ તળે દબાઇ જતાં મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય બે યુવકોનો ચમત્કારિક બચાવ થયો હતો.

આ દુર્ઘટના અંગે માધાપર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, ઐશ્વર્યાનગરથી પટેલવાડી તરફ જતા માર્ગ પર નવી ગટરની લાઇન બિછાવવાનું કામકાજ ચાલી રહ્યું છે. આ કામ દરમ્યાન જે.સી.બી.થી વડે ખોદવામાં આવેલી લાઈનની નીચે આવેલા પથ્થરને હેમર મશીનથી તોડવામાં આવી રહ્યો હતો એ વેળાએ ગટરની ભેખડ ધસી પડતા ત્યાંથી પસાર થઇ રહેલા જાદવજી અને અન્ય બે શ્રમિકો રેતીના ઢગલા તળે દબાઇ ગયા હતા. ઊંડાણમાં દટાયેલા જાદવજીનું ગૂંગળાઈ જવાથી મોત થયું હતું જયારે અન્ય બેનો આબાદ બચાવ થયો હતો.

દરમ્યાન, મૃતકના પરિજનોએ જાદવજીના નેત્રદાનની ઇચ્છા દર્શાવતા તેમના નેત્રનું દાન કરાયાનું માધાપર નવાવાસના પૂર્વ ઉપસરપંચ અરજણ ભુડિયાએ જણાવ્યું હતું.

વધુ એક આકસ્મિક મૃત્યુનો બનાવ નખત્રાણાના અકસ્માત ક્ષેત્ર બની ચૂકેલા વથાણ ચોક ખાતે બનવા પામ્યો હતો જેમાં નમકનું પરિવહન કરતા ડમ્પર તળે આવી ગયેલા ૩૩ વર્ષીય હીરા બુધાભાઈ રબારી નામના પશુપાલકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

નખત્રાણા પોલીસના જણાવ્યા પ્રમાણે, ગત સાંજના છ વાગ્યાના અરસામાં નાના નખત્રાણાનો હીરા રબારી વથાણ ચોકના આનંદનગર નાકા પાસેથી પસાર થઇ રહ્યો હતો એ દરમ્યાન હાજીપીરથી નમક લઈને પસાર થઇ રહેલાં ટ્રેઈલર એ યુવકને હડફેટમાં લેતાં ગંભીર ઇજાઓને પગલે પશુપાલકનું બનાવ સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. ટ્રેઇલરને સાઈડમાં ઉભું રાખીને નાસી છૂટેલા ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હતભાગી નાના નખત્રાણા મધ્યે આવેલાં પ્રસિદ્ધ મેલડી માતાજી મંદિરના ભોપા (પૂજારી)નો પુત્ર હોવાનું પી.આઈ. એ.એમ. મકવાણાએ જણાવ્યું હતું.

દરમ્યાન, ત્રણ દિવસ અગાઉ ભુજ તાલુકાના ધાણેટી ગામ પાસે ૩૫ વર્ષીય ચાવડા જેસંગ કોલી (ડુંગરાણી) (રહે.શિકરા,તા.ભચાઉ) નામના કલીનરનું ડમ્પર અડફેટે ગંભીર ઇજાના પગલે મોત નીપજ્યું હતું.

આ અંગે ગઇકાલે પદ્ધર પોલીસમાં મૃતકના પિતા જેસંગએ દાખલ કરાવેલી ફરિયાદ મુજબ તેનો પુત્ર ટ્રકના ક્લિનર તરીકે નોકરી કરતો હતો અને ગત તા. ૨૯-૧૨ના રોજ સાંજના સમયે ધાણેટી ગામ પાસે ટ્રકના કાચ સાફ કરવા ઊભો હતો ત્યારે પૂરપાટ વેગે ધસી આવેલા ડમ્પરએ પુત્રને અડફેટે લેતાં માથામાં ગંભીર ઇજાને પગલે તેનું મૃત્યુ નીપજ્યું હતું. ■

# ગાંધીધામની મહિલાએ પુણે રહેતા તેના પતિ વિરુદ્ધ ₹ ૨૫ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પંચરંગી ગાંધીધામ શહેરના ભારત નગરમાં રહેનાર એક મહિલા વકીલે તેનાં મહારાષ્ટ્રના પુણે ખાતે રહેતા પતિ વિરુદ્ધ રૂ. ૨૫,૨૧,૦૦૦ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં ચકચાર પ્રસરી હતી.

આ અંગે ભારતીબેન નારાયણદાસ બીજાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના લગ્ન પુણેના રોની ઘનશ્યામદાસ લાલજાણી સાથે લેવાયાં હતા. લગ્ન બાદ પુણેની ધી સેવા વિકાસ કો.ઓપરેટીવ લિમિટેડ બૅન્કમાં તેઓ નોકરી કરતા હતા અને તેમનો પગાર એ બૅન્કમાં જમા થતો હતો. બાદમાં ધી સેવા વિકાસ કો.ઓપરેટીવ લિમિટેડ આર.બી.આઇ. હેઠળ આવરી લેવામાં આવતાં તેમના એસ.બી.આઇ બેંકના ખાતામાં પગાર જમા થતો હતો.

આ દરમ્યાન તેનાં પતિ રોનીએ આ બૅન્ક આર.બી.આઇ. હેઠળ આવી જશે તેમ જણાવી, વિશ્વાસમાં લઇ તેમની પાસેથી ચેક લઇ લીધા હતા અને તેમના બૅન્ક ખાતામાં ફિક્સ ડિપોઝિટ કરી આપવાની વાત કરી હતી. તેમના ખાતામાંથી અલગ-અલગ તારીખોએ પતિએ તેના તથા સાસુ-સસરાના બૅન્ક ખાતામાં રૂ. ૩૨,૫૫,૦૦૦ મેળવી લીધા હતા. ઉઘરાણી કરતાં રૂ. ૭,૩૪,૩૦૦ પરત તેમના ખાતામાં જમા કરાવી નાખ્યા, પણ બાકી રૂ.૨૫,૨૧,૦૦૦ ધરાર પરત આપ્યા નહોતા. ગાંધીધામ પોલીસે પતિ વિરુદ્ધ પત્ની સાથે છેતરપિંડી, વિશ્વાસઘાત આચરવા સહિતની કલમો તળે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# સુરેન્દ્રનગર જિલ્લાના ખાણ-ખનીજ મામલે પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાપક ખનીજ ખનન અને ચોરીને કાયદેસર કરવા માટે ચોટીલાના કૉંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી હતી. તેમણે ગેરકાયદેસર ખનીજ ખનનને કાયદેસર લીઝ આપી પરવાનગી આપવાની માગ કરી હતી, જેથી સરકારને રોયલ્ટીની આવક થાય અને બેરોજગાર મજૂરોને રોજગારી મળી શકે.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા, થાન અને મૂળી પંથકમાં મોટા પાયે ખનીજ ચોરી થતી હોવાનું સામે આવ્યું છે. સાયલામાં બ્લેક ટ્રેપ, થાનમાં કાર્બોસેલ અને મૂળીમાં સિલિકોનની ખનીજ ચોરી મોટા પ્રમાણમાં થાય છે.

પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, રાજસ્થાન અને કર્ણાટક જેવાં રાજ્યોમાં ગેરકાયદે ખાણોને કાયદેસર પરવાનગી આપવામાં આવી છે. આ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં પણ લીઝને કાયદેસર કરવાથી સરકારને મોટી રોયલ્ટી આવક થશે.

તેમણે ઉમેર્યું હતું કે, ગેરકાયદે ખાણો બંધ થવાથી અંદાજે ૩૦,૦૦૦ મજૂરો બેરોજગાર બન્યા છે. આ લીઝને કાયદેસર કરવાથી તેમને આર્થિક મદદ અને રોજગારી મળી શકશે.

ચોટીલાના નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા દ્વારા ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવતા ગેરકાયદે ખાણો બંધ થઈ ગઈ છે. જોકે, કેટલાક ભૂમાફિયાઓ અને રાજકીય આગેવાનોની લોબી દ્વારા નાયબ કલેક્ટરની બદલી કરાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનું પણ ઋત્વિક મકવાણાએ જણાવ્યું હતું.

પૂર્વ ધારાસભ્યના જણાવ્યા અનુસાર, અગાઉ એક ખાડા દીઠ દોઢ લાખ રૂપિયાનો હપ્તો અપાતો હતો, જે હવે વધારીને બે લાખ રૂપિયા કરવાની પેરવી ચાલી રહી છે. તેમણે આ મામલે તંત્ર પર પણ પ્રહારો કર્યા હતા. ■